gujaratvandan.com



નાના રોલને આટલા અપાર પ્રેમથી, હું તો રાત્રે ઉંઘી જ ન શકી: તૃપ્તિ ડમરી
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન
રવિવાર, 07 જાન્યુઆરી 2024
માગશર વદ-11 , વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 35 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
સહજતા હતી,સાદગી હતી, બંદગી હતી.. આ વોટ્સએપ અને ફેસબુક નહતા ત્યારે જિંદગી એ જિંદગી હતી !!!!

## ગાંધીનગરને નવી નવેલી દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું, અમદાવાદ પણ રોશનીથી ઝગમગી ઉઠયું

### ગુજરાતના આંગણે 34 દેશોનો જમાવડો

# વાયબ્રન્ટના રંગમાં રંગાયું ગુજરાત

ગુજરાત | વંદન

કોરોના કાળમાં મુલ્તવી રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હવે નવા જોમ જુસ્સા અને નવા કલેવર સાથે યોજાવા તૈયાર છે. વાયબ્રન્ટના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ વખતે તેમાં ચાર ચાંદ સમાન વાયબ્રન્ટ પહેલા ભારતના મિત્રરાષ્ટ્ર સંયુકત આરબ અમીરાત(યુએઈ)ના પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાને અમદાવાદ નિમંત્રીને સમગ્ર દેશમાં ગુજરાતનો ડંકો વગાડ્યો છે. તેની સાથે પોતાનું હોમ સ્ટેટ તેમને કેટલુ પ્રિય છે એ પણ પૂરવાર કરવાનો પ્રયાસ કર્યો છે. આ પહેલાં અમદાવાદના આંગણે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અને અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મહેમાનગતિ માણી ગયા છે. અને હવે દુબઈના શહેનશાહ અમદાવાદની મહેમાનગતિ માણશે. યુકે, જર્મની સહિત 34 દેશ કન્ટ્રી પાર્ટનર બનશે. જેમા ઑસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, યુએઈ, ચેક ગણરાજ્ય, મિસ્ર, એસ્ટોનિયા, ફિનલૅન્ડ, જર્મની, ઈન્ડોનેશિયા, જાપાન, કેન્યા, મલેશિયા, માલ્ટા, મોરક્કો, મોઝામ્બિક, નેધરલૅન્ડ, નોર્વે, પોલૅન્ડ, રવાન્ડા, સિંગાપોર, તાન્ઝાનિયા, થાઈલૅન્ડ, યુકે, ઉરુગ્વે, ઘાના, વિયેતનામનો સમાવેશ થાય છે.

બીજી તરફ ગાંધીનગરને નવી નવેલી દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે અને સમિટ સ્થળ મહાત્મા મંદિર 34 દેશોના મોંઘેરા મહાનુભાવોને આવકારવા થનગની રહ્યું છે. આ એ જ મહાત્મા મંદિર છે કે જેનું નિર્માણ તત્કાલિન સીએમ મોદીએ જ કરાવ્યું હતું અને એ જ સ્થળે વાયબ્રન્ટ સહિત મહત્વની રાષ્ટ્રીય પરિષદો પણ મહાત્મા મંદિર ખાતે યોજાય છે.

ગાંધીનગરની સાથે અમદાવાદને પણ શણગારવામાં આવ્યું છે અને વાયબ્રન્ટમાં આવનાર મોંઘેરા વિદેશી મહાનુભાવોને મોદીના વધુ એક નજરાણાં સમાન રિવરફ્રન્ટ ખાતે પતંગોત્સવમાં પતંગો ઉડાડવાની મોજ મળશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેટલાક કેન્દ્રીય મંત્રીઓ સહિત સમગ્ર ઉચ્ચ સ્તરીય વહીવટીતંત્ર વાયબ્રન્ટને વિના અવરોધે પાર પાડવા માટે ખડે પગે તૈયાર છે અને આયોજનના તમામ કામોની ઝીણામાં ઝીણી વિગતોની, ખાસ કરીને સુરક્ષા-સલામતીની ચકાસણી કરવામાં આવી છે. ભારતને અને ખાસ કરીને વડાપ્રધાન મોદીને બદનામ કરવા ખાલિસ્તાનીઓ અને હમાસ સહિતના આતંકી સંગઠનો દ્વારા કોઈ અડપલુ કરવામાં ન આવે તે માટે કેન્દ્રની તમામ તપાસ એજન્સીઓ દ્વારા સુરક્ષા તમામ પગલા લેવામાં આવ્યાં છે.

વડાપ્રધાન મોદી નવમીથી ગુજરાતમાં છે. નવમીએ અમદાવાદમાં આરબ અમીરાતના પ્રિન્સની સાથે નમસ્તે ટ્રમ્પ જેવો ઝાકમઝોળ રોડ શો કરીને પ્રિન્સને તેમના દેશમાં ન મળ્યો હોય એવો આવકાર મળે તે માટે અભિવાદનમાં કોઈ કસર ન રહે તેવી કડક સુચના આપવામાં આવી છે.

ગુજરાત સરકાર 10મી જાન્યુઆરીથી 12મી જાન્યુઆરી 2024 દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024નું આયોજન કરી રહી છે. ગુજરાત વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. ...અનુસંધાન પેજ નં. 6 પર

## 9 જાન્યુઆરીએ ગુજરાત આવશે વડાપ્રધાન મોદી




2024ના નવા વર્ષમાં પ્રથમવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના હોમ સ્ટેટ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. 9 જાન્યુઆરીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 9 જાન્યુઆરીએ વાઈબ્રન્ટ ગુજરાત સમિટની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરતાં પહેલાં વૈશ્વિક વેપાર શોમાં હાજરી આપશે. આ પછી બીજા દિવસે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વભરમાંથી આવનારા ઉદ્યોગપતિઓ અને રોકાણકારોને સંબોધિત કરશે.

### રશિયાના 200 અધિકારી અને બિઝનેસમેન રહેશે હાજર

વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં રશિયાના 200 અધિકારી અને ઉદ્યોગપતિ હાજ રહેશે. તેની આગેવાની ત્યાંના વરિષ્ઠ મંત્રી કરશે. જે અધિકારી સમિટમાં આવી રહ્યા છે તેઓ પૂર્વ રશિયાના વિસ્તારોના ગવર્નર છે. ભારતની ગત વર્ષોમાં સુદુર-પૂર્વ રશિયામાં હાજરી વધી છે. વ્લાદિવોસ્તોક-ચેન્નઈ શિપિંગ કોરિડોર બંને દેશોના મોટા પ્રમાણમાં વેપારને પ્રોત્સાહન આપવામાં સક્ષમ બનાવી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં વિકસિત ભારત 2047 માટે ગુજરાતના રોડમેપ પર એક સત્ર અને એક MSME કોન્ક્લેવ પણ આયોજિત થશે.

### 3 દિવસમાં 1 લાખ લોકો આવશે

વાઈબ્રન્ટ સમિટમાં હાજરી આપવા માટે સમગ્ર વિશ્વમાંથી 1 લાખ પ્રતિનિધિઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગુજરાત સરકાર વતીથી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના રજિસ્ટર્ડ ડેલિગેટ માટે હોટલોની યાદી ઉપલબ્ધ કરાવાઈ છે. તેમાં સિંધુભવન રોડસ્થિત કોર્ટયાર્ડ મેરિયટ, ક્રાઉન પ્લાઝા, ફેયરફિલ્ડ મેરિયટ, ફોર્ચ્યૂન લૅન્ડમાર્ક, હયાત, નોવેટેલ, પ્રાઈડ પ્લાઝા અને રેજિસન બ્લૂ જેવી સેવન સ્ટાર હોટલનો સમાવેશ થાય છે.

### છેલ્લી સમિટ 2019માં યોજાઈ હતી

કોરોનાના કારણે ચાર વર્ષ બાદ વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. છેલ્લી સમિટ 2019માં યોજાઈ હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન તરીકે રોકાણકારોને ગુજરાતમાં લાવવાની કલ્પના કરીને આ સમિટની શરૂઆત કરી હતી. આ વખતની સમિટ માટે વિશ્વના 28 દેશો ભાગીદાર બન્યા છે અને 14 સંસ્થાઓ સહયોગી બની છે.

## ન્યૂઝ બ્રિફ

### મોટી રેલ દુર્ઘટના ટળી, બે ડબ્બા પાટા પરથી ઉતર્યા

રાજસ્થાનના કોટા જંકશન પાસે પેસેન્જર ટ્રેનના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. આ ટ્રેન જોધપુરથી ભોપાલ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. રાજસ્થાનમાં શુક્રવારે મોટી ટ્રેન દુર્ઘટના ટળી હતી. મોડી રાત્રે કોટા જંકશન પાસે પેસેન્જર ટ્રેનના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. જેના કારણે રેલવે ટ્રેક પર ટ્રેનોની અવરજવર સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી અને ઘણી ટ્રેનોને અન્ય ટ્રેક પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

### ડેવિડ વોર્નરને તેની ખોવાયેલી બેગી ગ્રીન કેપ મળી



સિડનીમાં પોતાના કરિયરની છેલ્લી ટેસ્ટ મેચ રમી રહેલા ડેવિડ વોર્નરને મોટા સમાચાર મળ્યા છે. વોર્નરે ખુલાસો કર્યો છે કે તેને તેની બેગી ગ્રીન કેપ મળી ગઈ છે. મેલબોર્ન ટેસ્ટ બાદ તેણે પોતાની કેપ ગુમાવી દીધી હતી, જેના પછી તે ખૂબ જ પરેશાન હતો. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર પાકિસ્તાન સામે ત્રીજા દિવસની રમતની શરૂઆત પહેલા ડેવિડ વોર્નરે ઈન્સ્ટાગ્રામ પર ચાહકોને જણાવ્યું હતું કે તેને બે 'બેગી ગ્રીન કેપ્સ' ફરી મળી ગઈ છે. વોર્નરે સોશિયલ મીડિયા પર આ બંને કેપ્સને શોધવા માટે ભાવનાત્મક અપીલ પણ કરી હતી. આ ઉપરાંત, ઓસ્ટ્રેલિયન પીએમએ પણ ચાહકોને વિનંતી કરી હતી કે વોર્નરની કેપ મળતા જ તેને વોર્નરને પરત કરે. આશ્ચર્યની વાત એ છે કે ડેવિડ વોર્નરને સિડનીની જ એક હોટલમાં તેની ખોવાયેલી બેગી મળી આવી હતી. તેની બેગ સિડનીની હોટલ સુધી કેવી રીતે પહોંચી તે કોઈ જાણી શક્યું નથી. ડેવિડ વોર્નરે શનિવારે ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લી વખત બેટિંગ કરી હતી. વોર્નરે તેની ટેસ્ટ કારકિર્દીની અંતિમ ઈનિંગમાં 57 રન બનાવ્યા હતા.

### દિલ્હી પોલીસે બિશ્નોઇ ગેંગના શાર્પશૂટર પ્રદીપની કરી ધરપકડ



દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે દિલ્હીના રોહિણી વિસ્તારમાંથી લોરેન્સ બિશ્નોઈ-કાલા રાણા ગેંગના શાર્પશૂટર પ્રદીપ સિંહની ધરપકડ કરી છે. સ્પેશિયલ સેલે તેની પાસેથી અત્યાધુનિક હથિયારો અને જીવતા કારતુસ પણ જપ્ત કર્યા છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




## અચાનક જ આકાશમાં તૂટી ગયો પ્લેનની બારીનો કાચ, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા

ગુજરાત | વંદન

અમેરિકન અલાસ્કા એરલાઈન્સની ફ્લાઈટ જ્યારે ટેકઓફ કરી રહી હતી ત્યારે તેની બારીનો એક ભાગ આકાશમાં તૂટીને હવામાં ઉડી ગયો હતો. આ પછી મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો અને ત્યારબાદ પ્લેનનું અમેરિકાના ઓરેગોનમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.

અમેરિકન અલાસ્કા એરલાઈન્સની ફ્લાઈટ જ્યારે ટેકઓફ કરી રહી હતી ત્યારે તેની બારીનો એક ભાગ



આકાશમાં તૂટીને હવામાં ઉડી ગયો હતો. આ પછી મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો અને ત્યારબાદ પ્લેનનું અમેરિકાના ઓરેગોનમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું.

આ દરમિયાન કોઈને ઈજા થઈ છે કે નહીં તે હજુ સ્પષ્ટ થયું નથી. જ્યારે અકસ્માત થયો ત્યારે વિમાનમાં 174 મુસાફરો અને છ ક્રૂ સવાર હતા. એરલાઈને કહ્યું કે તેઓ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે. એરલાઈને જણાવ્યું હતું કે, "આજે સાંજે પોર્ટલેન્ડ, ઓરેગોનથી ઓન્ટારિયો, કેલિફોર્નિયા જતી અલાસ્કા એરલાઈન્સ ફ્લાઈટ 1282 પર ટેકઓફ કર્યાના થોડા સમય બાદ એક ઘટના બની હતી," એરલાઈને જણાવ્યું હતું. પ્લેન 174 મહેમાનો અને 6 ક્રૂ સભ્યો સાથે પોર્ટલેન્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું.


### દૂર કહીં જબ દિન ઢલ જાયે......!!!!!



## બાંગ્લાદેશમાં ચૂંટણીઓ હિંસક બની, ટ્રેન સળગાવતાં 5નાં મોત

■ વિપક્ષે ચૂંટણીનો બહિષ્કાર કર્યો, આજે સામાન્ય ચૂંટણી માટે મતદાન

ગુજરાત | વંદન



ચૂંટણી ટાણે જ બાંગ્લાદેશમાં હિંસા ભડકી છે. રાજધાની ઢાકામાં શુક્રવારે રાત્રે બદમાશોએ એક ટ્રેનને આગ ચાંપી દીધી હતી જેમાં પાંચ લોકો મૃત્યુ પામ્યાના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે આ હિંસામાં ઘણા લોકો ઘાયલ થયાની પણ માહિતી છે. ઘટના રાત્રે 9.05 કલાકે બની હતી જેની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની 7 ગાડીઓ ઘટનાસ્થળે રવાના થઈ ગઈ હતી.

બાંગ્લાદેશમાં 7 જાન્યુઆરીએ સામાન્ય ચૂંટણી માટે મતદાન થવાનું છે. વડાપ્રધાન શેખ હસીના આ વખતે પણ દાવેદાર છે. ઘટના બાદ એક નિવેદન જારી કરીને વિદેશ મંત્રાલયે કહ્યું કે ઘટનાનો સમય સ્પષ્ટ કરે છે કે ચૂંટણીનો વિરોધ કરી રહેલા લોકો કોઈપણ રીતે લોકતાંત્રિક પ્રક્રિયાને ખલેલ પહોંચાડવા માંગે છે. દરમિયાન ઢાકા પોલીસ કમિશનર મોઈનુદ્દીને કહ્યું કે આ એવા લોકોની કાર્યવાહી છે જેઓ બાંગ્લાદેશમાં શાંતિપૂર્ણ ચૂંટણી નથી ઈચ્છતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ચૂંટણી પહેલા જાણી જોઈને હિંસા કરવામાં આવી છે જેથી અશાંતિ ફેલાઈ શકે.

સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર ટ્રેનમાં કેટલાક ભારતીય મુસાફરો પણ સવાર હતા. આ ટ્રેન પશ્ચિમી શહેર જેસોરથી ઢાકા જઈ રહી હતી. બદમાશોએ પહેલા એક કોચમાં આગ લગાવી પરંતુ ધીરે ધીરે આગ 5 કોચ સુધી ફેલાઈ ગઈ હતી. અગાઉ 19 ડિસેમ્બરે એક ટ્રેનમાં આગ લાગી હતી જેમાં 4 લોકોના મોત થયા હતા.

આ વખતે વિપક્ષે ચૂંટણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં શેખ હસીના સતત પાંચમી વખત સત્તાના દ્વારા સુધી સરળતાથી પહોંચી શકશે. શેખ હસીના 2009થી દેશના પીએમ છે. માહિતી અનુસાર બાંગ્લાદેશમાં કુલ 350 સીટો છે. જેમાં 50 ...અનુસંધાન પેજ નં. 6 પર

### દિલ્હી પોલીસ દ્વારા કોર્ટમાં માહિતી રજૂ કરાઈ

## બ્રિજભૂષણ સામે મહિલા પહલવાન સહિત અનેક મહિલાઓએ નોંધાવી છે ફરિયાદ

■ બ્રિજભૂષણના કથિત કાળા કરતૂત દિલ્હી પોલીસે કોર્ટમાં ખોલ્યા

ગુજરાત | વંદન

મહિલા પહેલવાનનાં કથિત યૌન શોષણનાં મામલામાં કુશ્તી સંઘનાં પૂર્વ અધ્યક્ષ બ્રિજભૂષણ સિંહની સામે આરોપ નક્કી કરવાનાં મામલામાં દિલ્હી પોલીસે તપાસની કામગીરી શરૂ કરી દીધી છે. કોર્ટે બ્રિજભૂષણસિંહને કોર્ટમાં હાજર રહેવાથી મુક્તિ આપી છે. દલીલ દરમિયાન દિલ્હી પોલીસે એક ફરિયાદીની ફરિયાદ વિશે કોર્ટમાં જણાવ્યું કે," ફરિયાદી પોતાના પતિની સાથે સંઘની ઓફિસ પર ગઈ હતી પણ તેના પતિને ઓફિસની બહાર જ રોકી દીધો.



ઓફિસની અંદર તે સોફા પર બેઠી હતી પણ બ્રિજભૂષણ તેની નજીક આવીને બેસી ગયો અને તેને ખોટી રીતે સ્પર્શ કરવા લાગ્યો જે બાદ તે ખુબ ગભરાઈ ગઈ હતી.."

દિલ્હી પોલીસનાં વકીલે કોર્ટને જણાવ્યું કે 15 જૂનનાં ચાર્જશીટ દાખલ થઈ હતી અને મામલામાં 44 સાક્ષીઓ સામે આવ્યાં છે જેમાંથી 6 પીડિતાઓ છે અને 22 પબ્લિક વિટનેસ છે. દિલ્હી પોલીસનાં વકીલે કહ્યું કે 21 એપ્રિલ 2023નાં એક ફરિયાદ નોંધાવવામાં ...અનુસંધાન પેજ નં. 6 પર

## વિશાખાપટ્ટનમમાં દરિયો લગભગ 100 ફૂટ પાછળ ખસી ગયો...!

ગુજરાત | વંદન

દક્ષિણ ભારતમાં વિશાખાપટ્ટનમમાં દરિયો લગભગ 100 ફૂટ પાછળ ખસી ગયો છે. હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આવું થવા પાછળનું સંભવિત કારણ શું છે. શું આ જાપાનમાં આવેલા ભૂકંપને કારણે થયું હતું કે પછી ચંદ્ર અને પૂર્ણિમા દરમિયાન હવામાનમાં ફેરફારનું પરિણામ છે, તે હજુ સુધી સમજાયું ...અનુસંધાન પેજ નં. 6 પર

### ઉત્તર કોરિયાની વારસદાર બનશે કીમની પુત્રી

## કીમ-જોંગ-ઊન પોતાની પુત્રીને વારસો સોંપે તેવી શક્યતા...



ગુજરાત | વંદન

ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે રોજ ઘર્ષણના સમાચાર મીડિયામાં આવતા હોય છે. ગમે ત્યારે બંને દેશ વચ્ચે યુદ્ધ ફાટી નીકળે તેવી પરિસ્થિતિ સર્જાઇ જતી હોય છે. વધુમાં હમણાં થોડા દિવસ પહેલા કીમ-જોંગ-ઊન ના ખરાબ સ્વાસ્થ્યને લઈને પણ સમાચાર આવ્યા હતા ,તેથી સૂત્રો દ્વારા એવી માહિતી મળી છે કે ઉત્તર કોરિયાના નેતા કીમ જોંગ ઊનની તરૂણાવસ્થામાં રહેલી પુત્રી જુ-એ કીમની વારસ બનશે. દ.કોરિયાનાં જાસૂસી તંત્રના રિપોર્ટસ ટાંકતાં જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાનાં મિડીયા જૂ-એને ઊનનાં સૌથી વધુ માન પામતાં, અને સૌથી વહાલાં સંતાન તરીકે જણાવે છે.

દક્ષિણ કોરિયાનાં જાસૂસી તંત્રે આ સાથે સાવચેતીનો સૂર ઊચ્ચારતાં તેમ પણ કહ્યું હતું કે, કદાચ જુ-એ થી પણ નાની પુત્રી પણ ઊનની વારસ બની શકે. પરંતુ વધુ શક્યતા જુ-એની છે.

જુ-એ સૌથી પહેલાં નવેમ્બર ૨૦૨૨માં જાહેરમાં કીમ-જોંગ ઊન સાથે જોવા મળી હતી. તે સમયે તે તેના પિતાની સાથે લોંગ-રેન્જ મિસાઈલનું પરીક્ષણ જોવા માટે મંચ ઉપર હતી.

વધુમાં પિતા-પુત્રીને હાથમાં હાથ રાખી પરસ્પરનાં મુખને પ્રેમથી પંપાળતા પણ જોવા મળ્યાં હતાં. જોકે કીમ-જોંગ ઊન હજી ...અનુસંધાન પેજ નં. 6 પર

## ક્રાઉડ ફંડિંગમાં કોંગ્રેસને અત્યાર સુધીમાં માત્ર 11 કરોડ રૂપિયા જ મળ્યા

■ ચૂંટણી અગાઉ ભંડોળ એકઠુ કરવાના અભિયાનમાં વ્યસ્ત કોંગ્રેસ

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી હવે નજીક આવી રહી છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી લોકસભાની ચૂંટણી પહેલા ભંડોળ એકઠુ કરવાના અભિયાનમાં જોરશોરથી લાગી ગઈ છે. પણ કોંગ્રેસ જે અપેક્ષા રાખે છે તે મુજબ તેને ફંડ મળી રહ્યું ન હોવાનું દેખાઈ રહ્યું છે. છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલા આ પ્રચારમાં કોંગ્રેસે અત્યાર સુધીમાં માત્ર 11 કરોડ રૂપિયા જ મળ્યા છે. સુત્રો અનુસાર ફંડિંગ અભિયાન મુજબમાં આવેલી આ મંદીથી કોંગ્રેસ નારાજ છે. ઓછુ ફંડ મળ્યું હોવાના કારણે હાઈકમાન્ડે પણ નારાજી વ્યક્ત કરી છે. આટલુ જ નહીં પણ નેતાઓને કોશિશ વધારવા માટે પણ કહેવામાં આવ્યું છે.

સુત્રોના જણાવ્યા મુજબ પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સિવાય પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત ટોચના કોંગ્રેસઓએ કહ્યું કે 2 અઠવાડિયામાં 11 કરોડ રૂપિયાની કમાણી ઉત્સાહજનક નથી. કાર્યકર્તાઓએ પૈસા ભેગા કરવા માટે વધુ મહેનત કરવાની જરૂર છે. સુત્રો અનુસાર વાત કરવામાં આવે તો AICC કોષાધ્યક્ષ અજય માકનને પ્રયાસમાં તેજી લાવવા માટે અને અભિયાનને વધુ તેજ બનાવવા માટે રાજ્યોનો પ્રવાસ કરીને અને રાજ્યોના એકમો સાથે વાત કરીને વધુ ભંડોળ એકત્ર કરવાનું કહેવામાં આવ્યું છે. સાથે જ કહ્યું કે પાર્ટી નેતૃત્વએ 14 જાન્યુઆરીથી શરૂ થનાર ભારત જોડો ન્યાય યાત્રા માટે અલગથી ભંડોળ એકઠું કરવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસે 2024ની લોકસભા ચૂંટણી



પહેલા સંસાધન એકત્ર કરવા માટે 18 ડિસેમ્બરે ક્રાઉડફંડિગ અભિયાન ડોનેટ ફોર દેશ શરૂ કર્યું હતું.

આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ 1.38 લાખ રૂપિયાનું દાન આપીને પાર્ટીના ઓનલાઈન ક્રાઉડફંડિંગની શરૂઆત કરી હતી. ત્યારે મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે કોંગ્રેસ પહેલીવાર દેશ માટે લોકો પાસેથી દાન માંગી રહી છે.હાલમાં જ CLP નેતાઓ, રાજ્ય મહાસચિવો, પ્રભારીઓ અને રાજ્ય એકમોના પ્રમુખની બેઠકમાં 3 કલાકથી વધુ ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન 255 બેઠકો પર પૂરી તાકાત સાથે ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું હતું. તમામને જણાવ્યું કે આ તમામ બેઠકો જીતવાને યોગ્ય છે. પાર્ટી લોકસભા ચૂંટણી માટે પોતાની પહેલી યાદી જાહેર કરી શકે છે.. પાર્ટીના આ અભ્યાસના ભાગરૂપે દરેક રાજ્ય માટે સ્ક્રીનીંગ કમિટીઓ પણ બનાવવામાં આવશે.

ખડગેએ બેઠકમાં કહ્યું કે ભારત જોડો યાત્રા દ્વારા મળેલા ફાયદાને મણિપુરથી મુંબઈ સુધી બીજી યાત્રાના માધ્યમથી વધુ એકીકૃત કરવા જોઈએ. જેને ભારત જોડો ન્યાય યાત્રા નામ આપવું જોઈએ. આ ત્યારે થયું જ્યારે રાહુલ ગાંધીએ બેઠકમાં પાર્ટીના નેતાઓનો અભિપ્રાય માંગ્યો કે શું તેઓ આ યાત્રાના ભાગરૂપે ભારત જોડો માંગે છે.જેનું આ પહેલા નામ ભારત ન્યાય યાત્રા હતું.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# વિદેશી મહેમાનોને સ્ટેચ્યૂ ઑફ યુનિટી, અડાલજની વાવ સ્થળો બતાવાશે


■ 7મીથી શરૂ થશે મહોસત્વ, વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગુજરાત | વંદન

7મીથી શરૂ થઈ રહેલા વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવને અનુલક્ષી રાજ્ય સરકારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જેની શરૂઆત પતંગ મહોત્સવથી થશે. આ વખતે રોજ સાંજે 6 કલાકે પૂરો થનારો પતંગોત્સવ 2 કલાક લંબાવીને રાત્રિના 8 કલાક સુધી રખાયો છે જ્યારે 10મીથી આરંભ થનારી વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેનારા વિદેશી મહેમાનો માટે અડધાથી માંડીને 2 દિવસની ટૂરનું આયોજન કરાયું છે, જેમાં અડાલજની વાવ, અક્ષરધામ, અમદાવાદ હેરિટેજ વૉક, ગાંધી આશ્રમ, હઠીસિંગ જૈન દેરાસર, સિદી સૈયદની જાળી, સરખેજ રોજા, કાઈટ ફેસ્ટિવલ, રિવરક્રૂઝ, સાયન્સ સિટી, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક, પાટણનું પટોળાં મ્યુઝિયમ, મોઢેરાનું સૂર્યમંદિર, નળ સરોવર, લોથલ, બાલાસિનોરનું ડાયનાસોર મ્યુઝિયમ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, વડોદરાનો લક્ષ્મી પેલેસ, પાવાગઢ, જાંબુઘોડાની મુલાકાત કરાવાશે.

ઉપરાંત વાઈબ્રન્ટ ગુજરાતના તા. 9થી 11 જાન્યુઆરી દરમિયાન ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતી કલ્ચરલ ઈવેન્ટ પણ યોજાશે. 7થી 14 જાન્યુ.દરમિયાન અમદાવાદના રિવરફ્રન્ટ અને પોળ ઉપરાંત વડોદરા, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, દ્વારકા, સુરત, રાજકોટ, ધોરડો, વડનગર, નડાબેટમાં યોજાશે. તેમાં યુકે, યુએસ, જર્મની, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ, આર્જેન્ટીના, મેક્સિકો, ઈન્ડોનેશિયા, મલેશિયા સહિત 53 દેશના પતંગબાજો ભાગ લેશે. ઉપરાંત ભારતનાં દિલ્હી, બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, રાજસ્થાન, પંજાબ સહિત 12 રાજ્યના પતંગબાજો હશે. આ સિવાય ગુજરાતના અમરેલી, આણંદ, જૂનાગઢ, ભાવનગર, વડોદરા સહિત 23 જિલ્લાના પતંગબાજો હશે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન તા. 9થી 11 સુધી રોજ રાત્રે કલ્ચરલ પ્રોગ્રામ યોજાશે. આ કલ્ચરલ પ્રોગ્રામમાં ત્રણ દિવસ દરમિયાન આશરે 478 કલાકાર ભાગ લેશે. કલ્ચરલ ઈવેન્ટ મહાત્મા મંદિરમાં એમપી થિયેટરમાં યોજાશે. જેમાં દરેક કલ્ચરલ ઈવેન્ટની શરૂઆત અલગ અલગ દિવસે ભરત નાટ્યમ્ થકી ગણેશ વંદના, દુર્ગા સ્તુતિ અને કથક નૃત્યથી ગણેશ વંદના કરીને થશે. આ સાથે ગરબાનું આયોજન પણ કરાયું છે. ગરબા સાથે ગુજરાતના આદિવાસીઓનું પ્રખ્યાત નૃત્યો પણ દર્શાવાશે. ઉપરાંત ડાંગી નૃત્ય પણ દર્શાવાશે.



## વાઇબ્રન્ટ ઇફેક્ટ

# કેપિટલ રેલવે સ્ટેશન 3 દિવસ માટે બંધ રહેશે



■ 18 ટ્રેનના પેસેન્જર અટવાય તેવી શક્યતા, સામાન્ય મુસાફર માટે ઘણું અઘરૂ થઈ પડશે

ગુજરાત | વંદન

પાટનગરમાં આગામી 10થી 12 જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ સમિટ યોજાશે. મહાત્મા મંદિરના સેમિનાર હોલમાં ત્રણ દિવસ સુધી કાર્યક્રમ યોજાશે. જેમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગર આવનાર છે. જેને લઈને ગાંધીનગર કલેક્ટર દ્વારા રોડ રસ્તાઓ બાબતે જાહેરનામુ બહાર પાડ્યુ છે. જેમાં ખ, ગ અને જ રોડ બંધ કરવામાં આવ્યા છે. પરિણામે કેપિટલ રેલવે સ્ટેશન લોક થઈ જશે અને દિવસ દરમિયાન આવન જાવન કરતી 18 ટ્રેનના હજારો મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

પોલીસની દરખાસ્તથી કલેક્ટરે જાહેરનામુ બહાર પાડી દીધું છે પણ રેલવે સ્ટેશને જવા તેમજ રેલવે સ્ટેશનથી ગાંધીનગરમાં પ્રવેશવાના કોઈ વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા નથી. જેને કારણે શહેરના નાગરિકોમાં પણ ભારે અસમંજસ છે. રેલવે સ્ટેશન મહાત્મા મંદિરની સાવ નજીક આવેલું હોવાથી અને હોટેલ લીલામાં પણ વીવીઆઈપી મૂવમેન્ટ રહેતી હોવાથી ત્યાં પ્રવેશવું સામાન્ય મુસાફર માટે ઘણું અઘરૂ થઈ પડશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વાવોલ તરફથી આવતા અંડરપાસ સામાન્ય નાગરિકો માટે બંધ જાહેર કરાયો છે. જ્યારે ખ રોડ પણ બંધ જાહેર કરાયો છે. પરિણામે રેલવે સ્ટેશન જવાનો રસ્તો પણ બંધ થઈ જશે. વાઈબ્રન્ટ સમિટમાં વીવીઆઈપી સહિતના મહેમાનો પાસ લઈને આવશે તેમના માટે રેલવે સ્ટેશન સહિત તમામ રસ્તા ખુલ્લા છે, પરંતુ જાહેર જનતા માટે 3 દિવસ ચોક્કસ રેલવે સ્ટેશન બંધ થઈ જશે, સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ બાબતની માહિતી પોલીસ પાસે પણ નથી.

ગાંધીનગર રેલવે સ્ટેશનમાં મુસાફરોને આવવા જવા માટે કોઈ વૈકલ્પિક રૂટ બનવવામાં આવ્યો નથી તે જ પ્રકારે રેલવે સ્ટેશને મુસાફરોને લાવવા લઈ જવાનું કામ કરતા રિક્ષાચાલકો અને ટેક્સી સર્વિસ માટે પણ અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. રેલવે સ્ટેશનની સવારી મળે તો તેઓ ક્યા રૂટ પરથી જઈ શકશે તેવી કોઈ સ્પષ્ટતા તંત્રએ કરી નથી. એ જ પ્રકારે જો રીક્ષા કે ટેક્સી રેલવે સ્ટેશન જઈ શકશે નહીં તો સ્ટેશને ટ્રેનમાંથી ઉતરનાર મુસાફરો માટે પણ વાહન મેળવવું મુશ્કેલ બની જશે.

ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન ઉપર રોજની 18 ટ્રેન આવન જાવન કરે છે. જેમાં સૌથી વધારે મુસાફરો હાલમાં ચાલુ કરવામાં આવેલી વંદેભારત, ઈન્ટરસીટી વડનગર વલસાડ, યોગા એક્સપ્રેસ અને સાપ્તાહીક બનાસ ટ્રેનનો મુસાફરો વધારે લાભ લઈ રહ્યા છે.

# ગુડા દ્વારા ક્વાર્ટર્સનું આગામી માસ સુધીમાં લોકાર્પણ કરાશે

■ આવાસ યોજનામાં સૌથી પહેલા ગુડાના અધિકારીઓને ક્વાર્ટર્સ મળશે

ગુજરાત | વંદન



પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તાજેતરમાં જ 2663 આવાસોની યોજના લાગુ કરીને મોટાં પ્રમાણમાં ગુડા વિસ્તારના લાભાર્થીને આગામી વર્ષ સુધીમાં ઘરનું ઘર મળવાની શક્યતા છે. લાભાર્થીને આવાસ મળે તે પહેલાં ગુડાના વર્ગ 1 અને 2ના અધિકારીઓને આગામી માસ સુધીમાં સ્ટાફ ક્વાર્ટર્સ ફાળવી દેવામાં આવશે. 29 કરોડના ખર્ચે બંગ્લોઝ અને સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, વર્ગ-1 અને 2ના અધિકારીઓ સહિત સીઈઓ અને ચેરમેન માટે પણ બંગ્લોઝનું નિર્માણ કરવામાં આવ્યું છે. માર્ચ 2024 સુધી ગુડા દ્વારા ટીપી 9માં બનાવેલ આ ક્વાર્ટ્સના નિર્માણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. પરંતુ ઝડપી કામગીરીના કારણે હાલના તબક્કે મોટાંભાગના કામ પૂરાં થયેલાં જોવાં મળ્યાં છે. બાકી રહેલાં પરચૂરણ કામો આગામી માસ પહેલાં પૂર્ણ કરી દેવાની શક્યતા છે. જેથી કરીને સ્ટાફ ક્વાર્ટસનું લોકાર્પણ નજીકના ભવિષ્યમાં જ થવાની શક્યતાં છે.

ગુડામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓને જ સ્ટાફ ક્વાર્ટસનો લાભ મળવાપાત્ર રહેશે. 29 કરોડના ખર્ચે બનાવવામાં આવતાં 2 બંગ્લોઝ અને 3 બીએચકે ટાઈપના 14 ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ગુડા દ્વારા આગામી જૂન સુધીમાં આવાસ યોજનાના લાભાર્થી માટે વાવોલની એક સ્કીમના લાભાર્થીઓ માટે આવાસ ફાળવવાની શક્યતા છે. અન્ય 3 સ્કીમ માટે વર્ષ 2025 સુધીમાં લાભાર્થીને આવાસની ફાળવણી કરાશે.

જો કે તે પહેલાં જ સ્ટાફ ક્વાર્ટર્સની કામગીરી પૂર્ણ થતી હોવાથી લાભાર્થી પહેલાં જ અધિકારીઓને ક્વાર્ટર્સ મળવાપાત્ર થશે. જરૂરીયાતમંદ વર્ગ -3 અને 4ના કર્મચારીઓ માટે ગુડા દ્વારા સ્ટાફ ક્વાર્ટર્સના નિર્માણ માટે કોઈ કાર્યવાહી હજુ સુધી હાથ ધરાઈ નથી. જેથી કરીને વર્ગ -3 અને 4ના કર્મચારીઓમાં આ બાબતે કચવાટ જોવાં મળ્યો હતો

# વિવિધ સેમિનારોમાં દારૂ પીરસવાની મંજૂરી નહીં મળે



■ હરીફાઈમાં ટકી રહેવા ગિફ્ટ સિટીમાં દારૂની મંજૂરી અપાઈ : તપન રે

ગુજરાત | વંદન

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-2024ના ભાગરૂપે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ગ્લોબલ ફિનટેક લીડરશીપ ફોરમ વિષય પર સેમિનાર યોજાશે. ગિફ્ટ સિટીમાં દારૂ પીવા અને પીરસવા પર છૂટ આપવામાં આવી છે ત્યારે વાઈબ્રન્ટ સમિટ હેઠળ ગિફ્ટ સિટીમાં યોજાનારા સેમિનારમાં દારૂ પીરસવામાં આવશે કે નહીં તે બાબતે ગિફ્ટ સિટીના એમ.ડી.તપન રેને પૂછમાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત યોજાનારા સેમિનારમાં દારૂ પીરસવામાં આવશે નહીં.


ગિફ્ટ સિટીના સેમિનાર બાબતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં દારૂનો મુદ્દો છવાયો હતો. ગિફ્ટ સિટીની એમ.ડી. તપન રેએ સ્પષ્ટતા કરી હતી કે, માત્ર વિદેશી મહેમાનોને ધ્યાનમાં રાખીને નહીં, પણ ગિફ્ટ સિટીમાં કાર્યરત કંપનીઓમાં કામ કરતા હૈદારબાદ, બેંગલુરુ સહિતના દેશના વિવિધ રાજ્યોના કર્મચારીઓની ઈવનિંગ લાઈફને ધ્યાનમાં રાખીને પણ છૂટ આપવામાં આવી છે.

તેમણે કહ્યું હતુ કે, સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક હરીફાઈ છે ત્યારે આપણે પણ તેમાં પાછળ ન રહી જઈએ તેટલા માટે છૂટ અનિવાર્ય હતી. ગિફ્ટ સિટીમાં વેપાર-ધંધા માટે દારૂની છૂટ નથી તેવું કારણ કોઈ ઉદ્યોગકારને મળે નહીં તેટલા માટે મર્યાદિત છૂટ આપવામાં આવી છે. ગિફ્ટ સીટીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી અનેક ફિનટેક કંપનીઓ અને ફાયનાન્સિયલ કંપનીઓ છે. આથી પૂરતી તકેદારી રાખીને દારૂની મંજૂરી આપવામાં આવશે.

# ગાંધીનગરનાં અડાલજની ઘટના ; 20 લાખની લેતીદેતીમાં ફાયરીંગ

■ મહેસાણાનાં સટોડિયાએ કરેલા ફાયરીંગથી બિલ્ડરના પગમાં ગોળી વાગી

ગુજરાત | વંદન




ગાંધીનગરના અડાલજ ત્રીમંદિર હાઈવે રોડ ઉપર 20 લાખની લેતીદેતીની મિટિંગ માટે એકઠા થયેલા મહેસાણાનાં શખ્શો વચ્ચે ડખો પડ્યો હતો. જેનાં કારણે મહેસાણાના સટોડિયાએ બંદૂક કાઢીને ફાયરીંગ કર્યું હતું. આ ફાયરીંગમાં એક યુવકના પગમાં ગોળી વાગી હતી. આ અંગે અડાલજ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં રણાસણની હોટલમાં નજીવી બાબતે અમદાવાદનાં હિસ્ટ્રીશીટરે ગેંગ સાથે મળીને પિસ્તોલની અણીએ યુવાન ઉપર ઘાતક હથિયારો સાથે હૂમલો કર્યાની ઘટનાનાં પડઘમ શાંત પડ્યા નથી. એવામાં ગઈકાલે રાતે અડાલજ ત્રીમંદિર મહેસાણા હાઈવે રોડ પૈસાની લેતીદેતીમાં ફાયરીંગ કરી હત્યાના પ્રયાસનો ગુનો અડાલજ પોલીસ મથકના ચોપડે નોંધવામાં આવ્યો છે.

મહેસાણા જિલ્લાના ફુલેતરા ગામનો બિલ્ડર ઈશ્વર ઉર્ફે પીન્ટુ મોહનભાઈ રબારી કલોલ મુકામે પીયજ રોડ ખાતે કૃષ્ણકુંજ રો-હાઉસની રહેણાંક મકાન બનાવવાની સાઈટ ચલાવે છે. ગઈકાલે સાંજે ઈશ્વર કલોલ સિંદબાદ હોટલ ખાતે હાજર હતો. એ વખતે તેના મિત્ર સંજય હેમરાજભાઈ રબારી (રહે-મેરડા ગામ, રબારીવાસ, તા.કડી) મળવા માટે ગયો હતો. ત્યારે બંનેનો કોમન મિત્ર ફેનીસ અનીલભાઈ પટેલ (રહે- ચંદનપુરા તા કડી) અને સંજય વચ્ચે ફોન ઉપર પૈસાની લેતીદેતી બાબતે બોલાચાલી થઈ હતી.

બાદમાં ફેનીસના કહેવાથી સંજય - પીન્ટુ પૈસા લેવા માટે ક્રેટા ગાડી લઈને અડાલજ ત્રિમંદીર તેમજ પ્રભા હનુમાન મંદીરની વચ્ચે આવેલ ફુટપાથની બાજુમાં રોડ ઉપર આવ્યા હતા. જ્યાં ફેનીસ તેણી ક્રેટા ગાડી લઈને અગાઉથી ઊભો હતો. જેની સાથે હાર્દિક અને વિજય નામના શખ્સો પણ હતા. બાદમાં પૈસા બાબતે વાતચીત શરૂ થતાં ફેનીસે કહેલ કે, મારી પાસે હાલમાં પૈસા નથી તારાથી થાય તે કરી લે. જેનાં કારણે મામલો બીચકયો હતો. અને સંજય - ફેનીસ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ હતી. એ વેળાએ ફેનીસનો એક મિત્ર ગભરાઈને ભાગી ગયો હતો.

બંને વચ્ચે ઝગડો ઉગ્ર બનતા પીન્ટુ તેઓને સમજાવી રહ્યો હતો. તે વખતે ફેનીસે ગાડીમાંથી બંદૂક અને સંજયે ધોકો કાઢ્યો હતો. હજી પીન્ટુ કઈ સમજે એ પહેલા જ ફેનીસે ફાયરીંગ કરી દીધું હતું. અને ગોળી સીધી પીન્ટુનાં પગમાં વાગતાં તે નીચે ફસડાઈને બેસી ગયો હતો. આ દરમિયાન સંજય લાકડી લઈને ફેનીસ અને તેના મિત્રને ફરી વળ્યો હતો. આ તરફ પગમાંથી લોહી વહી રહ્યું હોવાથી પીન્ટુએ દવાખાને લઈ જવાની બુમાબુમ કરી હતી. એટલે સંજય તેને ગાડીમાં બેસાડી કે ડી હોસ્પિટલ લઈ ગયો હતો.

# રાજ્યમાં 364 સહિત દેશમાં 5000 સ્થાનો પર સંમેલનને સંબોધશે મોદી

■ 24મીએ યુવા ભાજપનું નવા મતદાર જોડો અભિયાન યોજાશે

ગુજરાત | વંદન

આગામી લોકસભા ચુંટણી માટે ભાજપની



તૈયારીમાં હવે યુવા મોરચો પણ જોડાયો છે અને ગાંધીનગરમાં 'કમલમ' ખાતે ભાજપ યુવા મોરચાની બેઠકમાં યુવા-મતદાર જોડો અભિયાન છેડવા અને રાજયમાં 364 સ્થાનો પર યુવા સંમેલન યોજવા નિર્ણય લેવાયો છે.

ગુજરાત યુવા ભાજપના પ્રમુખ પ્રશાંત કોરાટે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે રાજયમાં મતદાર યાદી અપડેટ થયા બાદ જે નવા મતદારો ઉમેરાયા છે તેનો સંપર્ક કરી ભાજપ સાથે તેઓ જોડવાનું ખાસ અભિયાન છેડાશે અને તેઓએ યુવા મોરચા દ્વારા પ્રદેશ પ્રભારી હિમાંશુ શર્મા અને યુવા મોરચાના પ્રભારી મનીષકુમારસિંહ માર્ગદર્શન આપશે.

નવા મતદાર જોડો અભિયાનના ભાગરૂપે દેશભરમાં યુવા ભાજપ દ્વારા તા.24ના રોજ એક જ સમયે સંમેલન યોજાશે જેમાં ગુજરાતમાં દરેક વિધાનસભા બેઠક દીઠ બે એમ 364 સંમેલન યોજાશે જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત મંત્રીઓ પક્ષના પદાધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો તેમના મતક્ષેત્રમાં હાજર રહેશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સંમેલનને દિલ્હીથી વર્ચ્યુઅલ સંબોધશે. તા.24ના રોજ રાજયભરમાં એક જ સમયે આ સંમેલન યોજવાની તૈયારીઓ શરૂ થઈ છે તે યુવા મોરચાના અગ્રણીઓના પ્રવાસ શરૂ થયા છે.

# એક તરફ ઈડી પાછળ, બીજી તરફ કેજરીવાલ આજે ગુજરાતમાં આવશે

ગુજરાત | વંદન

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના



રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાત અને આઠ જાન્યુઆરીના રોજ ગુજરાતનો પ્રવાસ કરશે. આ દરમિયાન તેઓ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં નેત્રંગ ખાતે એક વિશાળ જનસભામાં હાજરી આપશે. જોકે બીજી તરફ ઈડી દ્વારા કેજરીવાલ ને હજાર થવા સમન્સ મોકલવામાં આવી રહ્યા છે,અને ગમે ત્યારે તેમની ધરપકડ થઈ શકે છે. ચૈતરભાઈ વસાવા અને તેમના પત્ની વિરુદ્ધ ખોટા કેસો કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે અને ભાજપ દ્વારા ફક્ત ચૈતરભાઈ વસાવાનું જ નહીં પરંતુ સમગ્ર આદિવાસી સમાજનું અપમાન કરવામાં આવ્યું છે. માટે અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન નેત્રંગ ખાતે સભા કર્યા બાદ ચૈત્ર વસાવાની જેલમાં મુલાકાત લેવા માટે પણ જશે. સાથે સાથે અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ સાથે લોકસભા ચૂંટણી મુદ્દે મહત્વપૂર્ણ બેઠક પણ કરશે અને મજબૂત રણનીતિ બનાવશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, કેજરીવાલ હાલ ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે અને તેઓને ફરી સમન્સ મોકલવાની તૈયારીમાં છે તે સમયે ગુજરાતમાં આદીવાસી ક્ષેત્રમાં 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવાની ફોજદારી કેસમાં ધરપકડ સામે હવે તેઓએ તેમનું વળતું આક્રમણ ગુજરાત સુધી લઈ જવા નિર્ણય લીધો તે સૂચક છે.

# RTOના 35થી વધુ એજન્ટોના દબાણ ગ-રોડ પરથી દૂર કરાયાં

ગુજરાત | વંદન

ગાંધીનગર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં ટ્રાફિકનું સંચાલન કરવા અને સમિટમાં આવનાર દેશ-વિદેશના મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને લઈને તંત્ર દ્વારા તાજેતરમાં જ ગ રોડ પર પણ જાહેર જનતાના પરિવહનનો માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ત્યારે ગ રોડ પર આવેલી આરટીઓ કચેરી ખાતે કામ અર્થે રોજના હજારો અરજદારો આવતાં હોય છે. આ ઉપરાંત આરટીઓ કચેરીની બહાર એજન્ટ તરીકે કામ કરતાં એજન્ટો પર પણ તવાઈ બોલાવવામાં આવી છે. નો પાર્કિંગ ઝોન જાહેર કરાયાં બાદ ગ રોડ પર એજન્ટો દ્વારા મૂકવામાં આવેલાં ટેબલ-ખુરશીના દબાણને દૂર કરવા માટે એક સપ્તાહ પહેલાં જ મહાનગરપાલિકા કામે લાગી ગયું હતું. 35 જેટલાં એજન્ટોના ટેબલ ખુરશી ભરીને મહાપાલિકા હસ્તક કરી દેવામાં આવ્યાં હતાં. 200 જેટલાં એજન્ટોને વાયબ્રન્ટ સમિટ પૂર્ણ ના થાય ત્યાં સુધી ગ રોડ પર કામગીરી ન કરવાના પણ આદેશ ફરમાવવામાં આવ્યાં છે.

# કચ્છને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં સમગ્ર દેશ અને રાજયમાં મોડેલ જિલ્લો બનાવો : રાજયપાલ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કચ્છ જિલ્લાને દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર કરી આજે વિશ્વભરમાં નવી ઓળખ આપી છે, ત્યારે પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં પણ કચ્છ જિલ્લો આદર્શ બને, સમગ્ર રાજય અને દેશને પ્રેરણા પુરી પાડનારો મોડેલ જિલ્લો બને. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે ભુજ કલેકટર કચેરી ખાતે યોજાયેલી પ્રાકૃતિક કૃષિ અંગેની સમીક્ષા બેઠકમાં કહ્યું હતું કે, કચ્છમાં ખેતીના એવા મોડેલ ઉભા કરો કે, સમગ્ર દેશ અને રાજયના ખેડૂતો, જાણકારો તથા વિશેષજ્ઞો અહીં પ્રાકૃતિક ખેતીની તાલીમ લેવા અને શીખવા માટે આવે. રાજયપાલ આચાર્ય દેવવ્રતએ કલેકટર કચેરી ખાતે પ્રાકૃતિક ખેતીની સમીક્ષા બેઠકમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે સંલગ્ન આત્મા તથા કૃષિ વિભાગના અધિકારીઓ, કૃષિ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કચ્છ જિલ્લાના પ્રગતિશીલ કિસાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, તેમણે કચ્છના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે માટે વધુ સઘન તાલીમ અને ઉપયોગી તમામ માર્ગદર્શન આપવું જોઈએ. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી કરતા કિસાનોના ઉત્પાદનોના વેચાણ માટે કચ્છમાં જિલ્લા કક્ષાએ અને દરેક તાલુકા કક્ષાએ સપ્તાહમાં બે દિવસ વેંચાણકેન્દ્ર શરૂ કરવા પણ જણાવ્યું હતું.

# વડાપ્રધાન મોદી UAEના વડાની સાથે પાટણની મુલાકાત લેશે



■ વાઈબ્રન્ટ સમીટના પ્રવાસ વખતે રાણી કી વાવ પણ જશે

ગુજરાત | વંદન

રાજ્યમાં આગામી 10 જાન્યુઆરીથી 12 જાન્યુઆરી 2024 સુધી ગાંધીનગરમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાવાની છે. એ પહેલા પીએમ મોદી ગુજરાત આવવાના છે. આ દરમિયાન તેઓ UAEના પ્રમુખ સાથે પાટણની પણ મુલાકાત લે તેવી શક્યતા છે જેને લઈને પાટણમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

આગામી 10 થી 12 જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાવાની છે જેને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે 9 જાન્યુઆરીએ પીએમ મોદી પણ ગુજરાતની મુલાકાતે આવશે અને અમદાવાદમાં રોડ શો કરવાના છે આ દરમિયાન પીએમ મોદીની સાથે UAEના પ્રેસિડેન્ટ પણ રોડ શોમાં ઉપસ્થિત રહેશે.

અમદાવાદ બાદ પીએમ મોદી અને યુએઈના પ્રેસિડેન્ટ પાટણની મુલાકાત લઈ શકે છે. જેને લઈને હાલ પાટણમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તંત્ર દ્વારા રોડ રસ્તાથી લઈને રંગરોગાન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવાઈ છે.

પીએમ મોદી અને યુએઈના પ્રમુખ પાટણની મુલાકાત દરમિયાન વર્લ્ડ હેરિટેજમાં જેને સ્થાન મળ્યુ છે તે ઐતિહાસિક રાણી કી વાવની પણ મુલાકાત લઈ શકે છે. આ મુલાકાતની અટકળોને જોતા પાટણમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

હેલિપેડ સહિત રોડ પરના સ્પીડ બ્રેકર હટાવવાની કામગીરી ચાલી રહી છે. પીએમ મોદી અને યુએઈના પ્રેસિડેન્ટની મુલાકાતને પગલે ટટઈડની મુલાકાતના પ્રોટોકોલ મુજબ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

# પાટનગરમાં 6 હજાર ભયજનક આવાસો ખંડેર હાલતમાં

■ દબાણ થતું અટકાવવા તંત્ર ફેન્સિંગ કરશે

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં કર્મચારીઓ માટે 5 દશક પહેલાં હજારોની સંખ્યામાં વિવિધ કેટેગરીના આવાસોનું નિર્માણ કરાયું હતું. સમય જતાં આ આવાસોની ક્ષમતામાં ઘટાડો નોંધાતા તંત્ર દ્વારા સર્વે કરીને ભયજનક આવાસની કેટેગરીમાં શહેરના 6 હજાર જેટલાં આવાસોને સમાવવામાં આવ્યાં છે. ભયજનક આવાસો અસમાજીક પ્રવૃતિનો કરનારાઓ માટે અડ્ડો બની રહ્યો છે. જેના કારણે તંત્રને પણ આ પ્રકારની પ્રવૃતિ અટકાવવા માટે નજીકના રહેવાસીઓ દ્વારા વારંવાર ફરિયાદો મળતી હોય છે.

જેથી કરીને તંત્રે ગેરકાયદે ભોગવટો અને અસમાજીક પ્રવૃત્તિ અટકાવવા માટે ભયજનક આવાસને ફરતે ફ્રેન્સીંગની કામગીરી હાથ ધરશે. જેના માટે એજન્સી રોકવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

આવાસોને ભયજનક કેટેગરીમાં મૂકયા બાદ તબક્કાવાર રહેવાસીઓને નોટિસ આપીને ખાલી કરાવવામાં આવતાં હોય છે, ત્યારબાદ તેના રિનોવેશન કે પછી જમીનદોસ્ત કરી દેવાની મંજૂરી સંબધીત પ્રક્રિયામાં લાંબાગાળાની હોવાથી બંધ પડેલ આવાસના તાળાં તૂટવાં અને ઈલેક્ટ્રિકલ સામાનની ચોરી થવાના કિસ્સા જોવા મળ્યાં છે. ગેરકાયદે ભોગવટો કરીને રહેતાં લોકોના જીવનું પણ જોખમ હોવાને કારણે તંત્રે ના છૂટકે આ કામગીરી કરવી પડી રહી છે. અગાઉ પણ તંત્રે ફ્રેન્સિંગ કરીને ગેરકાયદે પ્રવેશ અટકાવવા માટેનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ફ્રેન્સીંગ તોડીને અસમાજીક તત્વો દ્વારા પ્રવેશ મેળવી લેવામાં આવતો હોવાના પ્રશ્નો પણ ઉદ્દભવતાં જોવાં મળ્યાં છે.

### વિવિધ 14 યુનિવર્સિટીઓમાં આ પોર્ટલ દ્વારા પ્રવેશ મળી શકશે

# ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ લોંચ, એક જ વખત ભરવી પડશે નોંધણી ફી

ગુજરાત | વંદન

રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આજે કૉલેજમાં એડમિશન પ્રક્રિયા માટે દેશનું પ્રથમ કોમન પોર્ટલ GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ) લોન્ચ કરાયુ હતું.



મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં NEP-2020 (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ) લાગુ કરવામાં આવી છે. જેની વિવિધ જોગવાઈઓના પગલે તૈયાર કરાયેલ આ સોફ્ટવેર અંતર્ગત એક જ છત્ર હેઠળ આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, રૂરલ સ્ટડીઝ અને અન્ય તમામ વિદ્યાશાખાઓને સાંકળી લઈને એડ્મિશનની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. જેને પગલે હવેથી રાજ્યની ૧૪ યુનિવર્સિટીઓ સંલગ્ન સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર ૨,૩૪૩ જેટલી કૉલેજના ૭.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ એડમીશન માટે એક જ પોર્ટલ ઉપર અરજી કરી શકશે. પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન ફી માત્ર રૂ.૩૦૦ એક જ વખત ઓનલાઈન ભરવાની રહેશે.

તેમણે આ ક્ષણે દ્રઢતાપૂર્વક કહ્યું કે, વર્ષ -૨૦૩૦ સુધીમાં NEP-2020 ની તમામ જોગવાઈઓનું ગુજરાતમાં સંપૂર્ણપણે પાલન થઈ જશે. હાલ પણ રાજ્યમાં NEP-2020 ના પગલે જ ન્યુ એજ ટેકનોલોજી, A.I., મશીન લર્નિંગ, રોબોટિક્સ જેવા સમયની માંગ આધારીત કોર્ષ પર રાજ્યમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. ટેકનીકલ કોર્ષ ઉપરાંત નોન-પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પણ વિદ્યાર્થીઓને સ્કીલ આધારીત શિક્ષણ ઉપબલ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

અલગ અલગ જગ્યાએ જઈને લાંબી મુસાફરી, લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળે છે. અલગ અલગ સંસ્થાઓમાં જે પ્રવેશ ફી ભરવી પડે છે તેમાંથી પણ મુક્તિ મળે છે. GCAS પૉર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એ બે ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેને કારણે માહિતી સરળતાથી મેળવી શકાય અને તમામ વિદ્યાર્થી સરળતાથી ઍપ્લિકેશન કરી શકશે.

**GCAS પૉર્ટલની વિશેષતાઓ**

- સરળતાથી ડૉક્યૂમેન્ટ્સ અપલોડ કરી શકાય છે.
- અનેક વિષયો પસંદ કરી શકાય છે.
- જે તે સંસ્થા કે યુનિવર્સિટી દ્વારા જે પ્રવેશપ્રક્રિયાની યાદી તૈયાર થાય છે તેનાં નોટિફિકેશન્સ સરળતાથી રજિસ્ટર થયેલા મોબાઈલ ફોન અને ઈ-મેઈલ થકી પ્રાપ્ત થાય છે.
- તમામ યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન પછીથી એડ્મિશનની પ્રક્રિયાની સ્વાયત્તતા રહેશે.
- માત્ર એક જ વખત પ્રવેશ ફ્રી ભરીને લાંબી, થકવી નાખનારી, ખર્ચાળ પ્રક્રિયામાંથી મુક્તિ મેળવીને ઍડ્મિશનની પ્રક્રિયા સરળ કરનારા આ પૉર્ટલ થકી વિદ્યાર્થીને અને વાલીને ખૂબ જ સહાય મળશે.
- કઇ ૧૪ યુનિવર્સિટીઓમાં આ પૉર્ટલ લાગુ પડશે ?

ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન - IITE, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ્રી ગુરૂ ગોવિંદ યુનવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ભક્ત કવિ નરસિંહ મહેતા જુનાગઢ યુનિવર્સિટી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી , ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.


### અત્યાર સુધીની વાઇબ્રન્ટ ગુજરાતની અલગ અલગ છે થીમ...

# 2003થી 2024: આ છે 20 વર્ષની વાયબ્રન્ટ ગુજરાતની સફર....

ગુજરાત | વંદન

2003થી રોકાણ યોગ્ય વાતાવરણ ઊભું કરવાથી લઈને 2023માં વાયબ્રન્ટ સમિટને લઈને ઉત્સાહ અને આશાવાદ બરકરાર રાખવાની આખી પ્રક્રિયા રસપ્રદ અને રોમાંચક છે. ત્યારે વર્ષ 2024ની શરૂઆત સાથે જ સફળતાની વધુ એક ગાથા લખવા ગુજરાત સજ્જ છે. વર્તમાન સરકાર આ ગ્લોબલ સમિટના 20 વર્ષના બેન્ચમાર્કને વધુ મજબૂત બનાવવા પ્રયત્નશીલ છે.

વિશ્વના નક્શામાં ગુજરાતને સ્થાન આપનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. વર્ષ 2003થી 2024 સુધી સફર અવિરત છે અને નવા આશાવાદ, નવા પરિમાણો અને વૈશ્વિક ભાગીદારીને વિકાસની પરાકાષ્ઠાએ પહોંચાડવાના ધ્યેય સાથે વર્ષ 2024નું વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું મંચ સુસજ્જ થશે.




વર્ષ 2003 ગુજરાતને રોકાણ ક્ષેત્રે પુન સ્થાપિત કરવાના ઉદેશ સાથે તત્કાલ મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી હતી. જે 2024માં ગેટ ટુ ધ ફ્યુચર બન્યું છે. ત્યારે એક નજર કરીએ અત્યાર સુધીની વાઈબ્રન્ટ ગુજરાતની અલગ અલગ થીમ કેવી હતી.

**વાયબ્રન્ટ ગુજરાતની 20 વર્ષની સફર....**

- વર્ષ 2003 – ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન સ્થાપિત કરવું
- વર્ષ 2005 – ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન સ્થાપિત કરવું
- વર્ષ 2007 – મૂડીરોકાણ માટે ગુજરાત શ્રેષ્ઠ થીમ
- વર્ષ 2009 – બહારથી રોકાણ વધારવાનો ધ્યેય
- વર્ષ 2011 – ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન તરીકે બતાવવાની થીમ
- વર્ષ 2013 – ગુજરાતને ગ્લોબલ બિઝનેસ હબ તરીકે પ્રમોટ કરાયું
- વર્ષ 2015 – ગ્લોબલ એમ્બિશનનું સ્પ્રીંગ બોર્ડ થીમ
- વર્ષ 2017 – વિશ્વ માટે ગુજરાત ભારતના પ્રવેશદ્વાર તરીકે પ્રમોટ કરાયું
- વર્ષ 2019 – ન્યૂ ઈન્ડિયાના શેપિંગ થીમ પર સમિટ
- વર્ષ 2024 – ગેટ ટુ ધ ફ્યુચર (ભવિષ્યનું પ્રવેશદ્વાર)

# આગામી સપ્તાહે ભર શિયાળે રાજ્યમાં માવઠાની શકયતા

### હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી

ગુજરાત | વંદન

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગામી 8 થી 10 જાન્યુઆરી દરમિયાન કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આમ આગાહી સપ્તાહે વરસાદ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસી શકે છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં પણ કમોસમી વરસાદને લઈ આગાહી કરવામાં આવી છે

ફરી એકવાર ગુજરાતમાં કમોસમી વરસાદ વરસવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આ અંગેની આગાહી વ્યક્ત કરી છે. જાન્યુઆરીના 8 થી 10મી તારીખની વચ્ચે કમોસમી વરસાદ વરસવાની સંભાવનાઓ રહેલી છે.



અંબાલાલની આગાહી મુજબ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.


જ્યારે ઉત્તર ગુજરાતમાં પણ કમોસમી વરસાદ વરસવાની સંભાવના છે. જેમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદ વરસવાની સંભાવનાઓ છે. આમ નવા વર્ષની શરુઆતે જ રાજ્યના ખેડૂતોને માટે ચિંતાની આગાહી થઈ છે.

### બાગ-બગીચામાં બરફની સફેદ ચાદર જોવા મળી

# માઉન્ટ આબુમાં -3 ડિગ્રી તાપમાન નોંધાયું, પ્રવાસીઓ ઠુંઠવાયા

ગુજરાત | વંદન

બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા માઉન્ટ આબુમાં છેલ્લા છ દિવસથી લઘુતમ તાપમાન શૂન્ય ડિગ્રી કે તેથી નીચું નોંધાઈ રહ્યું હતું ત્યારે શુક્રવારે તાપમાન માઈનસ ત્રણ ડિગ્રી નોંધાતાં સર્વત્ર બરફની સફેદ ચાદર જોવા મળી હતી. કડકડતી ઠંડીને કારણે પર્યટકો ઠંડીથી ઠુંઠવાઈ જતાં ગરમ વસ્ત્રો તેમજ તાપણાંનો સહારો લઈ રહ્યા છે.બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલા રાજસ્થાનના એક માત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં છેલ્લા છ દિવસથી જીરો કે તેથી નીચું લઘુતમ તાપમાન નોંધાઈ રહ્યું છે. આ વખતે માઉન્ટ



આબુમાં ડિસેમ્બરના અંત સુધીમાં તાપમાન સામાન્યથી ઓછું રહેતું હતું ત્યારે ૩૧મી ડિસેમ્બરે પારો શૂન્ય ડિગ્રીએ પહોંચ્યો હતો. તે પછી અહીં સતત ઠંડી પડી રહી હતી ત્યારે સિઝનમાં પ્રથમ વાર શુક્રવારે લઘુતમ તાપમાનનો પારો માઈનસ ત્રણ ડિગ્રીએ પહોંચતાં ખુલ્લામાં પાર્ક કરેલા વાહનો તેમજ બાગ-બગીચામાં બરફની સફેદ ચાદર પથરાયેલી જોવા મળી રહી છે. માઉન્ટ આબુની નજીક બનાસકાંઠા જિલ્લો આવતો હોવાથી તેની અસર જિલ્લામાં પણ થઈ રહી છે અને અહીંના લોકો પણ કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

# કેજરીવાલની મુલાકાત પહેલા AAPના 100 સમર્થક ભાજપમાં જોડાયા

ગુજરાત | વંદન

7મી જાન્યુઆરીએ આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી ગુજરાત પ્રવાસે આવવાના છે. જો કે ગુજરાત મુલાકાત પહેલા જ આમ આદમી પાર્ટીને મોટો આંચકો મળ્યો છે. બીલીમોરા આમ આદમી પાર્ટીના 100 જેટલા સમર્થકો ભાજપમાં જોડાયા છે.

લોકસભાની ચૂંટણી હવે નજીકમાં છે. તમામ રાજકીય પક્ષો હવે પ્રચાર પ્રસારના કામે લાગી ગયા છે. આજે આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી ગુજરાત પ્રવાસે આવવાના છે. જો કે ગુજરાત મુલાકાત પહેલા જ આમ આદમી પાર્ટીને મોટો ઝટકો મળ્યો છે.



બીલીમોરા આમ આદમી પાર્ટીના 100 જેટલા સમર્થકો ભાજપમાં જોડાયા છે. લોકસભા ચૂંટણી પહેલા જોડ-તોડની નીતિ શરુ થઈ ગઈ છે, ત્યારે આમ આદમી પાર્ટીને મોટો ઝટકો મળ્યો છે. નવસારીમાં લોકસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીમાં ભંગાણ પડ્યુ છે. બીલીમોરા આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ સીતારામ પ્રજાપતિ સહિત 100 સમર્થકો ભાજપમાં જોડાયા છે. ભાજપના ધારાસભ્ય નરેશ પટેલ, જિલ્લા પ્રમુખ ભુરાલાલ શાહ અને શહેર પ્રમુખ વિજય પટેલની ઉપસ્થિતિમાં આ તમામે ભગવો ધારણ કર્યો છે.

# AMC ટેક્ષ વિભાગે નવી 32 હજાર મિલકતોની આકારણી શરૂ કરી

### પ્રોપર્ટી, પ્રોફેશનલ ટેક્સના કરદાતાઓને શોધવાની કવાયત શરૂ

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા પ્રોપર્ટી અને પ્રોફેશનલ ટેક્સના કરદાતાઓને શોધવા માટેની કવાયત શરૂ કરવામાં આવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જે ધંધાકીય એકમમાં 10થી વધુ કર્મચારીઓ હોય તેવા એકમો પ્રોફેશનલ ટેક્સ ભરે છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. પ્રાયોગિક ધોરણે કાર ઓથોરાઈઝ ડીલરોના ત્યાં તપાસ શરૂ કરવામાં આવી છે.

આગામી દિવસોમાં વિવિધ સેક્ટરો જેવા કે પેટ્રોલ પંપ રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ ચેકિંગ કરી અને જો પ્રોફેશનલ ટેક્સ નહીં ભરતા હોય તો તેઓ પાસેથી પ્રોફેશનલ




ટેક્સ વસૂલ કરવામાં આવશે જેથી કોર્પોરેશનની આવકમાં વધારો થશે.આ ઉપરાંત શહેરની હદમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં બી.યુ. ઈસ્યુ થઈ હોય તેવી મિલકતોની પણ આકારણી કરવામાં આવી રહી છે. રેવન્યુ કમિટીના ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે અમદાવાદ શહેરનો વિકાસ થઈ રહ્યો છે જેમાં ઉત્તર પશ્ચિમ ઝોન, દક્ષિણ પશ્ચિમ ઝોન અને પૂર્વ ઝોન વિસ્તારમાં આવતા બોપલ, ઘુમા, ચિલોડા ઓઢવ કઠવાડા સહિતના વિસ્તારોમાં નવા રહેણાંક વિસ્તારો બન્યા છે. નવા ભળેલા વિસ્તારોમાં 1 એપ્રિલ 2023થી ડિસેમ્બર 2023 સુધીમાં 32000 નવા મકાનોની આકારણી કરવામાં આવી છે.

જે કરદાતાઓ દ્વારા પ્રોપર્ટી ટેક્સ ભરવામાં નથી આવતો તેવા કરદાતાઓની મિલકતોને હરાજી કરવાનો નિર્ણય ટેક્ષ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે જે અંતર્ગત પશ્ચિમ જન્મમાં ચાર જેટલી પ્રોપર્ટીને અને પૂર્વ ઝોનમાં વટવા વિસ્તારમાં આવતા બે જેટલા પ્લોટ ને કોર્પોરેશનના ચોપડે ચડાવવામાં આવ્યા છે વસ્ત્રાલ વિસ્તારમાં તક્ષશિલા નામની બિલ્ડીંગની હરાજી કરવા અંગેની નોટિસ આપવામાં આવી હતી. જેથી રૂપિયા 38 લાખનો ટેક્સ તેવો દ્વારા ભરવામાં આવે છે પરંતુ હજી 18 લાખ બાકી છે.

# સફાઈ કામદારોને મૃત્યુ વળતર સમયસર ચૂકવવા હાઈકોર્ટે કરી ટકોર

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કામદારોના મૃત્યુના કિસ્સાઓમાં વળતરના મુદ્દે થઈ હતી. ૧૬ સફાઈ કામદારોના મૃત્યુને લઈ વળતર નિયમોનુસાર નહીં મળ્યાનું અરજદારે રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે હાઈકોર્ટ રાજ્ય સરકારના જવાબને લઈ ખફા થઈ છે અને અહીં કોઈ લિસ્ટ સામે લિસ્ટની રમત નહીં હોવાનું કહ્યુ હતું.



રાજ્યમાં સફાઈ કામદારોના મોતના કિસ્સાઓમાં વળતર નિયમોનુસાર ચુકવાતુ નહીં હોવાની રજૂઆત ઉઠી છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કામદારોના મૃત્યુના વળતરને લઈ કરવામાં આવી છે. જેમાં રજૂઆત કરવામાં આવી છે કે, ૧૬ મૃતક સફાઈ કર્મીઓના પરિવારોને નિયમાનુસાર વળતર ચુકવવામાં આવ્યુ નથી.

રાજ્ય સરકારે આ મામલે ૮ મૃતકના પરિવારજનોને વળતર ચૂકવવાનું બાકી હોવાની કબૂલાત કરી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટકોર કરી હતી કે, તમે મામલાથી દૂર કેમ ભાગો છો. આ કોઈ લીસ્ટ સામે લીસ્ટની રમત નથી રમતા, પૂરતો સમય આપવા છતાં એફિડેવિટમાં જવાબ નથી રજૂ કરાયો. વળતર અંગે સરકાર અને વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીને એફિડેવિટ ફાઈલ કરવા આદેશ કર્યો છે.

# અમદાવાદમાં કોરોનાની રી-એન્ટ્રી

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં કોરોનાનાં કેસમાં વધારો થતા શહેરજનોમાં ફરી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં કોરોનાનાં વધુ 7 કેસ નોંધાવા પામ્યા હતા. જેમાં 1 પુરૂષ અને 6 મહિલા દર્દીઓ નોંધાયા હતા. જ્યારે 55 ને હોમ આઈસોલેશન કર્યા હતા. હાલ શહેરમાં કોરોનાનાં 57 એક્ટિવ કેસ નોંધાવા પામ્યા છે. 8 લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે 2 લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છો.

છેલ્લા 24 કલાકમાં કોરોનાનાં 7 કેસ નોંધાયા છે. નવરંગપુરા, સરખેજ, ભાઈપુરા, હાટકેશ્વર, જોધપુરમાં કેસ નોંધાયા હતા. જેમાંથી 4 લોકોની ટ્રાવેલીંગ હિસ્ટ્રી સામે આવવા પામી છે. જેમાં જૂનાગઢ, ગોવા, કેનેડા અને અંદમાન નિકોબારની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવવા પામી છે.

# ગુજરાતમાં ટેસ્લા કારના પ્લાન્ટ બાબતે બિઝનેસ ડીલ

ગુજરાત | વંદન

ગુજરાતમાં વર્ષ 2024ની સૌથી મોટી ઈવેન્ટ વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. 9 થી 12 જાન્યુઆરી સુધી વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે, ત્યારે આ વખતની સમિટમાં કુલ 32 દેશના પ્રતિનિધિઓ ભાગ લેશે.

તો ટેસ્લા કંપનીના માલિક ઈલોન મસ્ક પણ આ સમિટમાં હાજરી આપશે, ત્યારે એવી પુરેપુરી શક્યતાઓ છે કે ઈલોન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાતમાં સરકાર સાથે MOU કરી શકે છે અને રાજ્યમાં ટેસ્લાની સત્તાવાર એન્ટ્રી થઈ શકે છે.આ બધી અટકળો વચ્ચે ટેસ્લાને લઈને હવે કેબિનેટ પ્રધાન બળવંતસિંહ રાજપૂતનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, ટેસ્લા સાથેની બિઝનેસ ડીલ પાઈપ લાઈનમાં છે. આ પહેલા ઋષિકેશ પટેલે પણ નિવેદન આપ્યું હતું. તો ટેસ્લા કંપનીના માલિક ઈલોન મસ્ક ગુજરાતને લઈને આશાવાદી છે.

# વડાપ્રધાન મોદી 15મી પી.એમ. જનમત કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે સંવાદ કરશે

ગુજરાત | વંદન

વડાપ્રધાન મોદી આગામી તા. ૧૫ના ગોંડલ ખાતે પી.એમ. જનમત કાર્યક્રમમાં લાભાર્થીઓ સાથે વર્ચ્યુલ સંવાદ કરશે તેમ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું. કલેકટરે જણાવ્યું હતું કે આ તકે ગોંડલમાં ખાસ કેમ્પ આયોજિત કરવામાં આવેલ છે. જેમાં પછાત વર્ગના લાભાર્થીઓને આધારકાર્ડ, ઉજ્જવલા યોજના, રેશનકાર્ડ, આયુષ્યમાન કાર્ડ સહિતની કેન્દ્રની યોજનાઓના લાભો મળશે.



# જયશ્રીરામ: રામ મંદિર માટે ગુજરાતમાંથી મોકલાઈ અગબત્તી-ધ્વજદંડ અને નગારૂ

### 108 ફૂટ લાંબી છે અગરબત્તી, 44 ફૂટ લંબાઇ છે ધ્વજદંડની અને 56 ઇંચના સોનાના વરખ સાથેનું છે વિશાળ નગારૂ

ગુજરાત | વંદન

અયોધ્યામાં તૈયાર થઈ રહેલા કરોડો હિંદુઓના આસ્થાના પ્રતિક એવા રામ મંદિર માટે અમદાવાદમાં તૈયાર થયેલો સૌથી મોટો ધ્વજ દંડ મોકલવામાં આવ્યો છે. જેમા એક મુખ્ય ધ્વજદંડ છે જ્યારે 6 અન્ય નાના ધ્વજદંડ સહિત કુલ 7 ધ્વજ દંડ તૈયાર કરવામાં આવ્યા છે. રામમંદિરના આ સાતેસાત ધ્વજદંડ સંપૂર્ણપણે શુદ્ધ પિત્તળમાંથી જ તૈયાર થયા છે. જેમા અન્ય કોઈ ધાતુનું મિશ્રણ કરવામાં આવ્યુ નથી.

મુખ્ય ધ્વજદંડની લંબાઈ 44 ફૂટ છે. જ્યારે ધ્વજદંડનો ગોળાર્ધ 9.5 ઈંચ છે. ધ્વજદંડની વોલ થિકનેસ એટલે કે જાડાઈ 1 ઈંચની છે. સમગ્ર ધ્વજદંડનું વજન 5 હજાર 500 કિલોગ્રામ છે. છેલ્લાં 81 વર્ષમાં આટલો વિશાળ ધ્વજદંડ ક્યારેય તૈયાર નથી થયો.

અયોધ્યા રામ મંદિર પર લગાવવા માટે એક મુખ્ય ધ્વજદંડ સહિત કુલ 7 ધ્વજદંડ તૈયાર કરવામાં આવ્યા છે. અમદાવાદની શ્રી અંબિકા એન્જિનિયરિંગ વર્ક્સ કંપનીએ સફળતાપૂર્વક આ કામ પાર પાડ્યું છે.

અયોધ્યા મંદિર માટેનો મુખ્ય ધ્વજદંડ ખરાં અર્થમાં વિશેષ છે. એવુ પણ કહેવાય છે કે આ અગાઉ આટલા વિશાળ ધ્વજદંડનું નિર્માણ ક્યારેય નથી થયું. જે રીતે અયોધ્યા મંદિર અત્યંત વિશાળ છે.

જ દ્દષ્ટિએ મુખ્ય મંદિર પર લાગનારો મુખ્ય ધ્વજદંડ પણ એટલો જ વિશાળ છે. આ ઉપરાંત 2 કિલો વજનના નાના કડાં, 18 કિલો વજનના મધ્યમ કડાં અને 36 કિલો વજનનો એક એવા અત્યંત મોટા કદના કડાં પણ ખાસ મંદિર માટે તૈયાર કરવામાં આવ્યા છે.

આ અગાઉ વડોદરાથી 108 ફુટની સૌથી મોટી અગરબતી અયોધ્યા રામ મંદિર માટે મોકલવામાં આવી છે. વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેલા વિહાભાઈ ભરવાડે આ અગરબતી તૈયાર કરી છે. જેમા 376 કિલો ગુગળ, 376 કિલો કોપરાનું છીણ, 280 કિલો જવ, 280 કિલો તલ, 191 કિલો ગીર ગાયનું શુદ્ધ ઘી, 425 કિલો હવન સામગ્રી અને 1475 કિલો ગીર ગાયના છાણનો પાવડરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ અગરબતી 3500 કિલો વજનની છે અને તે દોઢ મહિના સુધી અખંડ ચાલશે. જે 108 ફુટ લાંબી અને સાડા ત્રણ ફૂટ પહોળી છે. આ અગરબતી 6 મહિનામાં તૈયાર થઈ છે અને તેની બનાવટમાં તમામ પ્રકારની શુદ્ધતા અને પવિત્રતાની જાળવણી કરવામાં આવી છે. જે રામ મંદિરની આસપાસની 50 કિલોમીટરની ત્રિજ્યામાં સુવાસ ફેલાવી પોઝિટિવ વાતાવરણ ઉભુ કરશે.

આ તરફ સીએમ ભૂપેન્દ્ર પટેલે અયોધ્યા રામમંદિરના પ્રાંગણમાં પ્રસ્થાપિત થનારા નગારાની પૂજનવિધિ કરી હતી. ડબગર સમાજ દ્વારા 56 ઈંચના સોનાના વરખ સાથેનું વિશાળ અને કલાત્મક નગારું તૈયાર કરવામાં આવ્યું છે.

જે શહેરના દરિયાપુર ખાતે અખિલ ભારતીય ડબગર સમાજ દ્વારા પૂજનવિધિનો કાર્યક્રમ યોજાયો હતો અને ત્યારબાદ 1 કિલોમીટરની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું. જેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે નગારા પર હાથ અજમાવ્યો હતો અને હાજર લોકોએ જય શ્રી રામના નારા લગાવી સમગ્ર વિસ્તારને ભક્તિમય બનાવી દીધો હતો.

### અમદાવાદમાં આજે પતંગોત્સવનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન



ઉત્તરાયણના તહેવારને લઈને દર વર્ષે જાન્યુઆરી મહિનામાં અમદાવાદમાં પતંગોત્સવનું આયોજન કરવામાં આવતું હોય છે, ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે પતંગ મહોત્સવનો આયોજન કરવામાં આવ્યું છે. આગામી 7થી 12 જાન્યુઆરી દરમિયાન પતંગોત્સવ યોજાશે. આ પતંગોત્સવમાં રાજ્યપાલ, મુખ્યપ્રધાન સહિતના નેતાઓ હાજર રહેશે. તો પતંગોત્સવમાં કુલ 55 દેશના 153 પતંગબાજો ભાગ લેશે. તો ગુજરાત સિવાયના 12 રાજ્યોના 68 પતંગબાજો પણ પતંગોત્સવમાં ભાગ લેશે. રાજ્યમાંથી 23 શહેરોના 856 પતંગબાજો પણ રિવરફ્રન્ટ પર પતંગ ઉડાવશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## સંપાદકીય....

# ચાલો, રામ મંદિરને વધાવીએ.. દેશની પ્રગતિને આગળ ધપાવીએ.. અને ધિક્કારને ફગાવીએ..!



અયોધ્યામાં રામજન્મભૂમિ સ્થળે ભવ્ય રામમંદિર બનીને તૈયાર છે અને 22 જાન્યુઆરી, 2024ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મંદિરમાં ભગવાનશ્રી રામની બાળસ્વરૂપ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થશે. સમગ્ર દેશમાં તેની તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઇ છે અને ગામે ગામ રામભજનો અને રામજીના કાર્યક્રમો શરૂ થયા છે. ભાજપે મંદિર સમારોહને દિવાળીના ઉત્સવની જેમ ઉજવવા અપીલ કરી છે અને તેમાં કોઇ બેમત નથી કે ભવ્ય રામમંદિરના ઉદ્ઘાટન કે રામલલ્લાના પ્રાણ પ્રતિષ્છા સમારોહને એક દિવાળી ઉત્સવ તરીકે જ મનાવવામાં આવશે.

અને કેમ ન મનાવાય ભલા..? ઈતિહાસ જોઈએ તો 500 વર્ષ પછી શ્રીરામજન્મભૂમિ સ્થળે ફરીથી મંદિરનું નિર્માણ થયું છે અને આગામી એક હજાર વર્ષ સુધી તેને ઉંની આંચ ન આવે એવું તેનું બાંધકામની સાથે તેના પર હુમલાની શકયતાને જોતાં તેની સુરક્ષા માટે પણ જડબેસલાક કાયમી વ્યવસ્થા કરવામાં આવી છે અને હોવી પણ જોઈએ

ભૂતકાળ દર્શાવે છે કે હિન્દુઓના આસ્થાના સ્થાન સમાન આ પ્રકારના મંદિરો આતંકીઓના હુમલા માટે સોફ્ટ ટાર્ગેટ બને છે. જેમ જમ્મુમાં રઘુનાથ મંદિર પર વર્ષો પહેલા આતંકી હુમલાો થયો હતો. હિન્દુઓની પાવન અમરનાથ યાત્રા પર હુમલાઓની ઘટનાઓ બની છે અને જે રામ મંદિર નિર્માણ માટે ભારતની ધરતી પર અનેક નિર્દોષોના લોહી વહ્યાં હોય એવા મંદિર પર હુમલો કરીને આતંકીઓ ઉશ્કેરણી કરશે. સત્તાવાળાઓ પણ તે જાણે છે અને તેથી મંદિર સુરક્ષા અર્ધ લશ્કરી દળને સોંપવામાં આવી છે તે યોગ્ય અને આવકારદાયક છે..

મંદિર વહીં બનાયેંગે...ના સૂત્રો વર્ષો સુધી આકાશમાં ગાજ્યા બાદ હવે તે શાંત પડી શકે. કેમ કે ભવ્ય રામ મંદિર તેના મૂળ સ્થાન પર બની ગયું છે અને તે માટે વર્ષો સુધી આંદોલનો થયાં, તોફાનો થયા અને કેટલાય ભોગ બન્યા. એવા સમયે હવે રાજકીય રીતે એવુ વાતાવરણ બનવુ જોઈએ કે કમ સે કમ રામ મંદિર મામલે તો હવે કોઈ નિર્દોષનુો ભોગ ન લેવાય.

એ વાત અલગ છે કે રામ મંદિર ઝાંકી હૈ, કાશી મથુરા અભી બાકી હૈ...ની જેમ હવે અન્ય બે સ્થળોના મામલે કાનૂની વિવાદ શરૂ થયો છે અને વિવાદ કોર્ટ સુધી રહે તો આદર્શ પરિસ્થિતિ ગણાશે. અન્યથા ફરીથી મામલો સડકો પર જશે તો...

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારતે એક દાયકામાં જબરજસ્ત પ્રગતિ કરી છે. એમ કહેવાય કે ભારત હવે પાંચમાં પૂંછાતુ થયું...અને જ્યારે કોઈ વૈશ્વિક કટોકટી જેમ કે યુક્રેન યુધ્ધ કે ઈઝરાયલ-હમાસ મામલા વખતે અન્ય દેશોની નજર ભારત પર તકાયેલી રહે છે, એ જાણવા કે ભારતનું શું કહેવુ છે..? અને આવુ જાણવા માટે ભારત તરફ જોવુ, એટલે જ વડાપ્રધાન કહે છે કે ભારત પર દુનિઆ મીટ માંડે છે અને ભારતનો મત જાણવા આતુર રહે છે.

વૈશ્વિક મંચ પર વડાપ્રધાન મોદીએ બનાવેલી ભારતની મજબૂત દેશની છબિને મંદિર મામલે કોઈ દાગ ન લાગે તે જોવાની સૌ કોઈની જવાબદારી છે. 22 જાન્યુઆરીથી ભારત રામયુગમાં પ્રવેશ કરશે, રામ રાજ્યની સ્થાપનાના ગુણગાન ગવાશે અને રામરાજ્ય કેવુ હતું અને કેવુ હોવુ જોઈએ તેની જાણકારી આપવામાં આવશે. કોમનમેન રામરાજ્ય માટે આતુર છે અને એક એવા રામરાજ્યમાં રહેવા માંગે છે કે જ્યાં સૌ એકસમાન હોય, બંધુતા હોય, સમાનતા હોય અને સૌને સરખો ન્યાય મળે..જયશ્રી રામ..જય જય શ્રી રામ...!


## કહના યે હૈ કી આ વર્ષ ન તો સામાન્ય જનતાને આરામથી બેસવા દેશે અને ન તો મિડિયાને...!


### જો બેઠકોની વહેંચણીના મામલે એકમતિ નહીં સધાઈ હોય તો વિપક્ષની હાલત મેં ઇસ પાર..તું ઉસ પાર...જેવી થઇ શકે...

# 2024 નક્કી કરશે ભાવિ પીએમ-વર્લ્ડ કપ વિજેતા અને નવી ફિલ્મોનો દોર કેવો રહેશે..!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com







ઈશુનુ નવુ વર્ષ 2024 શરૂ થઇ ગયું છે. નવા વર્ષની શરૂઆત જાપાનના ભયાનક ભૂકંપથી શરૂ થઇ છે. અને ભારે ખુવારી થઇ છે. જાપાનમાં જો કે આમ પણ ભૂકંપ કાંઇ નવુ નથી. જાપાનને ભૂકંપનો દેશ પણ કહેવામાં આવે છે. જાપાનના નાગરિકો ભૂકંપથી ટેવાઇ ગયા છે. અને તેથી એક તસ્વીરમાં બતાવાયુ તે કોઇ બિલ્ડીંગની બહાર રસ્તામાં મોટી તિરાડ છે અને તિરાડમાં પગ રાખીને યુવાન મોબાઇલ જોઇ રહ્યો છે. આપણાં ભારતમાં આવુ થાય તો ભાગમભાગી થઇ જાય.

વિતેલા વર્ષમાં શું મહત્વની ઘટનાઓ બની તેના લેખાજોખાં સૌ કોઇએ આપ્યાં અને હવે નવા ટ્રેન્ડમાં નવા વર્ષમાં શું બનશે તેની વિગતો પણ આપવાની એક નવી પરંપરા શરૂ થઇ છે. અલબત એ એવી ઘટનાઓ કે પ્રસંગો છે કે જે પહેલાંથી નિર્ધારીત છે. જેમ કે 2024માં લોકસભાની ચૂંટણીઓ યોજાશે એ 2019માં લોકસભાના પરિણામ બાદ નક્કી થઇ ગયું હતું. એ જ રીતે ટી20 વર્લ્ડ કપનો જંગ વગેરે. વગેરે. પણ માણી શકાશે.

ફિલ્મો માટે ઉપયોગમાં લેવાતો બ્લોકબસ્ટર શબ્દ હવે નવા વર્ષ માટે ઉપયોગમાં લઇને કહેવામાં આવ્યું કે,વર્ષ 2024 દેશ માટે દરેક રીતે બ્લોકબસ્ટર સાબિત થવાનું છે....! આ વર્ષે રાજકારણ, રમતગમત કે સિનેમાની વાત હોય, દરેક બાજુથી માત્રને માત્ર મોટા અને રોમાંચક સમાચાર જોવા મળશે, સાંભળવા મળશે. કહના યે હૈ કી આ વર્ષ ન તો સામાન્ય જનતાને આરામથી બેસવા દેશે અને ન તો મિડિયાને આરામ મળશે...! કેમ કે લોકસભાની સાથે કેટલાક રાજ્યોની વિધાનસભાની પણ ચૂંટણીઓ આ જ વર્ષ યોજાવાની છે. કહના યે હૈ કી રૂક જાના નહીં તું કહીં હાર કે..મતદાન કરના દૌડતે....

ભારતના રાજકારણમાં ભારે ઉથલપાથલ મચાવનાર રામજી કી નિકલી સવારી..ની જેમ અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદીરના ઉદઘાટનની સાથે જ 22 જાન્યુઆરીથી જ રાજકારણમાં ગરમાગરમી અને આરોપ-પ્રતિઆરોપનો દોર જોવા મળશે. અને પરિણામ બાદ...? ફિર એક બાર, મોદી સરકાર.. તીસરી બાર-મોદી સરકાર....400 કે પાર-મોદી સરકાર....આવા ઉચ્ચારણો મોટેથી ટીવી મિડિયામાં જયશ્રીરામની સાથે જોવા મળી શકે. અને રહી વાત વિરોધપક્ષોની તો, જો ભાજપને 400 બેઠકો મળી તે સમજો કે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષો બાકીની 143 બેઠકોમાં સમાઇ જશે....?!




નવા વર્ષમાં સૌથી મોટો નાટકીય વળાંક લોકસભાની ચૂંટણીમાં આવવાનો છે. છેલ્લા દસ વર્ષથી સત્તામાં રહેલી મોદી સરકાર પુનરાગમન કરે છે કે, નહીં તે અંગે નિર્ણય લેવામાં આવનાર છે. આ કસોટી માત્ર ભાજપ કે પીએમ નરેન્દ્ર મોદી માટે જ નથી, પરંતુ વિપક્ષની પણ કસોટી થવાની છે. વિપક્ષે ભાજપને ટક્કર આપવા માટે પોતાનું ઇન્ડિયા ગઠબંધન બનાવ્યું છે. અને જો બેઠકોની વહેંચણીના મામલે એકમતિ નહીં સધાઇ હોય તો વિપક્ષની હાલત મે ઇસ પાર..તું ઉસ પાર...જેવી થઇ શકે.

આ વખતે એક તરફ ભાજપ છે તો બીજી તરફ એકજૂટ વિપક્ષ પણ પડકાર ફેંકવાનું કામ કરી રહ્યું છે. બંને તરફથી મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, ભાજપનું માનવું છે કે, તે આ વખતે 400 નો આંકડો પાર કરશે, જ્યારે કોંગ્રેસનું કહેવું છે કે, મોદી ફરીથી વડાપ્રધાન બનવાના નથી. હવે કોણ જીતે છે અને કોણ હારશે એ તો ચૂંટણીના પરિણામો પછી જ નક્કી થશે, પરંતુ જે રીતે ચૂંટણી પ્રચાર કરવામાં આવશે તે દેશની જનતા માટે જબરદસ્ત રોમાંચક હશે. તો 14 જાન્યુ.થી રાહુલ ગાંધીના નેતૃત્વમાં ભારત જોડો યાત્રા ભાગ-2 ભારત ન્યાય યાત્રાના નામે મણિપુરથી નિકળીને માર્ચમાં મુંબઇ પહોંચશે. એટલે વાદ-વિવાદ અને ચર્ચા તો થશે જ.



એમ કહી શકાય કે તે એક યાદગાર ચૂંટણી બની રહે તેમ છે. કેમ કે ભારતને ત્રીજા નંબરની ઇકોનોમી બનાવવાની છે. 2047માં ભારત કેવુ હશે તેનું આયોજન કરવાનું છે. તેથી ભાજપ આ મુદ્દે પણ વોટ માંગીને હેટ્રીક નોંધાવે તો પણ નવાઇ નહીં. સતત ત્રીજીવાર વડાપ્રધાન બનીને મોદી પ્રથમ વડાપ્રધાન નેહરૂનો સતત ત્રણ વાર વડાપ્રધાન બનવાના રેકોર્ડની બરાબરી કરી શકે. અને એ બધુ અંદાજે 95 કરોડ મતદારો પર આધારિત છે.

2024ના વર્ષમાં રજૂ થનારી બોલિવૂડની મોટી ફિલ્મોની વાત કરીએ તો, જો રાજનીતિ શિયાળાની ઠંડીમાં પણ હૂંફ આપવા જઈ રહી છે તો, મનોરંજન ભારતવાસીઓની જગતની ચિંતાઓ દૂર કરવાની પૂરેપૂરી તક આપવા તૈયાર છે. માત્ર એક નહીં પરંતુ અનેક મોટી ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે જેમાં, મનોરંજનની ખાતરી કહેતા ગેરંટી આપવામાં આવી છે.

2023 ની જેમ, 2024માં પણ મોટી ફિલ્મો રિલીઝ થવાની છે, તેથી તે ફિલ્મી તોફાન દ્વારા બોક્સ ઓફિસ લેવા માટે તૈયાર લાગે છે. મેરી ક્રિસમસ ઇન 2024, કલ્કી 2898 એડી, મેં અટલ હું, ફાઇટર, લાલ સલામ, પુષ્પા 2, સિંઘમ અગેઇન, ભારતીય પોલીસ દળ, વેલકમ 3, કેપ્ટન મિલર, ઓપરેશન વેલેન્ટાઇન, યોદ્ધા, બડે મિયાં છોટે મિયાં, ઓરોં મે કૌન દમ થા ચંદુ ચેમ્પિયન, સ્ત્રી 2, ભૂલ ભુલૈયા 3, દેવા, છાવા, દેવરા જેવી ઘણી શાનદાર ફિલ્મો રિલીઝ થવા જઈ રહી છે. દિલ થામ કે બૈઠો યારો, આ વર્ષે શાહરૂખની કોઇ ફિલ્મ આવવાની નથી. કરોડો-કરોડો કમાણી થઇ છે એટલે તે આ વર્ષે આરામ કરશે.

એક તરફ 2024 લોકસભાની સૌથી મોટી ચૂંટણી તો, બીજી તરફ ક્રિકેટપ્રેમીઓને T20 વર્લ્ડ કપનો રોમાંચ પણ જોવા મળશે. ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ કેરેબિયનમાં સાત સ્થળોની પુષ્ટિ કરી છે જે 4 થી 30 જૂન દરમિયાન ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024ની યજમાની કરશે .

એન્ટિગુઆ અને બાર્બુડા, બાર્બાડોસ, ડોમિનિકા, ગુયાના, સેન્ટ લુસિયા, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ, અને ત્રિનિદાદ અને ટોબેગો, યુએસએમાં ત્રણ સ્થળો - ડલ્લાસ, ફ્લોરિડા અને ન્યુ યોર્ક સાથે રમતોનું આયોજન કરશે.

આ પ્રથમ વખત છે જ્યારે T20 વર્લ્ડ કપ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં રમાશે જેમાં કેરેબિયનના સાત દેશો બહુ-રાષ્ટ્રીય ટૂર્નામેન્ટની સહ-આયોજક છે.

## ધર્મ

# ધાર્મિક પર્વ લોહરી ઉજવાય છે ભાંગડા નૃત્ય સાથે...




દર વર્ષે 13 જાન્યુઆરીએ લોહરીની ઉજવણી કરવામાં આવે છે. લોહરી એ ભાંગડા સાથે નૃત્ય કરવાનો અને તાપ સેકવા સાથે આનંદ માણવાનો તહેવાર છે. આ તહેવાર પંજાબ, હરિયાણા અને હિમાચલ સહિત દેશભરમાં ધૂમધામથી ઉજવવામાં આવે છે. આ તહેવારમાં મગફળી, રેવડી, પોપકોર્ન ખાવાનુ અને લોકોને પ્રસાદ તરીકે આપવાનુ વિશેષ મહત્વ છે. આ પહેલા લોકો સાંજે રેવડી અને મગફળીને આગમાં નાંખે છે. લોહરીને ખેડુતોનો મુખ્ય તહેવાર માનવામાં આવે છે, આ તહેવારમાં પાક મેળવ્યા પછી ખેડૂતો અગ્નિ દેવને ખુશ કરવા માટે લોહરી સળગાવે છે અને તેની પરિક્રમા પણ કરે છે. એવું માનવામાં આવે છે કે આવુ કરવાથી, દુઃખનો અંત આવે છે અને પરિવારમાં સુખ, સમૃદ્ધિ અને ખુશીઓ આવે છે.

સળગતી લોહરીમાં ગઝક અને રેવડી અર્પણ કરવી ખૂબ જ શુભ માનવામાં આવે છે. લોહરીની સાંજે હોલીકા દહનની જેમ છાણા અને લાકડીઓના નાના ઢગલા દ્વારા આગ પ્રગટાવવામાં આવે છે. તેની આસપાસ ઘરના સભ્યો ઉભા રહે છે અને ઢોલ નગારા પઅર ડાંસ અને લોકગીત ગાઈને લોહરી સેલિબ્રેટ કરએ છે. મહિલાઓ પઓતાના નાના બાળકોને ખોળામાં લઈને લોહડીની આગ તાપે છે. એવુ માનવામાં આવે છે કે આવુ કરવાથી બાળક આરોગ્યપ્રદ રહે છે અને તેને ખરાબ નજર લાગતી નથી.

હિન્દુ પૌરાણિક શાસ્ત્રોમાં અગ્નિને દેવતાઓના મુખ્ય માનવામાં આવે છે. એવી માન્યતા છેકે લોહડીની અગ્નિમાં અર્પિત કરવામાં આવેલ અન્ન દેવતાઓ સુધી પહોંચે છે. આવુ કરવાથી લોકો સૂર્ય દેવ અને અગ્નિદેવના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા અર્પિત કરે છે. લોકોનુ માનવુ છે કે આવુ કરવઆથી બધાનો હક પ્રાપ્ત થાય છે. સાથે જ ધરતી માતા સારો પાક આપે છે. કોઈને અન્નની કમી રહેતી નથી. પંજાબમાં તહેવારની અલગ ધૂમ જોવા મળે છે. ખાસ કરીને લગ્ન પછી જેની પહેલી લોહડી હોય છે તેને પોતાના ઘરમાં રહીને લોહડી ઉજવવો અને વડીલોનો આશીર્વાદ લેવો મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## પુસ્તક-પરિચય



■ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# સત્તર અક્ષરનો સંસાર... હૃદયસ્પર્શી હાઈકુ

મેઘધનુષ
જાનીવાલીપીનારા
શાશ્વત સુખ.
- ગુરુદેવ પ્રજાપતિ

'ફોરમ' પાંચ-સાત-પાંચ, ત્રણ પંક્તિ અને સત્તર અક્ષરનું બંધારણ, એમાં સમાયેલો સંસાર એટલે હાઈકુ. ઉપર દર્શાવેલ હાઈકુમાં કવિએ શાશ્વત સુખની પરિકલ્પના કરી છે, જેમાં મેઘધનુષનાં સાત રંગોમાં છુપાયેલું રહસ્ય માર્મિક રીતે ઉજાગર થયું છે. આવાં જ હૃદયસ્પર્શી હાઈકુનો એક અનોખો સંગ્રહ ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ' દ્વારા પ્રસિદ્ધ થયો છે. 'શાશ્વત સુખ' જેમાં તેમણે તેમનાં ચૂંટેલા ફૂલો જેવાં સુગંધીદાર હાઈકુ મૂક્યાં છે.

જમીન પર
પીળાં ખરેલાં પર્ણો
વૃક્ષનાં અશ્રુ.

પ્રકૃતિની વચ્ચે રહીને એક કવિ કેવી અદ્ભૂત રચના કરી શકે છે, તે ઉપરનાં કલ્પન દ્વારા કવિએ રજૂ કરી છે. વૃક્ષ સજીવ છે, તે આપણે જાણીએ છીએ તેનાથી વિશેષ કવિએ અહીં તેનાં ખરી પડેલાં પીળાં પર્ણોને તેનાં અશ્રુ સાથે સરખાવ્યા છે ત્યારે તેનાં પર બેઠેલાં એક પંખીની શું હાલત હશે? તે પણ કવિએ હાઈકુ દ્વારા જ મૂક્યું છે.

વૃક્ષ ઉપર
પંખી એક વ્યાકુળ
પર્ણો વગર.

કવિશ્રી ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ' મનની વાત કરતાં લખે છે,'હાઈકુમાં શું કરી શકાય? જાત સાથે શાશ્વત સુખની સેલ્ફી લઈ શકાય? અક્ષરો સાથે માથાકૂટ, મારામારી કરી સુખ જન્માવી શકાય? શબ્દોની દુનિયામાં સ્વૈરવિહાર કરી શકાય? વીજળી સાથે છબિ ખેંચાવી શકાય? પગદંડીથી એક્સપ્રેસ હાઈવે પર જઈ શકાય? નાનકડા ખાબોચિયામાં વહેલનો સમાવેશ કરી શકાય? હા, તો નાનકડા સાહસને વધાવજો. પ્રથમ હાઈકુ સંગ્રહ 'શાશ્વત સુખ' આપના કરકમલમાં અર્પતા આનંદ વ્યક્ત કરું છું.'

વ્યવસાયે ભાષાશિક્ષક ઉપરાંત કવિ અને સંપાદક ગુરુદેવ પ્રજાપતિ 'ફોરમ'નો આ પ્રથમ હાઈકુ સંગ્રહ છે. તેમનાં આ સંગ્રહમાં પ્રકાશિત હાઈકુ શબ્દસૃષ્ટિ, અખંડઆનંદ, કવિતા, નોળવેલની મહેક, શિક્ષણ સેતુ, એતદ્, સમન્વિત અને સાંજ જેવાં ઘણાં સામયિકોમાં પ્રકાશિત થયાં છે. ગુજરાતી હાઈકુ માટેનું એકમાત્ર ઈ-મેંગેઝીન પણ તેમણે પ્રકાશિત કર્યું છે. કવિનાં હાઈકુ વાંચતાં વાંચતાં અમુક જગ્યાએ ગુજરાતી




હાઈકુનાં પિતા સ્નેહરશ્મિ ચોક્કસ યાદ આવી જાય. આશા છે કે ભવિષ્યમાં પણ કવિ તરફથી આવાં જ ઝાકળ ભીનાં પુષ્પો સમાન હૃદયસ્પર્શી હાઈકુ મળતાં રહેશે.

# ક્યારેક એક બુંદ આંસુનું હોય છે અને ક્યારેક આ સ્રોત દરિયો બનીને પણ પ્રગટે છે!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## રસદર્શન

હરીશ શાહ

**કવિ શ્રી સંજુ વાળાનો ઉમદા શેર અને મારું રસદર્શન.**

**વસૂકી આંખ, ખૂટ્યા સ્રોત, સરવાણી**
**હવે ક્યા સ્વપ્નનું તળ તાગવું સાહેબ ?**
**- સંજુ વાળા**

**વહે આંખ તો કંઈક પારાવાર નીકળે છે,**
**ખુશી હોય કે દુઃખ, અપરંપાર નીકળે છે.**
**અટકે એ સ્રોત, તો વિચારો કે શું થશે?**
**દ્રશ્ય! સ્વપ્નનો બની પહેરેદાર નીકળે છે.**
**આંખ, સ્રોત ,સરવાણી ,સ્વપ્ન અને તેનું તળ**

વેદનાનું સંવેદનામાં રૂપાંતર થાય તો આંખથી ટપકે પણ સંવેદના જ જો મૃતપ્રાય થઈ જાય તો સંવેદનાનો સ્તોત્ર કઈ રીતે ટપકી શકે ? સ્રોત સરવાણીના માધ્યમથી પ્રાપ્ત થાય અને સ્ત્રોતનું માધ્યમ સંવેદના છે અને આ બંને વચ્ચેનું દર્શન-સાક્ષી આંખ છે.

માનો તો ભેજયુક્ત આંખો, કોઈ સંવેદનાની સાક્ષી પુરાવે છે અને ક્યારેક સંવેદના સાથે સંવાદ પણ થતા હોય છે. ક્યારેક એક બુંદ આંસુનું હોય છે અને ક્યારેક આ સ્રોત દરિયો બનીને પણ પ્રગટે છે!

ભગ્નતાનું પ્રતીક એટલે કે વસૂકી આંખ!

ઉછળતા દરિયા અને વહેતા ઝરણાં........... આ બંને પાંપણની વચ્ચે પેટાળ જેવું ઊંડાણ !

આંખો તો આત્માની બારી છે. આંખોથી જોયું જે દ્શ્યપટલ પર અંકિત થયું, એ મગજમાં ગયું જ્ઞાનતંતુઓથી તે પરિભાષ્ય થયું અને વિચારવિનિમય શરૂ થયો, વિચારવિનિમય શરૂ થયો એટલે કંઈક કેટલી ઈચ્છાઓ સ્વપ્ન બની ને ફરી આંખમાં છલકાઈ.... પણ હવે આંખ જ વસૂકી થઈ ગઈ છે ત્યારે, સરવાણીના સ્રોત પણ ખૂટી ગયા છે અને સ્વપ્નનું માધ્યમ પણ!

ઈતિહાસ હોય તો યાદ પણ આવે પણ વર્તમાન તો આંખોથી જ વંચાય !

જેને ચાહયાં, જેને પામ્યાં, જેની માયા થઈ તેનો વિનિયોગ વસૂકી આંખ નું કારણ બન્યું ....

હવે તો એ જ અનુગ્રહ આવીને વિનીયોગને કોઈક એવી દિશામાં લઈ જાય છે જ્યાં તમારી ચરણરજ નો પ્રાદુર્ભાવ હોય,



એ જ રજ મારી આંખમાં ઊડે અને સુકી થઈ ગયેલી મારી આંખો ફરી એકવાર ભીની થાય! તમારા સ્નેહની સરવાણી સ્રોત બની ને મારી આંખમાં પરત આવે અને જે દ્રશ્યમાં, તમારા સાનિધ્યમાં મેળવ્યા હતા તે સ્વપ્ન બનીને ફરી વિહરે અને તેના ઊંડાણમાં હું પહોંચી જાઉં!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### હોલ-પાર્ટી પ્લોટમાં પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીન મુકાશે : દેવાંગ દાણી

# વેસ્ટમાંથી બેસ્ટ : કોર્પોરેશન દ્વારા પ્લાસ્ટિકમાંથી કોટી સહિતની ચીજવસ્તુઓને પ્રોત્સાહન અપાશે

ગુજરાત | વંદન

શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનાં અભિયાનની સાથે વેસ્ટમાંથી બેસ્ટનાં ઈનોવેટિવ આઈડિયાને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરવાની સાથે સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ મ્યુનિ. સહિતનાં ખાનગી હોલ-પાર્ટીપ્લોટ તથા મોટી હોટલ-રેસ્ટોરન્ટ વગેરે જગ્યાએ પ્લાસ્ટિક બોટલ ક્રશર મશીન મૂકવા જોગવાઈ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.

ચેરમેન દેવાંગભાઈ દાણી તથા પક્ષનેતા ગૌરાંગભાઈ પ્રજાપતિએ પ્લાસ્ટિકની બોટલમાંથી બનાવાયેલી રંગબેરંગી કોટી, રાઈટીંગ પેડ, ફોન-પેન સ્ટેન્ડ અને થેલી વગેરે દર્શાવતાં કહ્યું કે, કાંકરિયા કાર્નિવલનાં સાત દિવસ દરમિયાન ૧૫૦૦ કિલો પ્લાસ્ટિકની બોટલ વગેરે એકત્ર કરાઈ હતી અને તેને ક્રશ કરી રિસાયકલ કરી શકાય તેવા મશીન મૂકાયા હતા. આ રિસાયકલ થયેલાં પ્લાસ્ટિકમાંથી કોટી વગેરે ચીજવસ્તુ બનાવાઈ છે.

તેવી માહિતી આપતાં સ્ટે. કમિટી ચેરમેને કહ્યું કે, શહેરમાં પ્લાસ્ટિકની બોટલ સહિતની રિસાયકલ-રિયુઝ પોલિસી અંતર્ગત મ્યુનિ.નાં હોલ, પાર્ટીપ્લોટ તથા ખાનગી હોલ-પાર્ટીપ્લોટ વગેરે જગ્યાએ યોજાતાં સામાજિક પ્રસંગોમાં પીવાનાં પાણી માટે પ્લાસ્ટિકની બોટલોનો વપરાશ કરવાનું ચલણ વધ્યું છે. તેનો કચરામાં નિકાલ થાય તેના બદલે રિસાયકલ થાય અને રિયુઝ થાય તેવા ઉમદા હેતુથી સામાજિક પ્રસંગો યોજાય તેવી તમામ જગ્યાઓએ બોટલ ક્રશર મશીન મૂકવાની જોગવાઈ કરવા વિચારી રહ્યાં છીએ. તેમણે કહ્યું કે, કાંકરિયા કાર્નિવલમાં પ્લાસ્ટિકની બોટલો એકત્ર કરી ક્રશર મશીનમાં રિસાયકલ કરવાનો ઈનોવેટીવ આઈડિયા સફળ બનતાં ફ્લાવર શો તથા જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા બુકફેરમાં આ પ્રકારનાં પ્લાસ્ટિક ક્રશર મશીન મૂકવામાં આવશે. રિક્રીએશન કમિટી ચેરમેન જયેશભાઈ ત્રિવેદી તથા ડે.ચેરમેન સ્નેહાકુમારીની ઉપસ્થિતિમાં વેસ્ટમાંથી બેસ્ટ ઈનોવેટિવ અમલમા મુકનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, ૨૦ બોટલનાં પ્લાસ્ટિક તથા પોલીયસ્ટર મટીરિયલનો ઉપયોગ કરીને એક કોટી બનાવવામાં આવે છે.



### રાજ્યમાં 4.94 કરોડ માંથી 2.54 કરોડ પુરુષ, 2.39 કરોડ મહિલા મતદારો

# ગુજરાતમાં મતદારોની સંખ્યા વધીને 4.94 કરોડ પર પહોંચી

ગુજરાત | વંદન

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીના માર્ગદર્શન હેઠળ લોકસભાની આગામી ચૂંટણીઓના અનુસંધાને ગુજરાતમાં ગત 27 ઑક્ટોબરથી 9 ડિસેમ્બર, 2023 સુધી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2024 યોજાયો હતો. તેના ભાગરૂપે, 27 ઑક્ટોબર, 2023ના રોજ પ્રસિદ્ધ કરાયેલી મુસદ્દા મતદાર યાદીમાં 2,51,54,900 પુરુષ, 2,36,03,382 સ્ત્રી અને 1,427 ત્રીજી જાતિના મળી કુલ 4,87,59,709 મતદારો નોંધાયેલા હતા પરંતુ હવે, 5મી જાન્યુઆરી-2024એ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જે અનુસાર 2,54,69,723 પુરુષ, 2,39,78,243 સ્ત્રી તથા 1,503 ત્રીજી જાતિના મળી 4,94,49,469 કુલ મતદારો નોંધાયા છે.

આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી સંનિષ્ઠ કામગીરીની ફલશ્રુતિરૂપે આખરી મતદાર યાદીમાં 1 જાન્યુઆરી, 2024ના રોજ મતદાર તરીકેની પાત્રતા ધરાવતા 3,14,735 પુરુષ, 3,74,971 લાખ સ્ત્રી તથા 54 ત્રીજી જાતિના મળી કુલ 6,89,760 મતદારોનો ઉમેરો કરાયો છે. મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-2024 અંતર્ગત અવસાન પામેલા 1,53,958 મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. જ્યારે 4,60,153 મતદારોની વિગતોમાં સુધારા કરવામાં આવ્યા છે. હજુ પણ પાત્રતા ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની મોબાઈલ એપ્લિકેશન Voter Helpline App અને વેબસાઈટ http://voters.eci.gov.in/ ઉપર ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે અને પોતાના નામની ચકાસણી પણ કરી શકશે.જો નામ ન હોય તો ઉપર જણાવ્યા મુજબ ઓનલાઈન અરજી કરી શકાશે.



## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): આવનાર સપ્તાહ ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. લોકોની પરવા ન કરો અને તમારી ઈચ્છા મુજબના કામ પર જ ધ્યાન આપો. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમે સમજદારીપૂર્વક સમસ્યાનો ઉકેલ શોધી શકશો. નજીકના સંબંધીઓ અને મિત્રો સાથેના સંબંધોમાં નિકટતા વધશે.

**વૃષભ** (બ.વ.ઉ): ઘરેલું સુખ-સામગ્રીની ઓનલાઈન ખરીદીમાં આનંદમય સમય પસાર થશે. આ સપ્તાહે તમે તમારા પરિવારના સભ્યોની સુવિધાઓનું ધ્યાન રાખવામાં સંપૂર્ણ સમર્પણ રાખશો. તમારા અંગત કામ પણ સરળતાથી પૂર્ણ થશે. આર્થિક સમસ્યાઓથી બચવા માટે તમારા ખર્ચાઓ પર રોક લગાવો.

**મિથુન** (ક.છ.ઘ): તમને કોઈ ધાર્મિક કે સામાજિક કાર્યોમાં ભાગ લેવાનું આમંત્રણ મળશે. અને તમારો વિશેષ દરજ્જો લોકોમાં રહેશે. પ્રોપર્ટી સંબંધિત કોઈ કાર્ય ચાલી રહ્યું હોય તો આજે કામ ઉકેલાઈ શકે છે. જો કોઈ અંગત કામ તમારી ઈચ્છા મુજબ પૂર્ણ ન થાય તો મન પરેશાન રહેશે.

**કર્ક** (ડ.હ): સપ્તાહનો મોટાભાગનો સમય પારિવારિક કાર્યોને ગોઠવવામાં પસાર થશે. મિત્ર ની મુલાકાત ફાયદાકારક સાબિત થશે. તમે તમારી જવાબદારીઓને નિભાવવામાં પણ ઘણી હદ સુધી સફળ થશો. કામ અને પારિવારિક જવાબદારીઓને સંતુલિત કરવામાં પડકાર રહેશે.

**સિંહ** (મ.ટ): કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. અને તમે તમારી અન્ય પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ ઉર્જા સાથે ધ્યાન કેન્દ્રિત કરી શકશો. પરિવારના અવિવાહિત સભ્ય તરફથી લગ્નનો પ્રસ્તાવ આવવાની સંભાવના છે. પ્રતિષ્ઠિત લોકો સાથે મુલાકાત લાભદાયી અને સન્માનજનક રહેશે.

**કન્યા** (પ.ઠ.ણ): પરિવારના સભ્યોના સહયોગથી કામનો બોજ હળવો થશે અને વ્યસ્ત દિનચર્યામાં થોડો વિરામ મળવાથી થોડી રાહત મળશે. સપ્તાહ દરમ્યાન તમે કોઈ ખાસ વિષય પર માહિતી મેળવવામાં પસાર કરશો. કોઈ ખાસ વસ્તુની ચોરી અથવા ખોટ થવાની સંભાવના છે.

**તુલા** (ર.ત): પારિવારિક જવાબદારીઓ પ્રત્યેની તમારી જવાબદારીને સમજવાથી પરિવારમાં ખુશીઓ આવશે. તમારી છુપાયેલી પ્રતિભાને પણ ઓળખવામાં આવશે. ઘરમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન પણ થશે. ભૂતકાળની નકારાત્મક બાબતોને વર્તમાન પર હાવી ન થવા દો.

**વૃશ્ચિક** (ન.ય): ગ્રહની સ્થિતિ તમને અણધાર્યો લાભ અપાવનારી છે. જો કોર્ટ સંબંધિત કોઈ મામલો ચાલી રહ્યો હોય તો તેનો નિર્ણય તમારા પક્ષમાં આવી શકે છે. તમને કોઈ રાજકીય વ્યક્તિ તરફથી કોઈ સિદ્ધિ પણ મળવાની છે. તમારી લાપરવાહી કે આળસના કારણે કેટલાક ખાસ કામ અધૂરા રહી જશે.

**ધન** (ભ.ધ.ફ): તમે કોઈ ખાસ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહેશો અને ઘણી હદ સુધી સફળ થશો. ઘરમાં નવી વસ્તુઓની ખરીદી પણ શક્ય છે. ઘરના વરિષ્ઠ લોકોનું માર્ગદર્શન તમારા માટે વિશેષ ફાયદાકારક રહેશે. કોઈ સંબંધી અથવા નજીકના મિત્ર સાથે કોઈ અપ્રિય ઘટના બની શકે છે.

**મકર** (ખ.જ): કોઈ ઈચ્છિત કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. તમે તમારી પ્રતિભા અને ઉર્જાથી દરેક પરિસ્થિતિનો સામનો કરી શકશો. મહિલાઓ માટે સમય ખાસ કરીને અનુકૂળ છે. પરિવારના વરિષ્ઠ સભ્યોનું માર્ગદર્શન રહેશે. વધુ પડતી વિચારસરણીને કારણે કોઈ ખાસ સિદ્ધિ ગુમાવવી પડી શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ): તમને કેટલાક ખાસ લોકોને મળવાનો મોકો મળશે. તમારા શાંતિપૂર્ણ અને મધુર સ્વભાવને કારણે અન્ય લોકો સાથે તમારા સંબંધો વધુ સૌહાર્દપૂર્ણ બનશે. યુવાનો આનંદમાં સમય પસાર કરશે. પરિવાર કે બિઝનેસ સંબંધિત કોઈપણ નિર્ણય લેતા પહેલા સમજી વિચારીને અવશ્ય લો.

**મીન** (દ.ચ.ઝ): સમય આનંદદાયક છે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં, તમને અચાનક કોઈ અનુભવી વ્યક્તિની મદદ મળશે. જેના કારણે તમે તમારી ઘણી સમસ્યાઓથી રાહત અનુભવશો. પોલિસી વગેરેમાં રોકાણ કરવા માટે તમને મિત્ર તરફથી ઉત્તમ સલાહ મળશે. આવકવેરા, લોન વગેરેને લગતી કોઈ સમસ્યા ઊભી થઈ શકે છે. આ કાર્યોને તાત્કાલિક ઉકેલવાનો પ્રયાસ કરો. બાળકોની પ્રવૃત્તિઓ અને સંગત પર નજર રાખવી.

### જ્યાં ભગવાન શ્રીરામ પદ્માસન મુદ્રામાં બિરાજમાન છે

# 500 વર્ષ જૂનું દુનિયાનું એકમાત્ર રામમંદિર બીજે ક્યાંય નહીં પણ અમદાવાદમાં..!

ગુજરાત | વંદન

દુનિયાની સૌપ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી એટલે કે અમદાવાદ શહેર. રાષ્ટ્રીય 600 વર્ષથી વધુ વર્ષનો ઈતિહાસ ધરાવતું અમદાવાદ શહેર વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખાય છે. આ શહેરના કોટ વિસ્તારમાં અદભુત કલાકૃતિ ધરાવતાં ઘર અને મંદિરો જોવા મળે છે. તેવું જ એક હવેલી જેવું ઘર છે અને તેમાં આવેલું 500થી વધુ વર્ષ જૂનું કાલા રામજી મંદિર છે. આ મંદિર વિશ્વમાં બીજું એવું મંદિર છે કે જ્યાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામની શ્યામવર્ણી મૂર્તિ છે.

આ વિશ્વની પહેલી એવી પ્રતિમા છે, જેમાં ભગવાન શ્રીરામ તીરકામઠાં વિના પદ્માસન મુદ્રામાં સંધ્યા પૂજા કરતા હોય તે સ્થિતિમાં બેઠા છે. આ મૂર્તિ આશરે 500થી વધુ વર્ષથી અમદાવાદના કોટ વિસ્તારમાં બિરાજમાન છે.

એક સમયનું ભારતનું માન્ચેસ્ટર કહેવાતું શહેર એટલે અમદાવાદ. પહેલાંના સમયમાં અમદાવાદ તેની ટેક્સટાઈલ મિલને કારણે પ્રખ્યાત હતું. કોટ વિસ્તારમાં જ આવેલા રિલીફ રોડ નજીક કેલિકો ડોમ આવેલો છે. જેની તદ્દન નજીક આ કાલા રામજી મંદિર છે.

કેલિકો ડોમ પાસે આવેલી હાજા પટેલની પોળમાં ખારાકૂવાની પોળમાં શ્યામવર્ણી ભગવાન



શ્રીરામ માતા સીતા સહિત અનુજ લક્ષ્મણ સાથે બિરાજમાન છે. આ મંદિરની ખાસિયતમાં, તે ફક્ત મંદિર નથી. આ એક હવેલી છે, જેમાં ભગવાનની સ્થાપના કરવામાં આવી છે.

આમ તો કોટ વિસ્તારની દરેક પોળમાં ભગવાન શ્રીરામનાં મંદિર હોય છે, પરંતુ આ મંદિરની વિશેષતા એ છે કે આશરે 500 વર્ષ જૂનું છે. તથા ભગવાન શ્રીરામની મૂર્તિ જે પથ્થરમાંથી બનેલી છે તે કાળા રંગનો કસોટી પથ્થર છે. આ એ જ કસોટી પથ્થર છે કે જેના પર સોની સોનાની પરખ કરે છે.

આ મંદિરમાં પુષ્ટિમાર્ગીય હવેલી પ્રથાથી દિવસ દરમિયાન પાંચ વખત આરતી અને ભોગ થાય છે. ભગવાન શ્રીરામની દરેક ઋતુ અનુસાર સેવા થાય છે. મંગળાથી લઈને શયન સુધીની તમામ સેવાઓ મંદિરના પૂજારી પરિવાર દ્વારા થાય છે. શિયાળાની ઋતુમાં ભગવાન શ્રીરામ, માતા સીતા અને લક્ષ્મણજીને ગરમ રજાઈ ઓઢાડવામાં આવે છે. આ ઉપરાંત ગરમીની ઋતુમાં ભગવાનને ચંદનનો લેપ લગાવવામાં આવે છે.

આ ચંદનનો લેપ મંદિરમાં જ પૂજારી દ્વારા ચંદનના લાકડાને ઘસીને તૈયાર કરવામાં આવે છે. આ મંદિરમાં મુખ્ય ત્રણ તહેવાર ધામધૂમથી ઉજવાય છે. જેમાં ચૈત્ર સુદ નોમના દિવસે રામલલ્લાનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાય છે. આ ઉપરાંત દશેરા તથા શ્રીરામ સીતાજીના વિવાહ તિથિને એટલે કે માગસર સુદ પાંચમનો તહેવાર આ મંદિરમાં ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવાય છે.

આ મંદિરની વિશેષતા જણાવતાં ત્યાંના પૂજારી અતુલભાઈ પાઢે જણાવ્યું હતું કે, મંદિર આશરે 500 વર્ષ જૂનું છે. આ પ્રકારની ભગવાનની મુદ્રા અવસ્થાનું કારણ છે કે જ્યારે ભગવાન શ્રીરામ વનવાસ ગયા'તા ત્યારે તેમની સાથે માતા સીતા અને લક્ષ્મણજી પણ હતાં. તે દરમિયાન ધ્યાન અવસ્થામાં બેસીને તેમણે સંધ્યાપૂજા કરી હતી.

આ દુનિયામાં એકમાત્ર આ મૂર્તિ છે, જેમાં ભગવાન પદ્માસન મુદ્રામાં છે. આ ઉપરાંત કાલા રામજી મંદિર નાસિકમાં પણ આવેલું છે, પરંતુ ત્યાં ભગવાનની ઊભી અવસ્થામાં મૂર્તિ છે.

# જાહેરમાં 'ઉઠબેસ' કરાવનાર ચાર પોલીસકર્મીઓએ માફી માંગી

### કારમાં સ્ટંટના કેસમાં પોલીસે કરી હતી કાર્યવાહી

ગુજરાત | વંદન

સિંધુભવન રોડ પર જુહાપુરાના એક યુવકને ઉઠબેસ કરાવી તેનો વિડીયો ઉતારવાની ઘટનામાં ચાર આરોપી પોલીસકર્મીએ ગુજરાત હાઈકોર્ટની બિનશરતી માફી માગી હતી. સિંધુભવન રોડ પર કારમાં સ્ટંટ કરવાના એક મામલાના વાયરલ થયેલા વિડીયો બાદ પોલીસે જુહાપુરાના જુનૈદ મિર્ઝા નામના એક યુવકને તેની મર્સિડિસ કાર સાથે હાથમાં પોસ્ટર પકડાવ્યા બાદ તેને રસ્તા પર જ ઉઠબેસ કરાવી હતી.

આ પોસ્ટરમાં લખ્યું હતું કે ગાડી મેરે બાપ કી હૈ, સડક નહીં.. જોકે, આ કેસમાં પોતે નિર્દોષ હોવા છતાંય પોલીસે ખોટી રીતે સંડોવી દીધો હોવાનો દાવો કરનારા જુનૈદ મિર્ઝાએ ગુજરાત હાઈકોર્ટમાં કેસ કર્યો હતો, જેમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસે તેનું જાહેરમાં અપમાન કરીને સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ કર્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં જુનૈદ મિર્ઝાએ જે ચાર પોલીસકર્મીઓ સામે પિટિશન કરી હતી તે તમામે કોર્ટની બિનશરતી માફી માગી છે. જેમાં સરખેજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ દિલાવરસિંહ સોલંકી અને સિનિયર પોલીસ ઈન્સપેક્ટર વી.જે. ચાવડા, ડીસીપી ઝોન-7 સ્ક્વોડના પીએસઆઈ દિનેશસિંહ રાઠોડ તેમજ કોન્સ્ટેબલ ઈરફાન શેખનો સમાવેશ થાય છે.



આ ચારેય પોલીસકર્મીએ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને માફી માગી હતી. જોકે, પોતાના પર લગાવાયેલા આરોપનો ઉલ્લેખ કર્યા વિના તેમણે લેખિતમાં કોર્ટની માફી માગી છે, તેમજ એવો પણ દાવો કર્યો છે કે તેમણે જે કંઈ કર્યું તેમાં સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ નથી થતો. મતલબ કે, કોર્ટની માફી માગ્યા બાદ પણ આ ચારેય પોલીસકર્મીએ પોતે જે કર્યું તેનો બચાવ કર્યો છે.

પોલીસનો દાવો છે કે, જુનૈદ મિર્ઝાએ પોલીસને ગેરમાર્ગે દોરી હતી, તેમજ તે તપાસમાં પણ સહયોગ નહોતો આપી રહ્યો. આ મામલે અરજદારના વકીલે વધુ સમય માગતા આ કેસની વધુ સુનાવણી 29 જાન્યુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. આ કેસની સુનાવણી હાઈકોર્ટના જસ્ટિસ એ.જે. શાસ્ત્રી અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની બેન્ચ કરી રહી છે.

### હાઇકોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ અને અન્ય જજો વિરૂદ્ધ બોગસ આક્ષેપો કરવાનો મામલો

# જજો પર આક્ષેપ કરનારા સામે 25 હજારનું જામીનપાત્ર વોરંટ

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ અને અન્ય જજો વિરૂદ્ધ બેફામ અને પાયાવિહોણા આક્ષેપો 'સામના ભ્રષ્ટાચાર કા' નામના પ્રકાશનમાં ત્રણ-ત્રણ વાર પ્રકાશિત કરનારા પ્રકાશક વિશાલ ચંદ્રકાંત વ્યાસ વિરૂદ્ધ હાઈકોર્ટે ૨૫ હજારનો જામીન પાત્ર વોરંટ ઈસ્યૂ કર્યો છે. જસ્ટિસ એ.એસ. સુપૈયા અને જસ્ટિસ વિમલ કે. વ્યાસે ગુરુવારે પ્રિતવાદી વિશાલ વ્યાસ વિરૂદ્ધ વોરંટ ઈસ્યૂ કરતાં એવી ટકોર પણ કરી હતી કે, 'આ માણસને હાજર થવા દો અને જો તેને ગુજરાતીમાં રજૂઆત કરવી હોય તો અમે ગુજરાતીમાં એને સાંભળીશું, પણ તેને હાજર થવા દો.' આ કેસની વધુ સુનાવણી ૧૭મી જાન્યુઆરીના રોજ વધુ સુનાવણી મુકરર કરવામાં આવી છે.

આ કેસમાં ૩-૧-૨૨ના રોજ પોતાના કેસમાં વિશાલ વ્યાસ તત્કાલીન ચીફ જસ્ટિસ અરવિંદકુમારની કોર્ટમાં હાજર થયો હતો. ત્યારે તેણે ગુજરાતીમાં પોતાની રજૂઆતો કરતાં ચીફ જસ્ટિસ એવી ટકોર કરી હતી કે,'મિસ્ટર, જો તમે ગુજરાતીમાં બોલશો તો હું કન્નડમાં બોલીશ. તમારે જે કંઇ રજૂઆત કરવી હોય એ માત્રને માત્ર અંગ્રેજીમાં જ કરી શકાશે.

હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની બંધારણીય ભાષા અંગ્રેજી છે અને એ સિવાયની કોઇ ભાષા ચલાવી લેવામાં આવશે નહીં.' ત્યારબાદ વિશાલ વ્યાસે પોતાના પ્રકાશન 'સામના ભ્રષ્ટાચાર કા'માં ચીફ જસ્ટિસ અને અન્ય જજો વિરૂદ્ધ ઉપરાઉપરી ત્રણ વાર પાયાવિહોણા અને બેફામ આક્ષેપો કરતાં લેખો પ્રકાશિત કર્યા હતા. જેની ગંભીર નોંધ લેતાં હાઇકોર્ટે તેની વિરૂદ્ધ ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે કન્ટેમ્પ્ટના કેસનો સામનો કરવા માટે તે હાજર જ થતો નથી અને કોર્ટ સમક્ષ એક અથવા બીજું બહાનું કાઢ્યા કરે છે.

૧લી જાન્યુઆરીના રોજ પણ તેણે હાઈકોર્ટની રજીસ્ટ્રીમાં એક પત્ર લખી પોતે ઓર્થોપેડિક ડોક્ટર હેઠળ સારવાર કરાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં રાજસ્થાનમાં કરોડોના ભ્રષ્ટાચારના કૌભાંડને ઉજાગર કરવામાં તે વ્યસ્ત હોવાનું પત્રમાં તેણે લખ્યું હતું. જે બાબતને રેકર્ડ પર લઈ જસ્ટિસ સુપૈયા અને જસ્ટિસ વ્યાસની ખંડપીઠે આદેશમાં નોંધ્યું હતું કે,'પ્રતિવાદીએ ૨૮મી ડિસેમ્બરે પણ એક આક્ષેપ કરતો પત્ર લખ્યો હતો અને એ પણ રેકર્ડ પર છે. જેમાં એણે બેફામ આક્ષેપો લગાવ્યા છે. અમે અગાઉના આદેશમાં સ્પષ્ટ કર્યો હતો કે જો કન્ટેમ્પ્ટ કરનાર વ્યક્તિ હાજર નહીં રહે તો તેની હાજરી સુનિશ્ચિત કરવા માટે કોર્ટ તેની સામે બિનજામીન પાત્ર વોરંટ ઈસ્યૂ કરશે.



## શબ્દોની સંતાકૂકડી 94

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | ■ |
| | ■ | 4 | 5 | | ■ | 6 |
| 7 | | | | ■ | 9 | |
| ■ | | ■ | 10 | 11 | ■ | |
| 12 | | 13 | ■ | 14 | 15 | |
| | ■ | 16 | 17 | | | ■ |
| 18 | | ■ | | ■ | 19 | |


**ઊભી ચાવી**

(1) યુદ્ધ, સંગ્રામ [3]
(2) પટેલ, પાટીદાર વગેરે જાતિનો એક પ્રકાર [3]
(3) બાળકનું હુલામણું નામ [2]
(5) દીવા કે માંડવીની આસપાસ ફરતાં ફરતાં તાળીઓ પાડીને ગાવું તે [3]
(6) પોલીસ ચોરને પહેરાવે [4]
(8) સૈન્ય [3]
(11) રક્ષણ, સંભાળ [3]
(12) મેદ, પ્રાણીઓના માસમાં રહેલો તેલી પદાર્થ [3]
(13) શરીરમાં કોઈ અંગની ખામી [2]
(15) પકડવાનું એક ઓજાર [3]
(17) ક્રિકેટમાં બેટસમેન બનાવે [2]

**આડી ચાવી**

(1) લક્ષ્ય, 'ટાર્ગેટ' [3]
(3) પથ્થરની પાતળી અને નાની તખતી [2]
(4) એક ગીત - લાંબો -------- અને મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી હું તો છેલ-છબીલો ગુજરાતી' [3]
(7) સમશેર; ખડગ [4]
(9) સંગાથ [2]
(10) એક ફળ [2]
(12) ખાદી કાંતવાનું સાધન [3]
(14) તાંત્રિક તંત્રવિદ્યામાટે રાખે છે તે [3]
(16) જલદી ડરી જાય તેવું [4]
(18) ડર, ભય [2]
(19) બતકને અંગ્રેજીમાં કહેવાય [2]

શબ્દોની સંતાકૂકડી-94નો ઉકેલ



શબ્દોની સંતાકૂકડી-94 નો ઉકેલ બાજુમાં...

## સુડોકુ કોયડો નં. 95

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 6 | 5 | | 2 | | | 9 |
| | | | | 4 | | | 3 | |
| | | | | | | | | 5 |
| 6 | | | 8 | | | 1 | | |
| 5 | | | | 7 | | | 8 | |
| 3 | | 2 | 9 | | 4 | | 6 | |
| | 2 | | 6 | | | | | 1 |
| | | | | 5 | 3 | 9 | 4 | |
| 8 | 3 | | | 9 | | | | 2 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-95નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 6 | 5 | 3 | 2 | 8 | 1 | 9 |
| 2 | 5 | 8 | 1 | 4 | 9 | 7 | 3 | 6 |
| 1 | 9 | 3 | 7 | 6 | 8 | 4 | 2 | 5 |
| 6 | 4 | 7 | 8 | 2 | 5 | 1 | 9 | 3 |
| 5 | 1 | 9 | 3 | 7 | 6 | 2 | 8 | 4 |
| 3 | 8 | 2 | 9 | 1 | 4 | 5 | 6 | 7 |
| 9 | 2 | 4 | 6 | 8 | 7 | 3 | 5 | 1 |
| 7 | 6 | 1 | 2 | 5 | 3 | 9 | 4 | 8 |
| 8 | 3 | 5 | 4 | 9 | 1 | 6 | 7 | 2 |

## દ્વારકા ખાતે ડોલ્ફીન ક્રુઝને વિકસાવી સમગ્ર દેશનું બેનમુન પ્રવાસન સ્થળ બનાવાશે

# શિવરાજપુર બીચ ખાતે પ્રવાસીઓ દરિયાઇ જીવસૃષ્ટિને નજીકથી માણી શકશે

ગુજરાત | વંદન

બેટ દ્વારકાના દરિયામાં હાલ બોટ મારફતે સહેલાણીઓને ડોલ્ફીન દર્શન કરાવવામાં આવી રહયા છે. જો કે હવે સરકારના નવા ટુરીઝમ સ્પોટ તરીકે દ્વારકાના દરીયામાં ડોલ્ફીન ક્રુઝનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્રુઝ શીપમાં દરીયાઈ સફરની સાથે સાથે ડોલ્ફીન નિહાળવાનો લુત્ફ ઉઠાવવો ખૂબ રોમાંચક સફર હોય, સહેલાણીઓને આકર્ષવા દ્વારકાના દરિયામાં ડોલ્ફીન ક્રુઝનું આયોજન કરવામાં આવ્યું છે. જો આમ થશે તો દર વર્ષે કરોડો દર્શનાર્થી તથા સહેલાણીઓની મુલાકાત વાળા દ્વારકા પંથકમાં ટુરિઝમ ઉદ્યોગને નોંધપાત્ર બુસ્ટઅપ મળશે



તે સાથે અનેક ગણા યાત્રીકોના વધારા સાથે દ્વારકા પંથક માત્ર ગુજરાતનું જ નહિં પણ દેશના પશ્ચિમ છેવાડાનું ટુરિઝમ હબ બની જાય તો નવાઈ નહિં. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં પ્રવાસીઓને આકર્ષવા માલદીવની જેમ ફ્લોટીંગ વીલા પ્રોજેક્ટ પણ લાવવામાં આવનાર છે.

ગુજરાત સરકાર દ્વારા એક દાયકા જેટલા સમયથી ટુરિઝમ ઉદ્યોગને સતત વેગવાન બનાવવામાં આવી રહયો છે. અહીં પ્રવાસીઓને આકર્ષવા રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શન હેઠળ આ વર્ષમાં ત્રણ નવા ટુરિઝમ સ્પોટ બનશે.

યાત્રાધામ દ્વારકા, બેટ દ્વારકા અને નાગેશ્વર સહિતના તીર્થ સ્થળો ધરાવતાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધાર્મિક સ્થળોની મુલાકાત લેતાં ભાવિકોની સાથોસાથ ટુરિઝમને પણ વેગ આપવા શિવરાજપુર બીચમાં છેલ્લાં દાયકામાં અવિરત વિકાસ કાર્યોને લીધે રાજ્યનું પ્રથમ હરોળનું પ્રવાસન સ્થળ બની રહ્યું છે.

સરકાર દ્વારા શિવરાજપુર બીચને સંલગ્ન નવા ટુરિઝમ સ્પોટ - એક્વેરિયમ બનાવવામાં આવશે. એક્વેરિયમ બન્યા બાદ શિવરાજપુર બીચ ખાતે વિવિધ પ્રકારની મોજ માણવાની સાથે સહેલાણીઓ દરીયાઈ જીવસૃષ્ટિને ખુબ જ નજીકથી નિહાળી શકશે. જેના કારણે પણ સમગ્ર ક્ષેત્રના પ્રવાસનને ખૂબ જ વેગ મળશે.

બેટ દ્વારકાના દરિયામાં હાલ બોટ મારફતે સહેલાણીઓને ડોલ્ફીન દર્શન કરાવવામાં આવી રહ્યા છે. જો કે હવે સરકારના નવા ટુરીઝમ સ્પોટ તરીકે દ્વારકાના દરીયામાં ડોલ્ફીન ક્રુઝનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રુઝ શીપમાં દરીયાઈ સફરની સાથે સાથે ડોલ્ફીન નિહાળવાનો લુત્ફ ઉઠાવવો ખુબ રોમાંચક સફર હોય, સહેલાણીઓને આકર્ષવા દ્વારકાના દરિયામાં ડોલ્ફીન ક્રુઝનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગોંડલ વિસ્તારમાં વીજ દરોડા: 19.03 લાખની ચોરી ઝડપાઈ

## 42 ટીમો દ્વારા તપાસણી: 83 કનેક્શનોમાં ગેરરીતિ પકડાઇ

ગુજરાત | વંદન

ગોંડલ વિસ્તારમાં સતત બીજા દિવસે પી.જી.વી.એલ. દ્વારા વીજ દરોડાનો દોર શરૂ રાખવામાં આવેલ હતો જેમાં વધુ 19.03 લાખની વીજચોરી ઝડપી લેવામાં આવી છે. ગોંડલના કોટડા સાંગાણી અને વાસાવડના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ અને એસ.આર.પી.ના ચુસ્ત બંદોબસ્ત હેઠળ પી.જી.વી.સી.એલની વીજ ચેકિંગ સ્કવોર્ડ ત્રાટકી હતી. જેમાં રહેણાંક, વાણિજિયક, ખેતીવાડી વગેરે મળીને કુલ 685 જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા.

જે પૈકી 83 વીજ જોડાણોમાં જુદા-જુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં એક અઠવાડિયામાં જ કુલ રૂ19.03 લાખ રકમની વીજ ચોરી પકડી પાડવામાં સફળતા પ્રાપ્ત થયેલ છે. આમ તંત્ર દ્વારા નવા વર્ષના પ્રથમ દિવસે પણ વીજ ચોરો સામે કડક કાર્યવાહી ચાલુ રાખેલ હતી અને આ ચેકિંગ દ્વારા વીજ ચોરોમાં ફફડાટ ફેલાઈ જવા પામેલ છે.

પકડાયેલ વિજચોરીઓના અંદાજીત દંડનીય આકારણીના બીલો ફટકારવામાં આવશે.આ અગાઉ પણ વીજ તંત્ર દ્વારા રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, બોટાદ, સુરેન્દ્રનગર જૂનાગઢ અને ભુજ ખાતે વીજ ચેકિંગ કરવામાં આવેલ હતું. જેમાં પણ માતબર રકમની વીજચોરીઓ પકડી પાડીને વીજ ચોરો સામે લાલ આંખ કરવામાં આવેલ હતી.

આમ તંત્ર દ્વારા દિવસ રાત એક કરીને વીજ લોસ ઘટાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેના થકી પીજીવીસીએલ કંપનીને વીજ વિતરણ બાબતમાં અ+ રેન્ક પ્રાપ્ત કરવામાં સફળતા હાસલ કરેલ છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# કચ્છ-સૌરાષ્ટ્રમાં હવે શિયાળો જામ્યો: ગિરનાર પર્વત પર 4.5 ડીગ્રી ઠંડી નોંધાઈ

## સોરઠમાં પશુ, પક્ષી, યાત્રિકો ઠુંઠવાયા: પર્વત ઠંડોગાર બન્યો

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્ર-કચ્છ જાન્યુઆરી માસમાં પ્રથમ સપ્તાહમાં શિયાળાની ઋતુએ પોતાનો અસલી મીજાજ બતાવતા કાતીલ ઠંડીનું મોજુ ફરી વળતા પશુ પક્ષી પ્રાણીઓ સાથે માનવ જીવન પર અસર જોવા મળી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં હવાના ભેજમાં વધારા સાથે વહેલી પરોઢ અને રાતે ઠંડીનું જોર વધતા ઠેર ઠેર સ્થળોએ તાપણા શરૂ થયા છે. જનજીવન ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈ ગયું છે.

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ ગત ડિસેમ્બર માસમાં ઠંડીના પ્રમાણમાં ચઢાવ ઉતાર બાદ જાન્યુઆરી માસના પ્રારંભિક દિવસોમાં પારો નીચે ઉતરતા ઠંડીનું મોજુ સર્વત્ર પ્રસરી ગયું છે. સૌરાષ્ટ્રના રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં શિયાળાની ઋતુમાં ઠંડીએ જોર પકડતા જનજીવન પર ઠંડીની અસર વર્તાઈ રહી છે. ગિરનાર પર્વત ઉપર ચાલુ સીઝનમાં સૌ પ્રથમવાર 4.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું..

સૌરાષ્ટ્ર કચ્છઉમાં શિયાળો જામતા વહેલી સવારે અને રાત્રીના શહેરી વિસ્તારો અને હાઈવે માર્ગોમાં ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. રાજકોટ



શહેરમાં ચાલુ સીઝનમાં ઠંડીનું જોર વધતા જનતા ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈ ગયા છે.

ઠંડીમાં વધુ વધારો થવા પામતા પારો 4.5 ડીગ્રીથી નીચે આવી જતા જુનાગઢ પર્વત હિમાલય સીમલા થઈ ગયો હોય તેવો અહેસાસ સહેલાણીઓ પ્રવાસીઓ તેમજ ગીરનારના પગથીયા ચડી ઉતરતા લોકોને થઈ રહ્યો હતો જુનાગઢ સકકરબાગ ઝુમાં પ્રાણીઓને ઠંડીથી બચાવવા હીટર બલ્બ નેટ કંતાનો પેક કરવામાં આવી રહ્યા છે.

## વડિલોને વિમાન દ્વારા દક્ષિણ ભારતની યાત્રા કરાવાશે

ગુજરાત | વંદન

પશ્ચિમ કચ્છ ઝોન કડવા પાટીદાર સમાજની ત્રણેય પાંખોની વાર્ષિક સભા મિલન કાર્યક્રમ ઝોન સભાના પ્રમુખ રતિલાલભાઈ ભીમાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં ઝોન સમાજ, મહિલા સંઘ, યુવા સંઘના હોદેદારો ઉપસ્થિત રહી વિચારોની આપલે કરી હતી. જ્ઞાતિજનોમાં આત્મીયતા વધે તેવા પ્રયાસો કરાયા હતા.

યુવાસંઘના પ્રમુખ રમેશ દડગાએ યુવાસંઘની કામગીરીની તથા સમાજના વડિલોને નહિં નફો નહિં નુકસાન સાથે દક્ષિણ ભારતની વિમાનની યાત્રા વિશે માહિતી આપી હતી. મહિલા સંઘના મંત્રી પ્રેમિલાબેન લીંબાણીએ મહિલા સંઘની પ્રવૃતિઓ પર પ્રકાશ પાડતાં કહ્યું હતું કે ગમે તેવા પડકારો ઝીલવા નારીશક્તિ સમક્ષ છે.

## રાજાશાહી યુગનું જુનુ રેલવે સ્ટેશન હવે નયા ભારત યુગમાં આધુનિક બનશે

# 10 કરોડના ખર્ચે સોમનાથ-વેરાવળનું રેલવે સ્ટેશન આધુનિક સુવિધાઓથી સુજ્જ હશે

ગુજરાત | વંદન

યાત્રાધામ સોમનાથ વેરાવળમાં ભારત અમૃતમ યોજના અંતર્ગત 10 કરોડના ખર્ચે નૂતન રેલવે સ્ટેશન બની રહ્યુ છે. રાજાશાહી સમયનું આ રેલવે સ્ટેશન હવે નયા ભારત યુગમાં આધુનિક બનવા જઈ રહ્યુ છે.

સોમનાથ આવનારા વિશ્વભરના પ્રવાસીઓની સુવિધાને ધ્યાને રાખી અહીં અદ્યતન સુવિધાઓથી સજ્જ રખાયુ છે. વેરાવળ રેલવે જંકશનથી દેશભરના વિવિધ રાજ્યોની કનેક્ટિવિટી સાથે ભૂતકાળમાં પણ ટ્રેનો ચાલુ હતી પરંતુ ટુરિઝમ અને વિકાસને લઈ સોમનાથ વેરાવળથી અનેક લાંબા રૂટની ટ્રેનો પણ શરૂ કરાઈ છે.

સોમનાથ તીર્થ હોવાથી હજારો યાત્રાળુઓ આવે છે ત્યારે તેમા વધારે કોચ હોવાથી સ્ટેશન છેડા પર હોય ત્યારે વડીલો વૃદ્ધો અને મહિલાઓએ ટ્રેનમાં પોતાની બેઠક અને કોચ શોધવા લાંબુ ચાલવુ પડતુ હતુ હાલમાં જે ટિકિટબારીને હટાવી લઈ આવતી જતી ટ્રેનોના સેન્ટર પોઈન્ટ પર પ્રત્યક્ષાલય અને સુવિધાયુક્ત વેઈટિંગ રૂમ સહિતની સુવિધાઓ ટ્રેનના કોચના મધ્ય સેન્ટરમાં નિર્માણ થવા જઈ રહી છે. સોમનાથ તીર્થને છાજે એ પ્રકારનું ભવ્ય રેલવે સ્ટેશન તૈયાર થઈ રહ્યુ છે ત્યારે હાલ રેલવે સ્ટેશન વિસ્તારમાં ભારે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા વિકટ બની



છે. સ્થાનિક લોકોએ જ્યા સુધી નવુ રેલવે સ્ટેશન નિર્માણ ન પામે ત્યાં સુધી ટેમ્પરરી પાર્કિંગ તેમજ અન્ય સુવિધાઓ બાબતે યોગ્ય માર્ગદર્શન આપવુ જરૂરી માની રહ્યા છે અને જ્યા સુધી નિર્માણ કાર્ય ચાલે ત્યાં સુધી સત્તાધિશો પણ નિર્માણ કાર્યની સમીક્ષા સમયાન્તરે કરતા રહે તેવી લોકો માગ કરી રહ્યા છે. 10 કરોડના ખર્ચે સ્ટેસનનો પાર્કિંગ તેમજ આસપાસના વિસ્તારને પણ સુવિધાયુક્ત બનાવાઈ રહ્યા છે. તેમ જ અહીં થતી ભારે ટ્રાફિકની સમસ્યાને લઈને હાલ સુધી આવવા જવાનો માર્ગ હતો તેને ઈન અને આઉટ બે જગ્યા બનાવાઈ છે. જેથી અંદર પ્રવેશનો દરવાજો અલગ રહેશે અને બહાર નીકળવાનો દરવાજો પણ અલગ રહેશે. વેરાવળ રેલવે સ્ટેશનના સુપ્રિન્ટેન્ડેન્ટ મહાપાત્રા આરપીએફના અધિકારીઓ તેમજ સ્ટેશન સ્ટાફ સહિત રેલવે કમિટીના સેક્રેટરી મુકેશ ચોલેરા અને સામાજિક કાર્યકર અનિશ રાચ્છ સહિતના લોકોએ રેલવે સ્ટેશનની ચાલી રહેલી કામગીરી સાઈટનું નિરીક્ષણ કર્યુ અને આવનારા સમયમાં વહેલી તકે કામગીરી સંપન્ન થાય તેવી પણ માગ કરી હતી.

અનુસંધાન પેજ 12 પરથી...

### અમદાવાદના...

લીધો હતો. પીએમ મોદીએ આ સમિટમાં ગુજરાતના વિકાસનો મોટો શ્રેય આપ્યો હતો. આ વખતે સમિટમાં 28 દેશો ભાગીદાર બન્યા છે. સમિટમાં 1 લાખ મહેમાનો ભાગ લે તેવી અપેક્ષા છે. સમિટને કારણે અમદાવાદની હોટેલો 8 જાન્યુઆરીથી 12 જાન્યુઆરી સુધી ફુલ થઈ ગઈ છે.

વલસાડમાં ગુજરાત ક્વીન એક્સ

### અમદાવાદ એરપોર્ટ ...

અમદાવાદ એરપોર્ટ વ્યસ્ત રહેશે. બે મોટી સંખ્યામાં આવનાર ચાર્ટર્ડ વિમાનોના પાર્કિંગ ફીલ માટે વડોદરા, રાજકોટ, સુરત એરપોર્ટને સ્ટેન્ડ બાય રાખવામાં આવશે. તેમ છતાં પાર્કિંગ ઉપલબ્ધ નહીં હોય તો ઈન્દોર ખાતે પાર્ક કરાશે.

### ગુજરાતમાં પણ..

માત્ર 450 રૂપિયામાં ગેસ સિલિન્ડર મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયનો ફાયદો 70 લાખ ઉજ્જવલા સ્કીમના બીપીએલ પરિવારોને મળશે.

### આંગડિયા પેઢીમાં...

વિસ્તારમાં આવેલી પટેલ પ્રવિણકુમાર આંગડિયા પેઢીમાં બપોરના સમય દરમિયાન હીરા વેપારી રૂપિયા 88 લાખનું આંગડીયું લેવા માટે આવ્યો હતો. આંગડિયા પેઢીમાંથી રૂપિયા 88 લાખનું આંગડિયું લઈ વેપારી પોતાના નિયત સ્થળે જવા માટે નીકળ્યો હતો. જે દરમિયાન મોપેડ પર આવેલા બે શખ્સોએ બંદૂકની નોક પર હીરા વેપારીને ડરાવી- ધમકાવી બંધક બનાવ્યા બાદ મોપેડ પર બેસાડી લઈ ફરાર થઈ ગયા હતા. ત્યારબાદ કામરેજ નજીક 88 લાખની રોકડ રકમની લૂંટ ચલાવી વેપારીને અધ્ધ રસ્તા વચ્ચે મૂકી ભાગી છૂટ્યા હતા.

### પીજી મેડિકલ...

સવલત પણ જે તે કોલેજોએ આપવાની રહેશે. જોકે હોસ્ટેલમાં રહેવું વિદ્યાર્થીઓ માટે ફરજિયાત નહિ હોય. વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ રહેવાના સ્થળની પસંદગી કરી શકશે. ઉલ્લેખનીય છે કે, આ રેગ્યુલેશન્સમાં એવી સ્પષ્ટતા કરાઈ છે કે, કોલેજો અને યુનિવર્સિટીની પરીક્ષા પોતપોતાના સ્તર પર લેવામાં આવશે. આ પીજી મેડિકલની પરીક્ષા લેનારા એક્ઝામિનરનો અનુભવ ઓછામાં ઓછા ત્રણ વર્ષનો હોવો જોઈએ. આટલો અનુભવ નહિ ધરાવતા એક્ઝામિનરની નિયુક્તિ કરવામાં આવશે નહિ.

### સવા કરોડ ...

બુકફેરમાં વિવિધ પ્રકાશકોના અંદાજે ૧૪૦થી વધુ સ્ટોલ રાખવામા આવ્યા છે.મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના બાળકો દ્વારા બનાવવામા આવેલી વિવિધ ચીજોને ધ્યાનમાં લઈ બાળકો માટે પણ એક સ્ટોલ રાખવામા આવ્યો છે.મુલાકાતીઓ માટે ફ્રી વાહન પાર્કિંગ ઉપરાંત ફુડ કોર્ટ અને સેલ્ફી પોઈન્ટ ઉભા કરવામા આવ્યા છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને કહયુ,આ બુકફેર ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાશે.જેમાં જાણીતા સાહિત્યકારોના બપોરે ૧૨થી ૩ કલાકદરમિયાન જ્ઞાનગંગા નામથી વર્કશોપ યોજાશે.ઉપરાંત સર્જક સંવાદ પણ આયોજિત કરાશે.

બુક ફેરમાં ત્રિવેણી શિર્ષક અંતર્ગત લોકસાહિત્ય,હાસ્ય અને મુશાયરા જેવા કાર્યક્રમ પણ યોજાશે.ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલ અંતર્ગત સોમથી શુક્રવાર દરમિયાન બપોરે ૨.૩૦થી ૫ કલાક દરમિયાન અને શનિ તથા રવિવારે બપોરે ૧૨થી ૨ કલાક દરમિયાન અલગ અલગ દેશોની એવોર્ડ વિનિંગ ફિલ્મ દર્શાવવામા આવશે.રાજય સરકાર દ્વારા વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યુ છે.સમિટમાં દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં નેતાઓ અને ડેલિગેટસ આવવાના છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને શહેરની શોભા વધારવા આવેલા તમામ બ્રિજ,મુખ્ય રસ્તાઓ, સર્કલ, કનેકટિંગ રોડ તથા ઈમારતોને રોશનીથી ઝળહળતા રાખવા અંદાજે રુપિયા ૧.૨૫ કરોડ સુધીનો ખર્ચ કરી કામગીરી કરવા મે.કર્ણાવતી લાઈટ એન્ડ સાઉન્ડ તથા મે.એસ.પી.ઈલેકટ્રીકને કોન્ટ્રાકટ પાસે પેપર કર્યા સિવાય કામગીરી કરાવવા માટે સ્ટેન્ડિંગ કમિટિ દ્વારા તાકીદની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

# જામનગરમાં 4 દિવસીય ટેક ફેસ્ટ-24 ઔદ્યોગિક પ્રદર્શનનું આયોજન કરાયું

## દેશભરના ઉદ્યોગકારો દ્વારા તેમની પ્રોડક્ટસ અને મશીનરી જોવા મળશે

ગુજરાત | વંદન

જામનગરમાં જી.આઈ.ડી.સી. પ્લોટ અને શેડ હોલ્ડર્સ એસોસીએશન (દરેડ)અને લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા વધુ એકવાર જામનગર ટેક-ફ્સ્ટ 2024નું આયોજન આજથી 4 દિવસ માટે કરવામાં આવેલ છે. જી.આઈ.ડી.સી. ફેસ 3 રાજકોટ ખંભાળીયા બાયપાસ રોડ પર યોજાયેલો આ ટેક-ફેસ્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ મેગા ફેરમાં 250-300 સ્ટોલ હશે, જેમાં દેશભરના ઉદ્યોગકારો દ્વારા તેમની પ્રોડકટસ અને અદ્યતન મશીનરીનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.

જામનગરમાં છેલ્લા 50 વર્ષથી 10 હજાર થી વધુ બ્રાસપાર્ટના નાના મોટા ઉદ્યોગો કાર્યરત છે.



જી.આઈ.ડી.સી. પ્લોટ અન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન દ્વારા જામનગર ના ઉદ્યોગોને નવી ટેકનોલોજી અંગે માર્ગદર્શન અને નવીની કરણ કરી શકે તે હેતુથી ઔદ્યોગિક પ્રદર્શન કરવામાં આવ્યું છે, જેમાં અનેક નાની મોટી ઔદ્યોગિક સંસ્થાઓ પણ જોડાયેલી છે.

જેમાં ગુજરાત પોલ્યુસન કંટ્રોલ બોર્ડ, ઈન્ડસ્ટ્રીયલ એકસટેન્સન બ્યુરો ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન, મીનીસ્ટ્રી ઓફ એમ.એસ.એમ.ઈગર્વમન્ટ ઓફ ઈન્ડીયા, ગુજરાત, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સામેલ છે.સમગ્ર આયોજનને ઈન્ડસ્ટ્રીયલ કમીશ્નરેટ,ગુજરાતનો સહયોગ મળી રહયો છે.આ આયોજનમાં સનલાઈન ઈન્ફોટેક ઈવેન્ટ ઈન્ડીયા જોડાયેલ છે

આ જામનગર ટેક ફેસ્ટનું 9:30 કલાકે નવતનપુરી ધામના આચાર્યશ્રી, કૃષ્ણપ્રણામી સંપ્રદાય, જગતગુરૂ 108 શ્રી કૃષ્ણમણીજી મહારાજના આર્શિવચન સાથે શરૂ થયું હતું. આ પ્રસંગે ગુજરાત રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી શહેર ભાજપ પ્રમુખ ડો.વિમલ કગથરા, જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મુંગરા, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન નિલેશ કગથરા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પેજ 1 પરથી...

### વાયબ્રન્ટના રંગમાં...

આ વખતે સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાન ઉપસ્થિત રહેવાના છે. આ સિવાય મોઝામ્બિકના રાષ્ટ્રપતિ ફિલિપ ન્યૂસી અને રશિયાના એક વરિષ્ઠ મંત્રી સહિતના અન્ય કેટલાક દેશોના દિગ્ગજો ગુજરાતનાં મહેમાન બનશે. આટલું જ નહીં કોર્પોરેટ અને બિઝનેસ જગતના એક લાખથી વધુ લોકો ગાંધીનગર આવશે. આ આયોજનમાં અંદાજિત 1 લાખ મહેમાનો સામેલ થવાની આશા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ગુજરાતમાં દર બે વર્ષે યોજાય છે. તેની શરૂઆત 2003માં ભારતના વડાપ્રધાન (તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી) નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થઈ હતી. રાજ્યમાં સમિટની દરેક આવૃત્તિએ નવા પરિણામો અને નવીન તકો રજૂ કરી છે, જ્યારે આ નોંધપાત્ર 20 વર્ષની ઉજવણી કરી રહી છે.

### બાંગ્લાદેશમાં...

બેઠકો મહિલાઓ માટે અનામત છે. બાંગ્લાદેશની સંસદને હાઉસ ઓફ નેશન પણ કહેવામાં આવે છે.

### બ્રિજભૂષણ સામે...

આવી હતી જે બાદ પીડિતા સુપ્રીમ કોર્ટ પહોંચી અને મામલાની FIR નોંધાઈ હતી. દિલ્હી પોલીસે એક ફરિયાદીની ફરિયાદ વિશે કોર્ટમાં જણાવ્યું કે," ફરિયાદી પોતાના પતિની સાથે સંઘની ઓફિસ પર ગઈ હતી પણ તેના પતિને ઓફિસની બહાર જ રોકી દીધો. ઓફિસની અંદર તે સોફા પર બેઠી હતી પણ બ્રિજભૂષણ તેની નજીક આવીને બેસી ગયો અને તેને ખોટી રીતે સ્પર્શ કરવા લાગ્યો જે બાદ તે ખુબ ગભરાઈ ગઈ હતી.. આ ઘટના અંગેની જાણકારી તેણે પોતાના પતિને આપી હતી. તેમને બીજા દિવસે પણ સંઘની ઓફીસમાં બોલાવવામાં આવ્યું હતું જે બાદ તે ઓફીસમાં ગઈ અને ફરી બ્રિજભૂષણે તેનો ખોટી રીતે સ્પર્શ કર્યો" પોલીસે બીજા ફરિયાદી અંગે કોર્ટમાં જણાવતાં કહ્યું કે તે 2019માં અશોકા રોડ પર કુશ્તી સંઘ ઓફિસ પર પોતાના ભાઈ સાથે ગઈ હતી પણ મારા ભાઈને બહાર રોકી દીધું હતું. આ બાદ બ્રિજભૂષણે ઓફીસની અંદર હાજર એક વ્યક્તિને ઓફીસની બહાર જવા માટે કહ્યું અને દરવાજો બંધ કરવા માટે કહ્યું.

### વિશાખાપટ્ટનમમાં...

નથી. કારણ કે મામલો એ છે કે છેલ્લા ત્રણ-ચાર દિવસથી વિશાખાપટ્ટનમમાં દરિયો સતત પાછળની તરફ જઈ રહ્યો છે. સવાલ એ છે કે જો જાપાનમાં ભૂકંપ આવે તો તેની અસર અત્યાર સુધી જોવા મળશે? આ કારણ છે કે બીજું કંઈક છે? મળતી માહિતી મુજબ, સમુદ્ર કિનારાથી લગભગ 100 ફૂટ પાછળ ખસી ગયો છે. ત્યાંના સ્થાનિક માછીમારોનું કહેવું છે કે તેઓ છેલ્લા ત્રણ-ચાર દિવસથી આ ફેરફાર નોંધી રહ્યા છે.

દરિયાની નજીકના વિસ્તારોમાં રહેતા લોકો માટે સૌથી મોટી સમસ્યા છે. આ માછીમારોનું આ ઘટના પર પોતાનું વિશ્લેષણ છે, જો કે તેઓ પણ બહુ સંતુષ્ટ નથી. કેટલાક લોકો ચિંતિત છે જ્યારે અન્ય આશ્ચર્યચકિત છે. વિશાખાપટ્ટનમના દરિયામાં જે કંઈ બને છે તેની ઝડપથી નોંધ લેવામાં આવે છે. આના કારણો પણ છે. હકીકતમાં, લોકો દરરોજ વિશાખાપટ્ટનમ બીચની મજા માણવા જાય છે. મહિલાઓથી લઈને યુવાનો સુધી, બાળકો અહીં રમવા અને મોજમસ્તી કરવાના હેતુથી આવતા રહે છે. સામાન્ય રીતે, ભરતી દરમિયાન, આવા બનાવો જોવા મળે છે જ્યાં દરિયો પીછેહઠ કરે છે અથવા દરિયાની ઊંચાઈ થોડી વધી જાય છે. પરંતુ આ ફેરફાર થોડો વિચિત્ર છે. દરેક જણ આને લઈને ચિંતિત છે. આ પણ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે પ્રવાસીઓની મોસમ છે. સામાન્ય રીતે આંધ્રપ્રદેશના વિવિધ ભાગોમાંથી લોકો ડિસેમ્બરથી ફેબ્રુઆરી વચ્ચે અહીં આવે છે. હવે લોકો રોમાંચિત અને ચિંતિત છે. મેટ્રોલોજી વિભાગના ભૂતપૂર્વ પ્રોફેસર રમેશનું માનવું છે કે તેનો જાપાનમાં આવેલા ભૂકંપ સાથે કોઈ સંબંધ નથી. પ્રોફેસર સમજે છે કે સમુદ્રની અંદર અનેક પ્રકારના ફેરફારો તેના કિનારાને અસર કરે છે અને આ એક સતત પ્રક્રિયા છે

### કીમ-જોંગ-ઊન...

૪૦ વર્ષના જ છે. તેથી તત્કાલતો તેના વારસ વિષે વિચારવાની અનિવાર્યતા પણ નથી. પરંતુ જે રીતે ઉત્તર કોરિયાના વરિષ્ઠ અધિકારીઓ અને સેનાના અધિકારીઓ પણ જુ-એને માન આપતા જોવા મળે છે તે ઉપરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જુ-એ કીમ-જોંગ ઊનની વારસ બનવા તૈયાર કરવામાં આવી રહી છે. સાથે ૨૦૦૮માં કીમ-જોંગ ઊનને સ્ટ્રોક થયો હતો. તે હકીકત હજી સુધી દબાવી રાખવામાં આવી હતી પરંતુ જો તેમજ હોય તો ઊન તેના વારસ તરીકે તેની વહાલી પુત્રીને તૈયાર કરી રહ્યાં હોય તે પણ અસંભવિત તો નથી.

# બંગાળમાં કોંગ્રેસે રાષ્ટ્રપતિ શાસનની માંગણી કરી

## ભાજપે શાસક TMC અને મમતાદીદી પર આકરા પ્રહારો કર્યા

ગુજરાત | વંદન

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના નેતા શેખ શાહજહાંના સમર્થકોએ ગઈકાલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ના અધિકારીઓ પર હુમલો કર્યો અને તેમના વાહનોમાં તોડફોડ કરી હતી જેના બાદ રાજકારણ ગરમાયું હતું, ત્યારે હવે બંગાળ પોલીસે આ મામલે ત્રણ FIR નોંધી છે અને આ ઘટના બાદ કોંગ્રેસે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી છે.

પશ્ચિમ બંગાળમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ પર જીવલેણ હુમલો થયો હતો જેમાં ત્રણ અધિકારીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમના વાહનોને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યુ હતું. જ્યારે હુમલો કરવામાં આવ્યો ત્યારે અધિકારીઓ સાથે માત્ર CRPF 27 જવાનો હતા અને અધિકારીઓએ આ હુમલા અંગે જણાવ્યું હતું કે ટોળાએ તેમના મોબાઈલ ફોન, લેપટોપ, રોકડ તેમજ પાકીટ પણ છીનવી લીધા હતા. હવે આ મામલે બંગાળ પોલીસે 3 FIR નોંધી છે. એક તરફ જ્યાં કોંગ્રેસ પાર્ટીએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગ કરી છે ત્યારે બીજી તરફ રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે પણ તમામ બંધારણીય વિકલ્પો પર વિચાર કરવા અને આ યોગ્ય પગલાં લેવાના સંકેત આપ્યા છે. કોંગ્રેસ નેતા અધિર રંજન ચૌધરીએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ કરતા કહ્યું હતું કે ED અધિકારીઓ પર હુમલા થઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખરાબ છે ત્યારે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવું જરુરી છે.

ભારતીય જનતા પાર્ટીએ હુમલાની ઘટનાને સંઘીય માળખા પર સીધો હુમલો ગણાવ્યો છે, જ્યારે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે મમતા બેનરજીની સરખામણી કિમ જોંગ સાથે કરી દીધી હતી. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ બીજેપી અધ્યક્ષ સુકાંત મજુમદારે આ ઘટના અંગે કહ્યું કે તેમાં રોહિંગ્યાનો હાથ છે વધુમાં કહ્યું કે ભવિષ્યમાં પણ બંગાળીઓ સાથે આવું જ થવાનું છે. આ મામલે શાસક TMCએ આ આરોપોને ફગાવી દઈને આરોપ લગાવ્યો હતો કે EDના અધિકારીઓએ સ્થાનિક લોકોને ઉશ્કેર્યા હતા. ઉલ્લેખનીય છે કે શાહજહાં રાજ્ય મંત્રી જ્યોતિપ્રિયા મલ્લિકના નજીકના માનવામાં આવે છે જેની કરોડો રૂપિયાના રાશન વિતરણ કૌભાંડ મામલે ધરપકડ કરવામાં આવી છે.

## અમેરિકામાં ખાલિસ્તાનીઓએ હિન્દુ મંદિર પર ભારત વિરુદ્ધ સૂત્રો લખ્યા

ગુજરાત | વંદન

અમેરિકા અને કેનેડામાં ખાલિસ્તાની આતંકીઓની ભારત વિરોધી પ્રવૃત્તિઓ સતત ચાલુ રહી છે. હિન્દુ મંદિરમાં તોડફોડના બે સપ્તાહના સમયમાં હવે કેલિફોર્નિયાના હેવર્ડ ખાતે ફરી એક હિન્દુ મંદિરમાં ખાલિસ્તાનીઓએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર લખ્યા છે. અમેરિકાના કેલિફોર્નિયામાં હેવર્ડમાં હિન્દુ મંદિર પર ભારત વિરોધી સૂત્રોચ્ચાર લખવામાં આવ્યા છે. ખાલિસ્તાની સમર્થકોએ વિજયના શેરાવાલી મંદિર બહાર ભારત વિરોધી ભિંત ચિત્રો લગાવ્યા છે. આ જ ક્ષેત્રમાં શિવ દુર્ગા મંદિરમાં ચોરી પણ થઈ હતી. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને મંદિરમાં થયેલી તોડફોડ અંગે માહિતી આપી છે. ફાઉન્ડેશને એક્સ (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું છે કે તેઓ મંદિરના નેતાઓ સાથે અલમ્ડા પોલીસ વિભાગ તેમજ ન્યાય વિભાગના નાગરિક અધિકાર વિભાગના સંપર્કમાં છે.

# આનંદો, સુપરફાસ્ટ ઈન્ટરનેટ સેવા માટે એલોન મસ્કે લોન્ચ કર્યો પહેલો સેટેલાઇટ



■ હવે એવુ નહીં કહેવુ પડે કે- હેલ્લો, તમારો અવાજ કપાય છે..!

ગુજરાત | વંદન

એલોન મસ્કની સ્ટારલિંક ઝડપી ઈન્ટરનેટ માટે સેટેલાઈટનો ઉપયોગ કરવા જઈ રહી છે. જેથી યુઝર્સને હવે સેટેલાઈટની મદદથી ડાયરેક્ટ નેટવર્ક મળશે અને તેના કારણે ફાસ્ટ ઈન્ટરનેટ મેળવવું સરળ બનશે. મસ્કની આ જાહેરાતથી નેટવર્ક કંપનીઓની ચિંતા વધી ગઈ હતી. પરંતુ હવે માહિતી સામે આવી છે કે હાલમાં જ સ્ટારલિંક સેટેલાઈટની પ્રથમ બેચ પણ લોન્ચ કરવામાં આવી છે.એલોન મસ્કે કહ્યું કે ડાયરેક્ટ ટુ સેલ ક્ષમતાના હેતુ માટે છ ઉપગ્રહો મોકલવામાં આવશે. તેની મદદથી વૈશ્વિક કનેક્ટિવિટી ઉપલબ્ધ થવા જઈ રહી છે અને ઘણા વિસ્તારોમાં જ્યાં નેટવર્કની સમસ્યા છે ત્યાં નેટવર્ક ઉપલબ્ધ થશે. મસ્કે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેની મદદથી નેટવર્ક વિશ્વના કોઈપણ ખૂણામાં ઉપલબ્ધ થશે.

સેટેલાઈટની મદદથી નેટવર્કની સમસ્યા દૂર થશે. આ 7Mb પર બીમ પણ પ્રદાન કરશે અને ઝડપની દ્રષ્ટિએ બીમ વધુ ઝડપી છે. આવી સ્થિતિમાં, જ્યાં નેટવર્કની સમસ્યા હોય તેવા સ્થાનો માટે આ એક શ્રેષ્ઠ ઉકેલ હોઈ શકે છે. હવે ઉપલબ્ધ નેટવર્ક માટે આ સૌથી મોટા પડકાર તરીકે ઉભરી આવશે. એલોન મસ્કની જાહેરાતથી તે સ્પષ્ટ થઈ ગયું છે કે તે મોબાઈલ નેટવર્ક પર ઘણું કામ કરી રહ્યા છે.આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે સ્ટારલિંક જીએમસીએસ પરમિટની રાહ જોઈ રહી છે. ભારત સરકાર પાસેથી લાઈસન્સ મેળવ્યા બાદ જ મસ્ક ભારતમાં બ્રોડબેન્ડ સેવા શરૂ કરી શકશે. નોંધનીય છે કે, Jio ભારતમાં સેટેલાઈટ કોમ્યુનિકેશન પર પણ કામ કરી રહ્યું છે. એરટેલ વતી OneWeb પણ આવી જ ટેક્નોલોજી પર કામ કરી રહી છે. પરંતુ આ પહેલા મસ્કએ કામ પૂરું કરીને સેટેલાઈટને લોન્ચ પણ કરી દીધો છે.

# વચગાળાના કેન્દ્રિય બજેટ તૈયાર કરવાની ઔપચારિક પ્રક્રિયા આરંભાઇ, 1લીએ રજૂ થશે

■ લોકસભાની ચૂંટણીઓને કારણે નાણામંત્રી નિર્મલા સિતારામન વર્ષ 2024-25નું વચગાળાનું બજેટ રજૂ કરશે

ગુજરાત | વંદન

બજેટ 2024-2025- નાણા મંત્રાલયે ગુરુવાર, ફેબ્રુઆરી 1, 2024 ના રોજ રજૂ થનારા વચગાળાના બજેટ માટેની ઔપચારિક પ્રક્રિયા શરૂ કરી દીધી છે. નાણા મંત્રાલયે ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગો પાસેથી અંદાજિત ખર્ચ અંગે સૂચનો માંગવાનું શરૂ કર્યું છે. આ મુજબ નાણાકીય વર્ષ 2024-25 માટે વચગાળાના બજેટની રૂપરેખા તૈયાર કરવાની છે.

આગામી વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે, જે પહેલા નાણામંત્રી વર્ષ 2024-25નું વચગાળાનું બજેટ રજૂ કરશે, જેની તૈયારીનું કામ શરૂ થઈ ગયું છે. ગઈ વખતે પણ વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. વચગાળાના બજેટમાં ચાર મહિનાના ખર્ચની મંજૂરી માંગવામાં આવશે.

નાણા મંત્રાલયે વિવિધ વિભાગો અને મંત્રાલયો પાસેથી અંદાજિત ખર્ચની વિગતો માંગી છે. આગામી નાણાકીય વર્ષ 2024-2025માં બે વાર બજેટ રજૂ થવાનું છે. લોકસભાની ચૂંટણી પહેલા વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવશે અને જે પાર્ટી લોકસભા ચૂંટણી જીતશે તે ફરીથી સંસદમાં આખા નાણાકીય વર્ષ માટે સંપૂર્ણ બજેટ રજૂ કરશે.

કેન્દ્રમાં નવી સરકાર બન્યા બાદ બજેટ પર ફરીથી કામ કરવું પડશે. વર્ષ 2024-25ના બજેટ પરિપત્ર મુજબ, નાણાકીય સલાહકારે સુનિશ્ચિત કરવું પડશે કે તમામ વિભાગોની જરૂરી વિગતો શક્ય તેટલી વહેલી તકે મંત્રાલય સુધી પહોંચે.

નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના બજેટ વિભાગે વચગાળાનું બજેટ તૈયાર કરવાનું હોય છે, જો આપણે ખર્ચ સચિવ દ્વારા પ્રી-બજેટ મીટિંગની વાત કરીએ તો તે ઓક્ટોબર 2023ના બીજા સપ્તાહમાં શરૂ થઈ હતી અને તે મધ્ય સુધી ચાલુ રહી હતી. નવેમ્બર. આ પરિપત્ર મુજબ ડિસેમ્બરમાં બજેટ પ્રસ્તાવની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. વર્ષ 2024-25ના બજેટ અનુમાન મુજબ પ્રી-બજેટ બેઠક યોજ્યા બાદ વચગાળાના બજેટ 2024ની તૈયારીઓ કરવામાં આવી રહી છે. પ્રિ-બજેટ મીટિંગમાં વિવિધ મંત્રાલયો અથવા વિભાગો દ્વારા કેવા પ્રકારનો ખર્ચ કરવો પડશે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી.


અત્રે ઉલ્લેખનિય છે કે, નાણા મંત્રાલયનું કામ બજેટ તૈયાર કરવાનું છે. જેના માટે તેઓ તમામ વિભાગોને પૂછે છે કે આગામી નાણાકીય વર્ષમાં કેટલા ભંડોળની જરૂર પડશે. સંબંધિત મંત્રાલયોના અધિકારીઓ તેની ચર્ચા કરે છે. સમગ્ર દેશને ધ્યાનમાં રાખીને અંદાજિત ભંડોળની જાણ નાણા મંત્રાલયને કરવામાં આવે છે.

ત્યારબાદ, આ સંદર્ભમાં નીતિ આયોગ સાથે પણ ચર્ચા કરવામાં આવી છે. આખરે ફંડની જરૂરિયાત અને ખર્ચ વિશેની માહિતી નાણા મંત્રાલય સુધી પહોંચે છે.

બજેટ બનાવતા પહેલા નાણા મંત્રાલય વિભાગોના ખર્ચ અંગે નિષ્ણાતો પાસેથી અભિપ્રાય પણ લે છે. અંદાજિત રકમ નાણા મંત્રાલયના અધિકારીઓ દ્વારા ગણવામાં આવે છે. આ પછી, નાણાં મંત્રાલય વિનંતી કરેલી રકમમાં વધારો અથવા ઘટાડો કરીને બજેટ તૈયાર કરે છે.

દેશમાં એક વર્ષમાં શું શું ખર્ચ થશે તેનો હિસાબ બજેટમાં લખવામાં આવે છે. આને દેશનું નાણાકીય નિવેદન કહી શકાય. જેમાં તમામ અંદાજિત ખર્ચ વિસ્તૃત રીતે લખવામાં આવ્યા છે. આ સાથે ક્યા વિભાગમાં કઈ યોજના શરૂ થશે. વિભાગોને કેટલું ભંડોળ આપવામાં આવશે. આવી તમામ માહિતી બજેટમાં પણ સામેલ છે.

સરકાર એક વિશેષ ટીમ બનાવે છે અને બજેટ સંબંધિત તમામ કામ કરે છે. તમામ માહિતી એકત્ર કર્યા પછી, નોર્થ બ્લોકમાં ટીમ બજેટ બને ત્યાં સુધી બંધ રહે છે. કારણ કે બજેટ ગોપનીય હોય છે. જે નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવે છે. આ ટીમમાં નાણા મંત્રાલયના અધિકારીઓ, નાણામંત્રી અને અન્ય સંબંધિત લોકો સામેલ છે.



2019ના વડગાળાના બજેટ પર ઉડતી નજર

નોંધનીય છે કે, પીયૂષ ગોયલે વર્ષ 2019ના વચગાળાના બજેટમાં ઘણી મોટી જાહેરાતો કરી હતી. તેમણે ખેડૂતો, અસંગઠિત ક્ષેત્રના કામદારો, કરદાતાઓ, MSME સહિત ઘણા વર્ગો માટે મોટી જાહેરાતો કરી હતી. જેમાં સૌથી વધુ ચર્ચા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની થઈ હતી. સરકારે આ યોજના અંતર્ગત એક વર્ષમાં ખેડૂતોના બેંક ખાતામાં 6 હજાર રૂપિયા જમા કરવાની જાહેરાત કરી હતી. આ યોજનાનો લાભ 2 હેક્ટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતો લઈ શકે છે. ત્યારે વિપક્ષે સરકારની આ યોજનાને રાજકીય સ્ટન્ટ ગણાવી હતી. વિપક્ષનો આરોપ હતો કે, સરકારે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ જાહેરાત કરી છે. પીયૂષ ગોયલની બીજી મોટી જાહેરાત કરદાતાઓ માટે હતી. તેમણે 5 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર કરવેરામાંથી મુક્તિની જાહેરાત કરી હતી. ગોયલે એમ પણ કહ્યું હતું કે, જો 6.5 લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા લોકો આવકવેરાની કલમ 80C હેઠળ આવરી લેવામાં આવતા સાધનોમાં રોકાણ કરે, તો તેમને ટેક્સ ચૂકવવાનો રહેશે નહીં. સરકારે સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદા પણ વાર્ષિક 40,000 રૂપિયાથી વધારીને 50,000 રૂપિયા કરી હતી. સરકારે ગ્રેચ્યુઈટી પેમેન્ટની લિમિટ પણ 10 લાખથી વધારીને 20 લાખ રૂપિયા કરી દીધી હતી.

# અદાણીએ એશિયાની ઝૂંપડપટ્ટી ધારાવીને લોન વગર પોતાના ખર્ચે વિકસાવવી પડશે

ગુજરાત | વંદન

■ 600 એકરમાંથી લગભગ 30 લાખ ચોરસ ફૂટ વિસ્તાર અદાણીને બદલારૂપે મળશે, બજાર ભાવે વેચી શકશે



મુંબઈનો ધારાવી સ્લમ વિસ્તાર, જે એશિયાનો સૌથી મોટો ઝૂંપડપટ્ટી વિસ્તાર છે. લગભગ 16 વર્ષ પહેલા તેના રીડેવલપમેન્ટ માટે આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ વિવિધ કારણોસર આ કામ પૂર્ણ થઈ શક્યું ન હતું. હવે દેશના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીએ ધારાવીના રીડેવલપમેન્ટની જવાબદારી લીધી છે. હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટ બાદ અદાણી ગ્રૂપ પહેલીવાર મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું કે, તે આ વિશાળ પ્રોજેક્ટ માટે પૈસા ક્યાંથી મેળવશે. કેમ કે શરત અનુસાર, તે તેના માટે લોન લઈ શકતું નથી. તાજેતરમાં અદાણી ગ્રુપે આ ધારાવીના સમગ્ર પ્રોજેક્ટના આયોજન માટે હાફીઝ કોન્ટ્રાક્ટરનો સમાવેશ કર્યો છે. આ માટે એક વિશેષ કંપની (SPV)ની રચના કરવામાં આવી છે.

અદાણી ગ્રુપે નવેમ્બર 2022માં મહારાષ્ટ્ર સરકાર પાસેથી આ પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. આ માટે રૂ. 5,069 કરોડનું પ્રારંભિક ઈક્વિટી રોકાણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટના નિયમો અને શરતો ખૂબ જ સ્પષ્ટ છે. અદાણી ગ્રુપ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે ક્યાંયથી લોન લઈ શકશે નહી. તેથી, તેણે આંતરિક સ્ત્રોતોમાંથી નાણાં એકત્ર કરવા અથવા નવી પદ્ધતિઓ પસંદ કરવી પડશે.

સાથે જ અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે હાલમાં એવી સ્થિતિ સર્જાઈ નથી કે જૂથે બજારમાંથી નાણાં ઊભા કરવા પડે. જો જરૂર પડશે તો અદાણી ગ્રૂપ આંતરિક સ્ત્રોતો દ્વારા અને SPVમાં હિસ્સો વેચીને અન્ય કંપનીઓને સામેલ કરશે અને તેમાંથી નાણાં એકત્ર કરશે.

નાણાં એકત્ર કરવા માટે, અદાણી જૂથને આ વિસ્તારના વિકાસ પછી કોમર્શિયલ અને રેસિડેન્શિયલ હબ બનાવવાની સ્વતંત્રતા મળશે. ધારાવીનો વિસ્તાર લગભગ 600 એકરમાં ફેલાયેલો છે. તેની સીમાઓમાંથી એક બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સાથે જોડાય છે, જે વિશ્વની સૌથી પ્રીમિયમ ઓફિસ જગ્યાઓમાંની એક છે. નજીકમાં અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન બનાવવામાં આવી રહ્યું છે. એટલે કે આ મુંબઈની સૌથી પ્રાઈમ લેન્ડ છે.

આ પુનઃવિકાસ ધારાવીને મુંબઈની બીજી BKC બનાવી શકે છે. એકવાર અહીંના લોકોનું પુનર્વસન પૂર્ણ થઈ જાય પછી, વિકાસકર્તાને એટલે કે અદાણી માટે 20 થી 30 ટકા જમીન મફતમાં છોડી દેવામાં આવશે, જે લગભગ 30 લાખ ચોરસ ફૂટ વિસ્તાર હશે. આવા પ્રાઈમ લોકેશન પર આટલી વિશાળ ખાલી જમીન મળ્યા બાદ આ વિસ્તાર એક નવું કોમર્શિયલ અને પ્રીમિયમ રેસિડેન્શિયલ હબ બની શકે છે. પુનર્વસન પૂર્ણ થયા પછી, અદાણી જૂથ આ જમીનને બજાર દર મુજબ વિકસાવવા માટે મુક્ત રહેશે.

અદાણી ગ્રૂપ ધારાવીનો પુનઃવિકાસ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને ત્યાં વિકસી રહેલા વ્યવસાયો અને ઉદ્યોગસાહસિકોને ધ્યાનમાં રાખીને. તેમનો પ્રયાસ માત્ર ત્યાં રહેતા લોકોને વધુ સારું જીવન આપવાનો નથી, પરંતુ તેઓ તેમની આજીવિકાને પણ સાચવવા માંગે છે.

એક તરફ, અદાણી ગ્રુપ લોકોની આજીવિકાનું રક્ષણ કરવા અને આગળ વધારવા માટે કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના કરશે. જેમાં ધારાવી વિસ્તારના તમામ નાગરિકો ખાસ કરીને મહિલાઓ અને યુવાનો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. જીવનધોરણ સુધારવા માટે ઘણી વધુ સુવિધાઓ વિકસાવવામાં આવશે. તેમાં ગેસ પાઈપલાઈન, પાણી, વીજળી, સ્વચ્છતા, ડ્રેનેજ, આરોગ્ય, મનોરંજન સુવિધાઓ અને વિશ્વ કક્ષાની શાળા અને હોસ્પિટલ સહિતના ખુલ્લા વિસ્તારોનો પણ સમાવેશ થાય છે.

# સોરી, પેટ્રોલ-ડિઝલના ભાવમાં હાલમાં કોઈ ઘટાડો નહીં થાય

■ કેન્દ્રના પેટ્રોલિયમ મંત્રીએ ભાવ ઘાટડાની શક્યતાને અફવા ગણાવી

ગુજરાત | વંદન



20223ના અંતિમ અઠવાડિયામાં અહેવાલ સામે આવ્યા હતા કે કેન્દ્ર સરકાર નવા વર્ષે પેટ્રોલ ડીઝલની કિંમતમાં કાપ મૂકી શકે છે. રાહતના આ અહેવાલને લોકો આગામી લોકસભા ચૂંટણી સાથે જોડી રહ્યા હતા. જો કે હવે આ અહેવાલને સરકાર દ્વારા જ અફવા ગણાવવામાં આવ્યા છે. પરિણામે જે લોકો 2024માં પેટ્રોલ ડીઝલની કિંમતમાં ઘટાડો થવાની આશા કરી રહ્યા હતા તેઓને આંચકો લાગ્યો છે.28 ડિસેમ્બર 2023ના રોજ અહેવાલ સામે આવ્યા હતા કે મોંઘવારીમાંથી લોકોને રાહત આપવા માટે સરકાર પેટ્રોલ અને ડીઝલમાં છથી 10 રૂપિયાનો કાપ મૂકી શકે છે. આ માટે સરકાર અને તેલ કંપનીઓ વચ્ચે વાતચીત ચાલી રહી છે. જો કે આ વાત ઉપર કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પૂરીએ પૂર્ણવિરામ મૂકી દીધું છે.

હરદીપસિંહ પૂરીએ કહ્યું હતું કે, ઈંધણની કિંમતમાં કાપનો કોઈ પ્રસ્તાવ નથી. આ માત્ર અફવા છે. એટલે કે થોડા સમય પહેલા ઈંધણની કિંમતમાં ઘટાડાની જે વાત સામે આવી હતી તેને સરકારે ખારિજ કરી દીધી છે. હરદીપ પૂરીના નિવેદન બાદ તેલ કંપનીના શેરોમાં અચાનક તેજી જોવા મળી હતી કારણ કે ઈંધણની કિંમતમાં કાપ આવે તો સરકાર અને તેલ કંપનીઓ વચ્ચે એક સમજૂતિ હેઠળ તેની અલમવારી થશે અને કાપની ભરપાઈ 50-50 ટકાના ફોર્મ્યુલા હેઠળ થશે. જો કે પૂરીએ કહી દીધું છે કે ઈંધણની કિંમતમાં કાપને લઈને તેલ કંપનીઓ સાથે કોઈ ચર્ચા થઈ નથી. સરકાર પાસે આવો કોઈ પ્રસ્તાવ નથી. માત્ર મીડિયા રિપોર્ટમાં અટકળો લાગી રહી છે. બીજી તરફ ઓઈલ કંપનીઓએ ગુજરાતમાં પેટ્રોલના ભાવમાં 84 પૈસાનો વધારો કર્યો છે.

# વિશ્વ બેંકને લોન આપનાર સુપર પાવર દેશને હવે રોકાણકારો આપશે લોન

■ અમેરિકાનું રાષ્ટ્રીય દેવુ રેકોર્ડ બ્રેક છતાં સરકારને કોઈ આંચ નહીં આવે:નિષ્ણાતો

ગુજરાત | વંદન



વિશ્વના સુપર પાવર દેશ અમેરિકામાં ફેડરલ સરકારનું કુલ રાષ્ટ્રીય દેવું $34 ટ્રિલિયનના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. દેવાનું આ સ્તર દર્શાવે છે કે આગામી વર્ષોમાં દેશની બેલેન્સ શીટ સુધારવા માટે સરકારને રાજકીય અને આર્થિક મોરચે ઘણા પડકારોનો સામનો કરવો પડશે. નોંધનીય છે કે અનેક દેશોને લોન આપનાર વિશ્વ બેંકને અમેરિકા લેન આપે છે પણ હવે રોકાણકારો સરકારને બચાવવા લેન એટલે કે ધિરાણ આપશે.


અમેરિકાના નાણા વિભાગે દેશની નાણાકીય સ્થિતિ પર એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રાજકીય રીતે વિભાજિત દેશ માટે તણાવ પેદા કરશે. રિપોર્ટ અનુસાર વાર્ષિક બજેટ વિના સરકારના કેટલાક હિસ્સાનું કામ અટકી શકે છે.

રિપબ્લિકન ધારાશાસ્ત્રીઓ અને વ્હાઈટ હાઉસ ગયા વર્ષે જૂનમાં ઐતિહાસિક ડિફોલ્ટના જોખમને ટાળીને દેશની દેવાની ટોચમર્યાદાને અસ્થાયી ધોરણે ઉઠાવવા માટે સંમત થયા હતા. આ કરાર જાન્યુઆરી 2025 સુધી ચાલશે.અમેરિકાનું રાષ્ટ્રીય દેવું વધુ ઝડપથી વધ્યું છે. કોંગ્રેસનલ બજેટ ઓફિસે જાન્યુઆરી 2020માં નાણાકીય વર્ષ 2028-29માં ગ્રોસ ફેડરલ દેવું $34 ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ મૂક્યો હતો.

પરંતુ 2020 માં શરૂ થયેલા કોવિડ રોગચાળાને કારણે, દેવું અપેક્ષા કરતા ઘણા વર્ષો વહેલા આ સ્તરે પહોંચી ગયું છે. અત્યારે કોઈ અસર નથી નહીં થાય એમ કહીને આર્થિક નિષ્ણાતોએ કહ્યું કે, રાષ્ટ્રીય દેવું હાલમાં અમેરિકન અર્થતંત્ર પર બોજ તરીકે દેખાતું નથી, કારણ કે રોકાણકારો ફેડરલ સરકારને ધિરાણ આપવા તૈયાર છે. આ દેવું સરકારને કર વધાર્યા વિના કાર્યક્રમો પર ખર્ચ કરવાનું ચાલુ રાખવા દે છે.

# રામવિલાસ એન્ડ સન્સ બનાવશે રામભકતો માટે એલચીનો સ્વાદિષ્ટ પ્રસાદ

■ રામ મંદિર ટ્રસ્ટ દ્વારા કંપનીને પાંચ લાખ પ્રસાદના પેકેટ બનાવવાનો મળ્યો ઓર્ડર



ગુજરાત | વંદન

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કરોડો રામભકતો અયોધ્યાના રામ મંદિરમાં શ્રી રામ લલ્લાના અભિષેકની રાહ જોઈ રહી છે. તેનું ભવ્ય આયોજન ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ પ્રસંગે મંદિરે આવનારા ભક્તોને એલચીના દાણાનો પ્રસાદ આપવામાં આવશે. જેનો નિર્ણય શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

આ પ્રસાદ ખાંડ અને એલચી મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારનો પ્રસાદ સામાન્ય રીતે દેશના તમામ મંદિરોમાં ભક્તોને આપવામાં આવે છે. પરંતુ આ ખાસ અવસર પર હજારો ભક્તોની અવરજવર રહેશે. આવી સ્થિતિમાં પુષ્કળ પ્રમાણમાં પ્રસાદ ધરાવવો ખૂબ જ જરૂરી છે. આ માટે એક કંપનીને ઓર્ડર આપવામાં આવ્યો છે. આ અવસર માટે કઈ કંપનીને પ્રસાદ બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે આવનારા ભક્તોને આપવામાં આવનાર પ્રસાદ તૈયાર કરવાની જવાબદારી રામવિલાસ એન્ડ સન્સને સોંપવામાં આવી છે. આ કંપનીને પ્રસાદ બનાવશે.

રામવિલાસ એન્ડ સન્સ સાથે સંકળાયેલા મિથિલેશ કુમારના જણાવ્યાં અનુસાર, શ્રી રામ જન્મભૂમિના ભક્તોને જે પ્રકારનો પ્રસાદ આપવામાં આવે છે તે એલચીના દાણા છે. જે એલચી અને ખાંડ મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. કંપની આ કામમાં સતત વ્યસ્ત છે. દરરોજ પ્રસાદ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ જ કાર્ય કરવામાં આવશે.

એલચીના ઘણા સ્વાસ્થ્ય લાભો પણ નોંધાયા છે. કંપનીના ડાયરેક્ટર ચંદ્ર ગુપ્તાના જણાવ્યા અનુસાર, એલચીના બીજમાં પોટેશિયમ, મેગ્નેશિયમ અને ઘણા મિનરલ્સ હોય છે. તે પેટ સંબંધિત સમસ્યાઓમાં ખૂબ જ ઉપયોગી છે, જેનો ઉપયોગ દવા તરીકે થાય છે. કંપની આખાને આવરી લે છે. યુપીના વિવિધ જિલ્લાઓમાંથી લોકો આવે છે અને એલચીના બીજનો ઓર્ડર આપે છે. ખાસ વાત એ છે કે કંપનીના 22 કર્મચારીઓ 22 જાન્યુઆરીથી ફેક્ટરીમાં 5 લાખ પેકેટ બનાવવાનું સતત કામ કરી રહ્યા છે. ભગવાન રામના માતૃ જન્મસ્થળ ગણાતા છત્તીસગઢથી મંદિર માટે 100 ટન ચોખા અયોધ્યા પહોંચ્યા છે. આ ચાસવને અયોધ્યાના રામસેવકપુરમ વિસ્તારમાં રામ મંદિર ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલા સેન્ટ્રલ સ્ટોરમાં રાખવામાં આવ્યો છે. આ સ્ટોર હાલમાં સ્ટોરેજ વેરહાઉસ તરીકે ઉપયોગમાં લેવાય છે. દેશના ખૂણે-ખૂણેથી આવતી ખાદ્ય સામગ્રીનો અહીં સંગ્રહ કરવામાં આવે છે. આ સમગ્ર સામગ્રીનો ઉપયોગ અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓ માટે ભોજન માટે કરવામાં આવશે.

# 8 મોટા મહાનગરોમાં મકાન વેચાણ ઘટ્યું,50 લાખ સુધીની કિંમતના મકાનો માટે કોઇ લેવાલ નથી

## પ્રોપર્ટીના ભાવમાં વધારો અને હોમ લોન પરના ઊંચા વ્યાજને કારણે મકાનોના વેચાણમાં ઘટાડો થયો: નાઈટ ફ્રેન્ક ઈન્ડિયા

ગુજરાત | વંદન

ગયા વર્ષે દેશના 8 મોટા શહેરોમાં રૂ. 50 લાખ સુધીની કિંમતના મકાનોનું વેચાણ 16 ટકા ઘટીને 98,000 યુનિટ થયું છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયા દ્વારા હાલમાં જ જાહેર કરાયેલા એક રિપોર્ટમાં આ માહિતી જાહેર કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રોપર્ટીના ભાવમાં વધારો અને હોમ લોન પરના ઊંચા વ્યાજને કારણે મકાનોના વેચાણમાં ઘટાડો થયો છે.

જો કે, તેમ છતાં, ટોચના 8 શહેરોમાં દિલ્હી-એનસીઆર, મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર), ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ, પુણે, હૈદરાબાદ, તમામ કિંમતની શ્રેણીઓમાં મકાનોનું વેચાણ ગયા વર્ષે 5 ટકા વધીને 3,29,907 થયું હતું. એકમો રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગયા વર્ષે વાર્ષિક ધોરણે રૂ. 50 લાખ સુધીની કિંમતના મકાનોના પુરવઠામાં લગભગ 20 ટકાનો ઘટાડો થયો હતો. જેના કારણે પોસાય તેવા રહેણાંક એકમોના વેચાણમાં ઘટાડો થયો હતો.

મધ્યમ આવક જૂથ અને લક્ઝરી હાઉસિંગ સેગમેન્ટમાં ઊંચી માંગને કારણે એકંદરે ઘરનું વેચાણ 10 વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યું હોવાથી રૂ. 50 લાખ અને તેનાથી ઓછી કિંમતના મકાનો વેચાયા વગરના રહ્યા . રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાએ વેબિનારમાં આ રિપોર્ટ જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે 50 લાખ રૂપિયા અને તેનાથી ઓછી કિંમતની રહેણાંક મિલકતોનું વેચાણ 2022માં 1,17,131 યુનિટના આંકડાથી ઘટીને 2023માં 97,983 યુનિટ થયું છે.

આ કારણે કુલ હાઉસિંગ વેચાણમાં એફોર્ડેબલ હાઉસનો હિસ્સો 37 ટકાથી ઘટીને 30 ટકા થયો છે. 1 કરોડથી વધુની કિંમતના મકાનોનો હિસ્સો 2022માં 27 ટકાથી વધીને 2023માં 34 ટકા થયો છે. નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે, "વધુ મોંઘી પ્રોપર્ટી તરફ વળવાને કારણે હાઉસિંગ માર્કેટમાં પણ 2023માં સારી વૃદ્ધિ જોવા મળી હતી."



મુંબઈમાં વેચાણમાં ઘટાડો થયો હતો. તેમણે કહ્યું હતું કે દેશના મજબૂત આર્થિક પાયાના કારણે ખરીદદારોમાં લાંબા ગાળાનું રોકાણ કરવાનો વિશ્વાસ વધ્યો છે. 2018માં, કુલ રહેણાંક વેચાણમાં પરવડે તેવા ઘરોનો હિસ્સો 54 ટકા હતો. મુંબઈમાં રૂ. 50 લાખ અને તેનાથી ઓછી કિંમતના ઘરોનું વેચાણ 2023માં છ ટકા ઘટીને 39,093 યુનિટ થયું હતું, જે અગાઉના વર્ષમાં 41,595 યુનિટ હતું.

પરવડે તેવા મકાનો બેંગલુરુમાં સૌથી ઓછા વેચાયા હતા. એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટમાં સૌથી મોટો ઘટાડો બેંગલુરુમાં જોવા મળ્યો હતો. બેંગલુરુમાં પરવડે તેવા મકાનોનું વેચાણ 46 ટકા ઘટીને 8,141 યુનિટ થયું છે. 2022માં આ આંકડો 15,205 યુનિટ હતો. દિલ્હી-એનસીઆર માર્કેટમાં પરવડે તેવા ઘરોનું વેચાણ 2022માં 13,290 યુનિટથી 44 ટકા ઘટીને 7,487 યુનિટ થયું છે.

નાઈટ ફ્રેન્કે જણાવ્યું હતું કે 2023માં કુલ હાઉસિંગ વેચાણ પાંચ ટકા વધીને 3,29,097 યુનિટ થયું હતું, જે ગયા વર્ષે 3,12,666 યુનિટ હતું. મુંબઈમાં આવાસનું કુલ વેચાણ 2022માં 85,169 યુનિટથી બે ટકા વધીને 86,871 યુનિટ થયું છે. એ જ રીતે, દિલ્હી-એનસીઆરમાં વેચાણ ત્રણ ટકા વધીને 60,002 યુનિટ થયું, જે ગયા વર્ષે 58,460 યુનિટ હતું. બેંગલુરુમાં કુલ વેચાણ 53,363 યુનિટથી એક ટકા વધીને 54,046 યુનિટ થયું છે. જ્યારે પુણેમાં વેચાણ 43,409 યુનિટથી 13 ટકા વધીને 49,266 યુનિટ થયું છે.

ચેન્નાઈમાં હાઉસિંગનું વેચાણ પાંચ ટકા વધીને 14,920 યુનિટ થયું છે. હૈદરાબાદમાં વેચાણ 31,046 યુનિટના આંકડાથી છ ટકા વધીને 32,880 યુનિટ થયું છે. કોલકાતામાં વેચાણ 16 ટકા વધીને 14,999 યુનિટ થયું છે. એ જ રીતે અમદાવાદમાં મકાનોનું વેચાણ 15 ટકા વધીને 16,113 યુનિટ થયું છે, જે ગયા વર્ષે 14,062 યુનિટ હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# કચ્છના પ્રસિદ્ધ રણોત્સવનું કરો પ્લાનિંગ; વાંચો અહીં લોકપ્રિય એવા રણોત્સવ અને ટેન્ટસિટી વિશે

ગુજરાતમાં શિયાળાની આગેકૂચ સાથે કચ્છના સફેદ રણમાં યોજાયેલા રણોત્સવની રોનક પણ વધી રહી છે. ટેન્ટ સિટીમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે, જેઓ અહીંના જુદા જુદા આકર્ષણોને માણી રહ્યા છે. કેવી છે ટેન્ટ સિટીનો માહોલ. કચ્છના ધોરડોમાં દર વર્ષે યોજાતા રણોત્સવની રોનક આ વખતે પણ જામી છે. નાતાલના સમયથી પ્રવાસીઓનો ધસારો વધ્યો છે.

રણોત્સવની શરૂઆત સાથે સફેદ રણની વચ્ચે એક નાનકડું નગર ધબકતું થઈ જાય છે. કચ્છની ભાતીગળ પરંપરા અને ધોરડો ગામની મહેમાનગતિ ટેન્ટ સિટીને એક આગવું સ્વરૂપ આપે છે. દેશભરમાંથી આવતા પ્રવાસીઓ ટેન્ટ સિટીના જુદા જુદા આકર્ષણો ઉપરાંત સફેદ રણમાં સફારીની મજા માણી રહ્યા છે. યાત્રિકો ટેન્ટ સિટીની વ્યવસ્થાને વખાણી રહ્યા છે.


ટેન્ટ સિટીમાં ફરવા માટે બેટરી ઓપરેટેડ રિક્ષા તેમજ ટોય ટ્રેનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.. ટેન્ટ સિટીમાં રોકાતા મહેમાનો શોપિંગ કરી શકે તે માટે એક હાટ ઉભી કરવામાં આવી છે. જ્યાં કચ્છના પરંપરાગત પોશાક સહિત દેશભરમાં વખણાતી હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુઓ ખરીદી શકાય છે. રાતના સમયે કચ્છી લોકગીતના તાલે કલાકારો દ્વારા ભજવવામાં આવતા લોકનૃત્યોની રમઝટથી ટેન્ટ સિટીની રોનક ઓર વધી જાય છે. પ્રવાસીઓને આ લાઈવ કાર્યક્રમને માણવાની તક મળે છે.

10મી નવેમ્બરથી શરૂ થયેલો રણોત્સવ 25મી ફેબ્રુઆરી સુધી ચાલશે. તાજેતરમાં જ યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશને ધોરડોનો સમાવેશ વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોમાં કર્યો છે. જેને જોતાં રણોત્સવનું મહત્વ અને દેસવિદેશના પ્રવાસીઓનું આકર્ષણ વધી રહ્યા છે..કચ્છના જ ધોળાવીરાનો પહેલી જ વાર રણોત્સવના આયોજનમાં સમાવેશ કરાયો છે, જેને જોતાં સમગ્ર કચ્છ વિશ્વના ટુરિઝમ મેપ પર આવ્યું છે.



# ફાયદાકારક વ્યાયામ છે યોગ્ય મોર્નિંગ વૉક

મોર્નિંગ વૉક યોગ્ય વ્યાયામ છે. તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા થાય છે. મોર્નિંગ વોક કેટલાંક લોકોની દિનચર્યાનું ભાગ હોય છે. ઘણા લોકો શિયાળાની ઠંડીનાં કારણે મોર્નિંગ વૉક પર જવાનું બંધ કરી દે છે. આવું કરવાથી તમારા સ્વાસ્થ્ય પર થતી અસર વિશે જાણો. મોર્નિંગ વૉકથી શારીરક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે. મોર્નિંગ વૉક તમારું મેટાબોલિઝમ સુધારે છે. જેના કારણે વજન નિયંત્રણમાં રહે છે. સવારની તાજી હવા અને સ્વસ્થ વાતાવરણ તણાવને દૂર કરે છે. નિયમિત રીતે મોર્નિંગ વૉક કરવાથી તમારા હાડકા અને સ્નાયુઓ મજબૂત બને છે. જેના કારણે સાંધાની સમસ્યા થતી નથી. નિયમિત રીતે મોર્નિંગ વૉક કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ડાયાબિટીસની સમસ્યા પણ ઓછી થઈ જાય છે.



## શિયાળામાં આ બાબતનું ખાસ ધ્યાન રાખો

મોર્નિંગ વૉકનાં ઘણા ફાયદાઓ છે પણ શિયાળામાં તેની સાથે ઘણા જોખમો જોડાયેલા છે. શિયાળામાં હાર્ટ અટેકની સમસ્યા વધી જાય છે. વિવિધ અભ્યાસ મુજબ, શિયાળામાં એક્યુટ કોરોનરી સિન્ડ્રોમ એટલે કે ACS દર વધી જાય છે. જેથી હૃદયનાં સ્નાયુઓમાં અચાનક લોહીનો પ્રવાહ બંધ થઈ જાય છે. જેના કારણે હાર્ટ અટેકનું જોખમ વધી જાય છે. એટલા માટે શિયાળામાં મોર્નિંગ વૉક કરતી વખતે અમુક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

## આ સાવચેતી રાખવી

સ્વાસ્થ્ય નિષ્ણાંતો મુજબ દરરોજ દસ હજાર પગલાં ચાલવાથી તમે સ્વસ્થ રહી શકો છો. મોર્નિંગ વૉક પર જતાં પહેલા ધ્યાન રાખો કે તમે તમારા શરીરને સંપૂર્ણપણે ઢાંકેલું હોય. તમારા હાથ, કાન અને માથાને ગરમ કપડાં વડે ઢાંકવાનું ભુલશો નહીં. મોર્નિંગ વૉકની શરૂઆત ધીમે-ધીમે ચાલવાથી કરો. જો તમને શ્વાસ અથવા હૃદયની કોઈ ગંભીર સમસ્યા હોય તો મોર્નિંગ વૉક કરવાનું ટાળવું જોઈએ. આ એક બાબતનું ખાસ ધ્યાન રાખો કે મોર્નિંગ વૉકનો મતલબ એમ નથી કે તમે શિયાળામાં સવારે 5-6 વાગ્યે ચાલવા નીકળી પડો. તમે સૂર્યોદય પછી 8 થી 9 વાગ્યાની વચ્ચે પણ મોર્નિંગ વૉક કરી શકો.


# દવા જેટલું ગુણકારી છે આ ફળ, જાણો તે ખાવાથી શું-શું મળશે લાભ

કદંબના ઝાડના માત્ર ફળ જ નહીં, પાંદડાં અને છાલ પણ ઉપયોગી છે. તેના અર્કનો ઉપયોગ ચામડીના રોગોની સારવાર માટે પેસ્ટ બનાવવા માટે કરવામાં આવતો હતો. ઝાડનો અર્ક વ્યક્તિને બેક્ટેરિયાથી બચાવે છે. આ સિવાય આ પેસ્ટને નિયમિત રીતે ચહેરા પર લગાવવાથી ગ્લો આવે છે. આ સિવાય આ ફળ દવા જેટલું ગુણકારી છે. જાણીએ આ ફળ ખાવાથી શું શું ફાયદાઓ થાય છે.

**એનિમિયામાં ફાયદાકારક** | કદંબના ફળમાં વિટામીન સી અને આયર્ન ભરપૂર માત્રામાં હોય છે જે એનિમિયાની સારવારમાં ફાયદાકારક છે. જેના માટે તમારે સવારે મોટી માત્રામાં કદંબ ફળ ખાવા જરુરી છે. જે તમારા લોહીમાં હિમોગ્લોબિનની ઉણપને પૂરી કરવામાં મદદ મળે છે. આ સિવાય તેનો રસ જેમાં આયર્ન હોય છે જે એનિમિયાના દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક છે.

**બ્રેસ્ટ મિલ્ક** | સ્તનપાન કરાવતી માતાઓ માટે આ ફળો કોઈ દવાથી ઓછા નથી. કોળાના ફળ ખાવાથી તમારા સ્તન દૂધની માત્રા વધી શકે છે. પરંતુ આ ફળો ખાતા પહેલા એકવાર તમારા ડોક્ટરની સલાહ ચોક્કસલઇ લેવી જોઈએ. કારણ કે, કેટલીક મહિલાઓને આ ફળોને પચવામાં તકલીફ થઈ શકે છે.

**ડાયાબિટીસ માટે ફાયદાકારક** | આ ફળ બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. માત્ર ફળ જ નહીં, કદંબના ઝાડની છાલ પણ બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવા માટે ખૂબ જ ઉપયોગી છે.



**શુક્રાણુઓની સંખ્યા** | રોજ કદંબ ખાવાથી પુરુષોની પ્રજનન ક્ષમતા વધી શકે છે. તેથી કદંબના ફળ પુરુષોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ ફળોમાં એવા ઘણા ગુણો જોવા મળે છે જે શુક્રાણુઓની સંખ્યા વધારવામાં મદદ કરી શકે છે. એટલું જ નહીં, આ ફળો શરીરનો સ્ટેમિના વધારવામાં પણ અસરકારક છે. આવી સ્થિતિમાં પુરુષોએ પોતાની પ્રજનન ક્ષમતા અને સ્ટેમિના વધારવા માટે દરરોજ કદંબના ફળ ખાવા જોઈએ.

# ઠંડીમાં થતો અસહ્ય માથાના દુઃખાવાથી રાહત મેળવવા જાણો 5 ઘરેલું ઉપચાર



દિવસેને દિવસે વધતી જઈ રહેલી હાડથીજાંવતી ઠંડીમાં માથાનો દુઃખાવો તો સામાન્ય વાત થઈ ગઈ છે. યુવાન હોય કે વડીલ, આ અસહ્ય ઠંડીથી તમામ લોકો સમસ્યાઓનો સામનો કરતા હોય છે. તો બીજી તરફ સ્વેટર, ટોપી કે જેકેટ પહેરવા છતાં પણ કેટલાકને શરદી, ખાંસી કે વાયરલ ઈન્ફેક્શન થવાની શક્યતાઓ પણ રહેલી હોય છે. ઉપરાંત અસહ્ય ઠંડીમાં માથું દુઃખવું કે માથું ભારે લાગવું એ પણ સમસ્યાઓ વધતી જોવા મળી રહી છે. કેટલાક લોકો માથાના દુઃખાવાને દુર કરવા પેનકીલર દવાનો, બામનો કે પછી ઘરેલું આયુર્વેદિક ઉપચારનો ઉપયોગ કરતા હોય છે, જોકે પેનકીલર દવા શરીરને નુકસાન કરતી હોવાથી ઠંડીની સિઝનમાં થતા ઈન્ફેક્સથી ઘરેલું ઉપચારને જ શ્રેષ્ઠ માનવામાં આવે છે, તેથી અમે અહીં 5 એવા ઘરેલું ઉપચાર જણાવી રહ્યા છે, જે તમને ઠંડીની સિઝનમાં થતાં શરદી, માથાના દુઃખાવા, તાવ સહિતના ઈન્ફેક્શનમાં રાહત આપશે.

**ગુણકારી આદુ** | શિયાળામાં આદુ ખુબ જ ગુણકારી કહેવાય છે. આદુની આ ત્રણ રીતનો ઉપયોગ કરી તમે માથાના દુઃખાવામાંથી રાહત મેળવી શકો છો.

1 આદુનો ઉકાળો શરદીમાં શરીરને ગરમ રાખવામાં મદદ કરે છે અને માથુ દુઃખતુ મટાળે છે, એટલુ જ નહીં રોગપ્રતિકારક શક્તિ પણ મજબૂત રાખે છે.

2 આદુનું પાણી ખૂબ ગુણકારી છે તેની સાથે મધનો પણ ઉપયોગ કરી શકાય છે, જે ખૂબ લાભદાયક રહે છે.

3 ગરમ પાણીમાં આદુ નાખીને તેનો નાસ પણ લઈ શકાય છે.

**ગરમ તેલની માલિસ** | અસહ્ય ઠંડીમાં તેલને હૂંફાળું ગરમ કરીને તેની માલિસ કરવાથી રાહત થાય છે. આમ કરવાથી સ્નાયુઓને રાહત મળે છે અને પરિણામે માથાના દુઃખાવામાં રાહત મેળવી શકાય છે. માલિસ માટે સરસ્યાનું તેલ ખૂબ અસરકારક કહેવાય છે.

**યોગાસન** | યોગ અને કસરત કરવાથી પણ માથાનો દુઃખાવો દુર કરી શકાય છે. પશ્ચિમોત્તાનાસન, અધોમુખાસન, સેતુ બંધાસન, હસ્ત પદ્માસન જેવા આસનો કરવાથી માથાના દુઃખાવાથી રાહત મેળવી શકાય છે.

**ભરપુર આરામ** | અસહ્ય ઠંડી હોય ત્યારે કોઈનેય ગાદલું છોડવું ગમતું નથી, જેના કારણે ઘણીવાર જરૂર કરતા વધુ ઊંઘ થઈ જાય છે, જે શરીર માટે નુકસાનકારક છે. ઘણીવાર વધુ પડતા કામના ભારણના કારણે ઊંઘ પુરી થતી નથી, જેના કારણે પણ માથામાં દુઃખાવો થઈ શકે છે, જેથી પ્રયત્ન કરવો કે 7થી 9 કલાકની ઉંઘ મળી રહે.

# શરીર માટે દવાનું કામ કરે છે લાલ બટાકા, BP રહે છે કંટ્રોલમાં

સમગ્ર વિશ્વમાં બટાકા સૌથી વધુ વપરાતા ખોરાકમાંથી એક છે. બટાકા એક એવી શબ્જી છે જે દરેકના ઘરે બને છે અને આ શબ્જી બીજી બધી શબ્જીમાં મિક્સ પણ સરળતાથી થઈ જાય છે. બટાકામાં કેલરી વધુ હોય છે, બટાકામાં ચરબીનું પ્રમાણ ઓછું હોય છે. બટાકામાં સોડિયમ અને કોલેસ્ટ્રોલ નથી હોતું. જો તમે બટાકાના વધુ ફાયદા મેળવવા માંગતા હોવ તો તમે લાલ બટેટા ખાઈ શકો છો. લાલ બટાકા કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, ફાઈબર, વિટામિન સી, પોટેશિયમ, આયર્ન અને મેગ્નેશિયમનો સારો સ્ત્રોત છે.



## જાણીએ લાલ બટાકા ખાવાના ફાયદા

**ઇમ્યુનિટી બૂસ્ટર** | લાલ બટેટા વિટામિન C નો સારો સ્ત્રોત માનવામાં આવે છે. વિટામિન સી શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. લાલ બટાકા ખાવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે અને શરીરને શરદી, ખાંસી, તાવ વગેરે બીમારીઓથી દૂર રાખે છે.

**BP કંટ્રોલમાં થશે ઇમ્યુનિટી બુસ્ટ** | લાલ બટેટા પોટેશિયમનો સારો સ્ત્રોત છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવા માટે લાલ બટાકાનું સેવન ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. જો તમે બ્લડ પ્રેશરના દર્દી છો તો તમે તમારા આહારમાં લાલ બટાકાનો સમાવેશ કરી શકો છો.

**ઊર્જાનો સ્ત્રોત** | લાલ બટાકામાં 34 ગ્રામ કાર્બોહાઈડ્રેટ હોય છે. આમાંથી ત્રણ ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ ફાઈબરથી બનેલા છે. ફાઈબરને કારણે તમે ખાધા પછી લાંબા સમય સુધી પેટ ભરેલું અનુભવી શકો છો, જેનાથી તમારી પાચન ક્રિયા સારી થાય છે. કબજિયાત અને ઝાડા અટકાવે છે અને કદાચ કોલેસ્ટ્રોલ અને બ્લડ સુગર ઘટાડે છે.

**ઓછી ચરબી** | બટાકાને ફ્રાય કરવાથી તેમાં ચરબી વધે છે, પરંતુ જ્યારે લાલ બટાકાને બાફવામાં આવે છે, શેકવામાં આવે છે અથવા તાજા શાક અને શાકભાજી સાથે રાંધવામાં આવે છે, ત્યારે તે સ્વાદિષ્ટ અને ફેટ ફ્રી બને છે.

**તણાવ ઘટાડવામાં મદદરૂપ** | લાલ બટાકામાં વિટામિન B6 ભરપૂર માત્રામાં જોવા મળે છે. આ વિટામિન સારી માનસિક સ્થિતિ જાળવવામાં મદદ કરે છે. જો તમે પણ તણાવમાં રહો છો, તો તમારા આહારમાં લાલ બટાકાને અવશ્ય સામેલ કરો.



# બાળકોને આટલું જરૂર શીખવો, નાની ઉંમરે આ કામ કરશે તો જીવનમાં પાછળ નહીં રહે

જ્યારે બાળકો ઈન્ડિપેન્ડ થવા લાગે છે ત્યારે તે તેમના સમયનું યોગ્ય રીતે મેનેજમેન્ટ નથી કરી શકતા. તેઓ એવા કાર્ય માટે વધુ સમય આપે છે જેના માટે તેમને ઓછો સમય ફાળવવો પડ્યો હતો અને કોઈ જરુરી વસ્તુને ટાઈમ ઓછો હોવાના કારણે સ્કિપ કરી દે છે. પરંતુ તેમના બાળકને યોગ્ય સમય વ્યવસ્થાપન શીખવવાનું કામ માતાપિતાનું છે.

**સ્વચ્છતા** | બાળકોને સાફ સફાઇ કરતા પણ શીખવુ જોઈએ. માતાપિતાએ તેમના બાળકોને 15 વર્ષની ઉંમરે સ્વચ્છતા વિશે જણાવવું જોઈએ. ઉપરાંત, બાળકોને શીખવવું જોઈએ કે આ તેમના માટે કેટલું મહત્વપૂર્ણ છે.ધીરે ધીરે તેમને નાના નાના કામ કરાવતા રહેવુ જોઈએ અને જો તેઓ ગંદકી કરે તો શીખવવુ જોઈએ કે આ ખોટુ છે.

**પૈસાની કિંમત** | તમે 15 વર્ષની ઉંમરે નાના બાળકોને પૈસાની સાચી કિંમત સમજાવવી જોઈએ. આ તેમના ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમને નાના કાર્યો કરાવો અને તેના માટે પૈસા આપો અને તેનું સંચાલન કેવી રીતે કરવું તે શીખવો. આમ તેઓ શીખશે કે પૈસા કેટલા જરુરી છે અને કેવી રીતે બચાવી શકાય.

**હેલ્થ** | જેમ જેમ બાળકો મોટા થાય છે, તેઓ તેમના સ્વાસ્થ્ય સિવાય તેમના જીવનમાં બીજું બધું મહત્વપૂર્ણ માને છે. તેથી, 15 વર્ષના બાળકોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે સંવેદનશીલ રહેવાનું શીખવો. તેમને તંદુરસ્ત ખોરાક વિશે કહો અને સારી જીવનશૈલી શું છે તે શીખવો.

**ટાઇમ મેન્જમેન્ટ** | જ્યારે બાળકો ઈન્ડિપેન્ડ થવા લાગે છે ત્યારે તે તેમના સમયનું યોગ્ય રીતે મેનેજમેન્ટ નથી કરી શકતા. તેઓ એવા કાર્ય માટે વધુ સમય આપે છે જેના માટે તેમને ઓછો સમય ફાળવવો પડ્યો હતો અને કોઈ જરુરી વસ્તુને ટાઈમ ઓછો હોવાના કારણે સ્કિપ કરી દે છે.

નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# ક્રિકેટમાં ખેલાડીની ઈજાની સારવાર માટે વધુમાં વધુ ચાર મિનિટ મળશે

ગુજરાત | વંદન

નવા વર્ષમાં ક્રિકેટના નિયમોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. આમાંના કેટલાકની ઔપચારિક જાહેરાત થઈ શકી નથી. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ એક નિયમમાં ફેરફાર કર્યો છે, જેનો ખેલાડીઓ અયોગ્ય લાભ લેતા હતા. હવે જો સ્ટમ્પિંગ માટે અપીલ થાય અને મેદાન પરના અમ્પાયર તેને થર્ડ અમ્પાયર પાસે મોકલે, તો માત્ર સાઈડ-ઓન રિપ્લે જ જોવામાં આવશે. કેચ પાછળનો અર્થ છે કે, વિકેટકીપરના કેચની તપાસ કરવામાં આવશે નહીં.

ક્રિકબઝના અહેવાલ મુજબ, ઘણી વખત એવું બને છે કે, સ્ટમ્પિંગ માટે અપીલ કર્યા પછી, ફિલ્ડિંગ ટીમને કેચ બિહાઈન્ડની સમીક્ષા પણ મળે છે. તે ડીઆરએસનો ઉપયોગ કર્યા વિના બેટ્સમેનની વિકેટ મેળવે છે. કનેક્શનના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જો ઈજાગ્રસ્ત ખેલાડીને બોલિંગમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હોય, તો તેના સ્થાને આવેલા ખેલાડીને બોલિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.



- ઓટો નો બોલ અને મેદાન પર ખેલાડીઓને થતી ઈજા અંગેના નિયમો
- નવા વર્ષમાં ક્રિકેટના નિયમોમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા

ગયા વર્ષે ઑસ્ટ્રેલિયા સામેની હોમ સિરીઝમાં ઘણી વખત આવું બન્યું હતું, જ્યાં ઑસ્ટ્રેલિયન ટીમે સ્ટમ્પની પાછળ વિકેટકીપર એલેક્સ કેરી સાથે સ્ટમ્પિંગની અપીલ કરી હતી. આના પરિણામે ડીઆરએસનો ઉપયોગ કર્યા વિના ચેક પાછળ પકડાયો. ફિલ્ડિંગ ટીમોએ હવે કેચ પાછળની તપાસ કરવા માટે સમીક્ષા (ડીઆરએસ) કરવાની જરૂર પડશે, કારણ કે સ્ટમ્પિંગ અપીલ પર ફક્ત બાજુ પરના કેમેરાથી રિપ્લે બતાવવામાં આવશે.

નિયમોમાં ફેરફાર 12 ડિસેમ્બર, 2023 થી અમલમાં આવ્યો છે. હવે થર્ડ અમ્પાયર ફ્રન્ટ ફૂટ સિવાય તમામ પ્રકારના ફૂટ ફોલ્ટ નો બોલ ચેક કરી શકશે. જો કોઈ ખેલાડી મેદાન પર ઈજાગ્રસ્ત થાય છે, તો તેની ઈજા અને સારવાર માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. મેદાન પરના મૂલ્યાંકન અથવા ખેલાડીની ઈજાની સારવાર માટે વધુમાં વધુ ચાર મિનિટ આપવામાં આવશે.

# ભારતમાં પ્રથમવાર દીવમાં મલ્ટી સ્પોર્ટ્સ બીચ ગેમ્સ 2024નો પ્રારંભ



- કેન્દ્રીય રમત ગમત પ્રધાન અનુરાગ ઠાકુરે ખુલ્લો મુક્યો

ગુજરાત | વંદન

ભારતનો પ્રથમ મલ્ટી સ્પોર્ટ્સ બીચ ગેમ્સનો દીવમાં પ્રારંભ થયો છે. 4 જાન્યુઆરીની સંધ્યાએ કેન્દ્રીય રમત ગમત પ્રધાન અનુરાગ ઠાકુરે ખુલ્લો મુક્યો હતો. દીવના સુંદર ઘોઘલા બીચ ખાતે આ રમતોત્સવની શરુઆત થઈ છે.

વ ખાતે બીચ ગેમ્સ 2024 ના ભવ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. જેમાં અતિથિ વિશેષની હાજરીમાં રંગારંગ રોશની અને સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી.

આ રમોતત્સવને ખૂલ્લો મુકવાના પ્રસંગે દિલ્હીના ગવર્નર વિનયકુમાર સક્સેના અને લદ્દાખના ગવર્નર લેફ્ટનન્ટ બ્રિગેડિયર બી.ડી. મિશ્રા ઉપસ્થિત રહ્યા હતા. દીવ-દમણના પ્રશાસક પ્રફુલ પટેલે તેમને ઉષ્માભેર આવકાર્યા હતા. લક્ષદ્વીપના પ્રશાસકનો પણ હવાલો સંભાળતા પ્રફુલ પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસીય મુલાકાતના કાર્યક્રમ બાદ યુવાનોનું પ્રોત્સાહન વધારવા લક્ષદ્વીપથી દીવ સીધા પહોંચ્યા હતા.

# T20 વર્લ્ડ કપ 2024માં ભારત અને પાક.ની મેચ 9 જૂને ન્યૂયોર્કમાં રમાશે





- આઈસીસી દ્વારા T20 વર્લ્ડ કપનો સમય પત્રક જાહેર કરાયો

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપ 2024, ન્યૂયોર્કમાં 9 જૂને ભારત પાકિસ્તાન ટકરાશે તેવી સંભાવના સેવાઈ રહી છે, ભારત 5 જૂને આયર્લેન્ડ સામેની મેચથી T20 વર્લ્ડ કપ સિરીઝની શરૂઆત અને બાર્બાડોસમાં ટૂર્નામેન્ટની ફાઈનલની રમે તેવી અપેક્ષા છે. ભારત T20 વર્લ્ડ કપ 2024 દરમિયાન ન્યૂયોર્કમાં 9 જૂને પાકિસ્તાન સામે ટકરાશે અને કટ્ટર હરીફો સામેની મેચના ચાર દિવસ પહેલા, તેમના અભિયાનની શરૂઆતની મેચમાં આયર્લેન્ડ સામે રમશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય ટીમ, તેમના બીજા T20 વર્લ્ડ કપ વિજેતાના ટાઈટલ પીછો કરશે, જો તેઓ ક્વોલિફાય થશે તો યુએસએમાં તેમની ગ્રૂપ રમતો અને વેસ્ટ ઈન્ડિઝમાં સુપર 8 મેચો રમવાની અપેક્ષા છે. ભારત તેમના અભિયાનની શરૂઆત કરવા માટે 5 જૂને ન્યૂયોર્કમાં આઈરિશ ટીમનો સામનો કરશે. પાકિસ્તાન સામેની મેચ બાદ, ભારત 12 જૂને ન્યૂયોર્કમાં યુએસએ સામે ટકરાશે તેમજ તેની અંતિમ ગ્રુપ સ્ટેજની રમતમાં કેનેડાનો સામનો કરવા ફ્લોરિડામાં જશે.

**ગ્રુપ તબક્કામાં ભારત માટે T20 વર્લ્ડ કપ 2024નું શેડ્યૂલ**

- ભારત VS આયર્લેન્ડ 5 જૂને(ન્યૂયોર્ક)
- ભારત VS પાકિસ્તાન 9 જૂન (ન્યૂયોર્ક)
- ભારત VS યુએસએ 12 જૂન (ન્યૂયોર્ક)
- ભારત VS કેનેડા 15 જૂન (ફ્લોરિડા)

જો ભારત સુપર 8 તબક્કા માટે ક્વોલિફાય થાય છે, તો રાઉન્ડની તેની પ્રથમ મેચ 20 જૂને બાર્બાડોસમાં થશે, ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝમાં તેની તમામ સુપર 8 મેચ રમશે તેવી અપેક્ષા છે.

T20 માટે રોહિત અને કોહલીમાં અનેરી ઉત્સુકતા, કદાચ આ વર્લ્ડ કપ તેમનો છેલ્લો વર્લ્ડ કપ બની શકે છે. તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય સ્ટાર્સ રોહિત શર્મા અને વિરાટ કોહલી T20 વર્લ્ડ કપ માટે ટીમનો ભાગ બનવા આતુર છે, રોહિત અને કોહલી બંને નવેમ્બર 2022માં ઈંગ્લેન્ડ સામે T20 વર્લ્ડ કપ સેમિફાઈનલ બાદ ભારત માટે સૌથી ટૂંકા ફોર્મેટમાં રમ્યા નથી. આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે T20 વર્લ્ડ કપ 2024ને ધ્યાનમાં રાખીને IPL દરમિયાન કુલ 30 ખેલાડીઓ પર નજર રાખવામાં આવશે.

# ક્રિકેટમાં 7 નંબર અને ફૂટબોલમાં 10 નંબરની જર્સી જોવા નહીં મળે

- મેસ્સી નિવૃત્ત થયા પછી તેની 10 નંબરની જર્સી પણ ફૂટબોલ ટીમ દ્વારા નિવૃત્ત કરાશે

ગુજરાત | વંદન

લિયોનેલ મેસ્સી નિવૃત્ત થયા પછી તેની 10 નંબરની જર્સી પણ આર્જેન્ટીના રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ દ્વારા નિવૃત્ત કરવામાં આવશે. આર્જેન્ટી ફૂટબોલ એસોસિયેએશને આ નિર્ણય મેસ્સીના સન્માન માટે લીધો છે. મેસ્સી હજુ સુધી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્ત થયો નથી.

મેસ્સીની કપ્તાનીમાં આર્જેન્ટીનાએ ગયા વર્ષે કતારમાં ફૂટબોલ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. આર્જેન્ટીનાની ટીમ 36 વર્ષ બાદ વર્લ્ડ ચેમ્પિયન બની છે. ફાઈનલમાં આર્જેન્ટીનાએ ફ્રાંસને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું હતું.

સ્પેનિશ અખબાર માર્કાએ આર્જેન્ટીનાના ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ ક્લાઉડિયો તાપિયાને ટાંકીને કહ્યું હતું કે જ્યારે મેસ્સી આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેશે ત્યારે અન્ય કોઈને તેની 10 નંબરની જર્સી પહેરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. મેસ્સીના સન્માનમાં 10 નંબરની જર્સી નિવૃત્ત કરવામાં આવશે.


મેસ્સી પહેલાં ડિયેગો મેરાડોના પણ આર્જેન્ટીના તરફથી રમતી વખતે 10 નંબરની જર્સી પહેરતા હતા. આર્જેન્ટીનાએ 2002માં મેરાડોનાના સન્માનમાં આ જર્સીને રિટાયર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઈન્ટરનેશનલ ફૂટબોલ ફેડરેશનના કડક નિયમોને કારણે આ થઈ શક્યું નહીં. ફિફાના નિયમો અનુસાર, ટીમે 1થી 23 નંબરનો ઉપયોગ કરવો આવશ્યક છે. આવી સ્થિતિમાં ભવિષ્યમાં કોઈને આ નંબરની જર્સી લેવાની ફરજ પડી શકે છે.

મેસ્સીએ 2016માં ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી હતી, પરંતુ એ પછી તે મેદાનમાં પાછો ફર્યો હતો. વાસ્તવમાં 2014 વર્લ્ડ કપ ફાઇનલમાં જર્મની સામેની હાર અને કોપા અમેરિકામાં ચિલી સામેની હાર પછી શંકા હતી કે મેસ્સી આગળ નહીં રમે. તેણે 2016માં નિવૃત્તિ પણ લીધી હતી, પરંતુ એ પછી તેણે પુનરાગમન કર્યું અને ત્યારથી તેણે શાનદાર પ્રદર્શન કર્યું છે.

મેસ્સીએ આર્જેન્ટીના માટે 180 મેચમાં 106 ગોલ કર્યા છે. તેણે ટીમને 2021 કોપા અમેરિકા અને 2022 વર્લ્ડ કપ જિતાડ્યો છે. હજુ એ સ્પષ્ટ નથી થયું કે મેસ્સી 2026 ફિફા વર્લ્ડ કપમાં રમશે કે નહીં, પરંતુ એ પહેલાં તે 2024માં આર્જેન્ટીના માટે બીજી વખત કોપા અમેરિકા કપ જીતવા માગશે.થોડાં અઠવાડિયાં પહેલાં 2022 વર્લ્ડ કપ દરમિયાન મેસ્સી દ્વારા પહેરવામાં આવેલી 6 જર્સી એક હરાજીમાં $7.8 મિલિયન (લગભગ 64 કરોડ રૂપિયા)માં વેચાઈ હતી.

વર્લ્ડ કપની એક જ સીઝનમાં રમાયેલી તમામ મેચમાં ગોલ કરનાર મેસ્સી એકમાત્ર ફૂટબોલર છે. તેણે ફાઈનલમાં ફ્રાન્સ સામે પણ ગોલ કર્યા હતા. બીસીસીઆઈએ એમએસ ધોની અને સચિન તેંડુલકરના સન્માનમાં તેમની જર્સી નિવૃત્ત કરી છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં જ બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન ધોનીની જર્સી નંબર 7 તેમના સન્માનમાં નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો હતો. તેની કપ્તાની હેઠળ ધોનીએ 2007માં T-20 અને 2013માં ચેમ્પિયન્સ ટ્રોફી સાથે 2011માં ODI વર્લ્ડ કપમાં દેશનું નેતૃત્વ કર્યું હતું. ધોની પહેલાં બીસીસીઆઈએ સચિન તેંડુલકરની 10 નંબરની જર્સીને પણ આ સન્માન આપ્યું હતું. વર્ષ 2017માં સચિનની 10 નંબરની જર્સી પણ હંમેશ માટે રિટાયર થઈ ગઈ હતી.




# ટીમ ઈન્ડિયાના કપ્તાને રોકડું પરખાવ્યું : દેશ નહીં, પીચ જોઈને રેટિંગ આપો

- રોહિત શર્માને કેપટાઉનની પિચ પર શંકા પડી હતી

ગુજરાત | વંદન



સાઉથ આફ્રિકા અને ભારત વચ્ચે કેપટાઉનના ન્યુલેન્ડ્સમાં બીજી ટેસ્ટ મેચ રમાઈ હતી. પ્રથમ દિવસે જ આ મેચમાં 23 વિકેટ પડી હતી. બીજા દિવસે વધુ 10 વિકેટ પડી હતી અને મેચ પુરી થઈ હતી. બોલની વાત કરીએ તો ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ સૌથી નાની મેચ બની છે. ઓછામાં ઓછી પાંચ દિવસ ચાલે તેટલી મેચ ફક્ત દોઢ દિવસમાં પૂરી થઈ જતાં પિચ સામે આંગળી ઉઠી છે અને રોહિત શર્માને પણ શંકા પડી હતી.

જીત બાદ રોહિતે કહ્યું કે ભારતમાં આવીને રમો તો કહો છે કે પહેલા જ દિવસથી ટર્ન થઈ રહ્યો છે. તમે પિચ જોઈને રેટિંગ આપો, દેશ જોઈને નહીં. રોહિતે 2023ના વર્લ્ડ કપની ફાઈનલની પિચનો પણ ઉલ્લેખ કર્યો હતો. રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે "તમે બધાએ જોયું કે આ મેચમાં શું થયું હતું. મને આ પિચ પર રમવામાં ત્યાં સુધી વાંધો નથી કે જ્યાં સુધી તમે ત્યાં આવીને તમારુ મોં બંધ ન કરો. અહીં રમવામાં જોખમ હતું. પિચ પર તિરાડો હતી. તમે ભારતમાં આવીને પણ ચેલેન્જ ફેસ કરો. ભારતમાં પહેલા જ જિવસે ટ્રેક ટર્ન કરીને કહો છે કે પિચ પર ધૂળ ઉડી રહી છે. વિશ્વ કપ ફાઈનલમાં સદી લાગી અને તે પિચને ખરાબ ગણાવાઈ. તમે પિચ જોઈને રેટિંગ આપો દેશ જોઈને નહીં.

# હવે રહાણે પાસે રણજી ટ્રોફી 2024માં શાનદાર પ્રદર્શન કરીને ટીમમાં વાપસીની તક

- રણજી ટ્રોફીમાં ટીમના પ્લેઈંગ 11માં અજિંક્ય રહાણેના નામની બાદબાકી

ગુજરાત | વંદન



પૂર્વ કેપ્ટન અને અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણે આ દિવસોમાં ભારતીય ટેસ્ટ ટીમની બહાર છે. તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ટીમમાં પાછો ફર્યો હતો અને રહાણેએ તે મેચમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આમ છતાં તેને દક્ષિણ આફ્રિકાના પ્રવાસ માટે પસંદ કરવામાં આવ્યો ન હતો. હવે રહાણે પાસે રણજી ટ્રોફી 2024માં શાનદાર પ્રદર્શન કરીને ટીમમાં વાપસી કરવાની તક છે. પરંતુ તે પહેલા તેમના ચાહકોને પહેલી જ મેચમાં મોટો આંચકો લાગ્યો હતો.

શુક્રવારથી શરૂ થયેલી રણજી ટ્રોફીમાં મુંબઈ તેની પ્રથમ મેચ બિહાર સામે રમી રહ્યું છે. પરંતુ આ ટીમના પ્લેઈંગ 11માં અજિંક્ય રહાણેનું નામ સામેલ નથી. રહાણે મુંબઈ રણજી ટીમનો કેપ્ટન છે. આવી સ્થિતિમાં તેનું આ મેચમાં ન રમવું આશ્ચર્યજનક હતું. થોડા દિવસો પહેલા અજિંક્ય રહાણેએ પોતાના ટ્વિટર પર નેટ પ્રેક્ટિસનો વીડિયો શેર કર્યો હતો અને રણજી ટ્રોફીની તૈયારી વિશે વાત કરી હતી.કેપ્ટન હોવા છતાં રહાણે આ મેચમાં કેમ નથી રમી રહ્યો. ટીમ કે મુંબઈ રણજી ટીમે આ અંગે કોઈ નિવેદન જાહેર કર્યું નથી.

રહાણેના ફોર્મની વાત કરીએ તો તેણે WTCની ફાઈનલ મેચમાં 89 અને 46 રનની ઈનિંગ્સ રમી હતી. તે મેચમાં કોઈપણ ભારતીય બેટ્સમેને બનાવેલા આ સૌથી વધુ રન હતા. પરંતુ આ પછી તે વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસમાં કંઈ ખાસ કરી શક્યો નહોતો. તે બે ટેસ્ટની બે ઈનિંગ્સમાં માત્ર 11 રન જ બનાવી શક્યો હતો. તે પહેલા, તેને શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીમાં તક મળી ન હતી. અજિંક્ય રહાણેએ 2013માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તેણે કુલ 85 ટેસ્ટ રમી છે.

# ઓપન સિક્રેટ: રિંકુ આવતાની સાથે લાંબી સિક્સર કેવી રીતે ફટકારે છે?

- સિક્સર માટે જીમમાં તેની સ્નાયુની તાકાત વધારતો જોવા મળી રહ્યો છે

ગુજરાત | વંદન



ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન રિંકુ સિંહે T20 ફોર્મેટમાં પોતાનો દબદબો જમાવી લીધો છે. રિંકુની ઓળખ તેણે મારેલી સિક્સરથી થાય છે. મિડલ ઓર્ડરમાં આવતા, રિંકુએ સ્કાય હાઈ સિક્સર સાથે મેચ પૂરી કરી છે. આ બેટ્સમેને પોતાની સ્ટાઈલથી ઘણી નામના મેળવી છે. પરંતુ સવાલ એ છે કે રિંકુ આવતાની સાથે જ લાંબી સિક્સર કેવી રીતે ફટકારે છે. અફઘાનિસ્તાન સામેની T20 સિરીઝ પહેલા રિંકુ સિંહનો એક વીડિયો સામે આવ્યો છે. તે સિક્સર માટે જીમમાં તેની સ્નાયુની તાકાત વધારતો જોવા મળી રહ્યો છે.

જીમમાં રિંકુ હાથ વડે રબરનો પટ્ટો પકડીને પાવરથી ખેંચતો જોવા મળે છે. આવી સતત પ્રેક્ટિસથી બેટ્સમેન બોલને બાઉન્ડ્રી પાર સરળતાથી લઈ જઈ શકે છે. વીડિયો જોઈને અનુમાન લગાવી શકાય છે કે રિંકુ અફઘાનિસ્તાન સામેની ટી-20 સિરીઝ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

આ વીડિયોમાં જીમ કરતી વખતે પોસ્ટ કર્યો છે જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. તાજેતરમાં, તેણે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામેની T20 શ્રેણીમાં શાનદાર બેટિંગ કરી હતી. હવે જોવાનું એ રહેશે કે તે અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં કેવું પ્રદર્શન કરે છે.

# ICC ક્રિકેટર ઓફ ધ યર'ની યાદીમાં સૂર્યકુમાર ટોપ પર

ગુજરાત | વંદન



ICCએ મેન્સ T20I ક્રિકેટર ઓફ ધ યર 2023 માટે નોમિનેશનની યાદી જાહેર કરી છે. વર્ષ 2023માં ઈન્ટરનેશનલ લેવલે શાનદાર પ્રદર્શન કરનાર ચાર ખેલાડીઓનું નામ આ યાદીમાં સામેલ છે. આ યાદીમાં ભારતીય ટીમનો T20 સ્પેશિયાલિસ્ટ ખેલાડી સૂર્યકુમાર યાદવ ટોપ પર છે. સૂર્યા સિવાય ઝિમ્બાબ્વેના સિકંદર રઝા, યુગાન્ડાના અલ્પેશ રામજાની અને ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેનનું નામ પણ નોમિનેટ કરવામાં આવ્યું છે.

સૂર્યકુમાર યાદવ આ વર્ષે પણ આ એવોર્ડ જીતવાનો સૌથી મોટો દાવેદાર છે. સૂર્યાએ વર્ષ 2023માં T20Iની 17 ઈનિંગ્સમાં 48.86ની એવરેજ અને 155.95ની સ્ટ્રાઈક રેટથી 733 રન બનાવ્યા છે. સૂર્યાએ વર્ષ 2023ની શરૂઆત શ્રીલંકા સામે સદી ફટકારીને કરી હતી અને સાઉથ આફ્રિકા સામે 56 બોલમાં સદી ફટકારીને વર્ષનું અંત પણ કર્યું હતું.

સૂર્યકુમાર યાદવને ઝિમ્બાબ્વેના સ્પિન ઓલરાઉન્ડર સિકંદર રઝા ટક્કર આપી રહ્યો છે.

# રોહિત અને વિરાટના કરિયર અંગે લેવાશે મહત્વપૂર્ણ નિર્ણય

- ટીમ ઈન્ડિયા - અફઘાન વચ્ચે 11 જાન્યુથી 3 મેચની ઈન્ટરનેશનલ સિરીઝ

ગુજરાત | વંદન



ટીમ ઈન્ડિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે 2 મેચની ટેસ્ટ સીરિઝની છેલ્લી મેચ કેપટાઉનમાં રમાઈ હતી. બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ સાઉથ આફ્રિકાને 7 વિકેટે હરાવી સીરીઝ 1-1થી બરાબર કરી લીધી છે. આ પછી હવે ટીમ ઈન્ડિયા અને અફઘાનિસ્તાન વચ્ચે 11 જાન્યુઆરીથી 3 મેચની T20 ઈન્ટરનેશનલ સિરીઝ રમાશે

ટીમ ઈન્ડિયા અને અફઘાનિસ્તાન વચ્ચે 3 T20 મેચોની સીરીઝ રમાશે. બંને ટીમો વચ્ચે પ્રથમ મેચ 11 જાન્યુઆરીએ મોહાલીમાં ભારતીય સમય અનુસાર સાંજે 7 વાગ્યાથી રમાશે. આ પછી બીજી T20 મેચ 14 જાન્યુઆરીએ ગ્વાલિયરમાં રમાશે. તે જ સમયે, આ શ્રેણીની ત્રીજી અને છેલ્લી T20 મેચ 17 જાન્યુઆરીએ બેંગ્લોરમાં રમાવવાની છે.

ટીમ ઈન્ડિયા અને અફઘાનિસ્તાન ટી20 સીરીઝ પહેલા દરેકના મનમાં સવાલ છે કે ટીમની કમાન કોણ સંભાળશે? અહેવાલોથી મળેલી માહિતી અનુસાર, હાર્દિક પંડ્યા ઝડપથી ફિટ થઈ રહ્યો છે અને તે ટૂંક સમયમાં મેદાનમાં પરત ફરી શકે છે. આવી સ્થિતિમાં જો હાર્દિક પંડ્યા વાપસી કરે છે તો તેને ટીમની કમાન સોંપવામાં આવી શકે છે. પરંતુ, જો હાર્દિક પંડ્યા ફિટ નથી, તો સૂર્યકુમાર યાદવ ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતા જોવા મળી શકે છે.હવે દરેક ચાહકોની નજર અફઘાનિસ્તાન સામેની T20 સીરિઝ માટે ભારતની ટીમ પર છે, કારણ કે આનાથી ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માનું ભવિષ્ય નક્કી થશે.

**ભારતીય ટીમની સંભવિત ટીમ** | શુભમન ગિલ, ઈશાન કિશન, રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ, શ્રેયસ અય્યર, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, જસપ્રીત બુમરાહ, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, રિંકુ સિંહ, રવિ બિશ્નોઈ

# પૃથ્વી શોને મુંબઈની રણજી ટીમમાં સ્થાન ન મળ્યું



ગુજરાત | વંદન

મુંબઈએ આગામી રણજી ટ્રોફીની નવી સિઝનની પ્રથમ બે મેચ માટે 15 સભ્યોની ટીમ બહાર પાડી છે. ભારતના યુવા બેટર પૃથ્વી શોને આમાં સ્થાન મળ્યું નથી. અજિંક્ય રહાણે સતત બીજી સિઝનમાં ટીમનું સુકાન સંભાળશે. 2023માં, મુંબઈની ટીમ એલિટ ગ્રુપ Bમાં ચોથા સ્થાને રહી અને નોકઆઉટ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહીહતી.

મુંબઈ 5 જાન્યુઆરીએ બિહાર સામે તેમના અભિયાનની શરૂઆત કર્યા બાદ 12થી 15 જાન્યુઆરી સુધી આંધ્ર પ્રદેશ સાથે ટક્કર થશે.

ગયા વર્ષે શો કાઉન્ટી ક્રિકેટ ટીમ નોર્થમ્પટનશાયરનો ભાગ બન્યો હતો. સપ્ટેમ્બરમાં ડરહામ સામેની મેચમાં તેને ઘૂંટણમાં ઈજા થઈ હતી. તે પછી તે 3 મહિનાના રિકવરી બ્રેક પર હતો. જોકે, મુંબઈ ક્રિકેટ એસોસિયેશને શોના ટીમમાં ન હોવા અંગે કંઈ કહ્યું નથી.

# ઋષભ પંત બાદ હવે મિ. કૂલ ધોની સાથે પણ ઠગાઈ થઈ

- અર્કા સ્પોર્ટ્સે તેની સાથે 15 કરોડની છેતરપિંડી કરી હોવાની ધોનીના વકીલ દ્વારા ફરિયાદ

ગુજરાત | વંદન

જાણીતા ક્રિકેટર ઋષભ પંત બાદ હવે મિ. કૂલ મહેન્દ્રસિંહ ધોની સાથે પણ વિશ્વાસઘાત થતાં 15 કરોડનું નિશાન થયું છે. વિગત જોઈએ તો, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ રાંચીની કોર્ટમાં મિહિર દિવાકર અને અર્કા સ્પોર્ટ્સ એન્ડ મેનેજમેન્ટ લિમિટેડના સૌમ્યા વિશવાશ સામે ફોજદારી કેસ દાખલ કર્યો છે. માહિર દિવાકર ધોનીનો ખાસ મિત્ર રહ્યો છે અને તેનો બિઝનેસ પાર્ટનર પણ રહ્યો છે. મિહિરે ધોની સાથેના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે.

મિહિર દિવાકરે વિશ્વભરમાં ક્રિકેટ એકેડમી ખોલવા માટે 2017માં મહેન્દ્ર સિંહ ધોની સાથે કરાર કર્યો હતો. પરંતુ દિવાકરે કરારમાં દર્શાવેલ શરતોનું પાલન કર્યું ન હતું. આ કિસ્સામાં, અર્કા સ્પોર્ટ્સે ફ્રેન્ચાઈઝ ફી ચૂકવવાની હતી. કરાર હેઠળ નફો બંને વચ્ચે વહેચવાનો હતો, પરંતુ કરારના તમામ નિયમો અને શરતોનો ભંગ કરવામાં આવ્યો હતો.



મહેન્દ્ર સિંહ ધોનીએ 15 ઓગસ્ટ, 2021ના રોજ આર્કા સ્પોર્ટ્સમાંથી ઓથોરિટી લેટર પાછો ખેંચી લીધો હતો. ધોની દ્વારા તેને ઘણી કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી. પરંતુ કોઈ ફાયદો થયો નથી. આ પછી ધોનીના વકીલ દયાનંદ સિંહે દાવો કર્યો છે કે અર્કા સ્પોર્ટ્સે તેની સાથે છેતરપિંડી કરી છે, જેના કારણે તેને 15 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.

તાજેતરમાં ઋષભ પંત સાથે કરોડોની છેતરપિંડી કરવામાં આવી હતી. આ કામ મૃણાંક સિંહ નામના વ્યક્તિએ કર્યું હતું. તે 25 ડિસેમ્બરે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. એવો દાવો કરવામાં આવે છે કે હરિયાણાના ફરીદાબાદના રહેવાસી આરોપી મૃણાંક સિંહે અંડર-19 સ્તરે રાજ્યની ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ટીમનું પ્રતિનિધિત્વ કરવાનો પણ દાવો કર્યો હતો.

# વીરેન્દ્ર સેહવાગે ડાયલોગ માર્યો : આપ કરો તો ચમત્કાર, હમ કરે તો પિચ બેકાર"

ગુજરાત | વંદન



ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે ગુરુવારે જસપ્રિત બુમરાહની શાનદાર બોલિંગને લીધે કેપટાઉનમાં સાઉથ આફ્રિકા સામેની સાત વિકેટની જીત માટે શ્રેય આપતા કહ્યું કે, ઝડપી બોલરને સતત યોગ્ય લાઈન અને લેન્થ બોલિંગ કરવાનો ફાયદો મળે છે. જ્યારે વીરેન્દ્ર સેહવાગે પિચને લઈને ટોણો મારતા કહ્યું કે તે આવું કરે છે તો તે ચમત્કાર છે અને અમે આમ કરીએ તો પીચ નકામી છે.

બુમરાહે 13.5 ઓવરમાં 61 રન આપીને છ વિકેટ ઝડપી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકાની ટીમ બીજી ઈનિંગમાં 176 રનમાં સમેટાઈ ગઈ હતી અને ભારતને જીતવા માટે માત્ર 79 રનનો ટાર્ગેટ મળ્યો હતો. ભારતે 12 ઓવરમાં ન્યૂલેન્ડ્સ ખાતે પ્રથમ જીત હાંસલ કરી હતી. આ સ્ટેડિયમમાં સાત પ્રયાસોમાં આ તેમની પ્રથમ જીત છે. તેંડુલકરે 'X' પર તેણે લખ્યું, "બુમરાહે શાનદાર બોલિંગ કરી, જેણે બધાને બતાવ્યું કે આવી વિકેટ પર સતત યોગ્ય લાઈન અને લેન્થ બોલિંગ કરવી કેટલી મહત્વપૂર્ણ છે." તેંડુલકરે બીજી ઈનિંગમાં 106 રનની લડાયક સદી ફટકારનાર દક્ષિણ આફ્રિકાના ઓપનર એડન માર્કરામની પણ પ્રશંસા કરી હતી.

# મોદી શાસનમાં અનેક દેશો ભારતને સસ્તા ભાવે તેલ આપવા તત્પર:મંત્રી

■ હાલમાં ઘણા દેશો ભારતને સસ્તા દરે તેલ વેચવા માટે લાઈનમાં ઉભા છે-પૂરી

ગુજરાત | વંદન

ભારત ક્રૂડ ઓઈલની આયાતનો આંતરરાષ્ટ્રીય ગ્રાહક છે. અમે રશિયા પાસેથી મોટા પાયે તેલ ખરીદીએ છીએ. છેલ્લા ઘણા સમયથી અહેવાલ આવી રહ્યા છે કે ભારતે રશિયા પાસેથી તેલની ખરીદીમાં ઘટાડો કર્યો છે. જેનું કારણ એ છે કે અન્ય ઘણા દેશો ભારત સાથે વેપાર સંબંધો સ્થાપિત કરવા માંગે છે અને આ માટે તેઓ સસ્તા ભાવે તેલ વેચવા તૈયાર છે. આ મામલે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીનું નિવેદન પણ સામે આવ્યું છે.

રશિયા સાથે વેપાર ઘટાડવાના સમાચાર પર પૂર્ણવિરામ મુકતા કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે રશિયાથી આયાત એક વર્ષમાં ઘટી નથી પરંતુ વધી છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ભારત કોઈપણ દેશમાંથી તેલ ખરીદશે જ્યાં તે સસ્તામાં મળશે. હાલમાં ઘણા દેશો ભારતને સસ્તા દરે તેલ વેચવા માટે કતારમાં ઉભા છે.

ફેબ્રુઆરી 2022 સુધી, રશિયામાંથી તેલની આયાત ભારતમાં કુલ તેલ વપરાશના માત્ર 0.20 ટકા હતી. પરંતુ ગયા વર્ષે શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધને કારણે રશિયાએ ભારતને સસ્તા ભાવે તેલ ઓફર કર્યું હતું. જે બાદ ભારતે પણ આ ઓફર સ્વીકારી લીધી અને રશિયા પાસેથી તેલની આયાતમાં વધુ વધારો કર્યો. જે 40 ટકા થઈ ગયો હતો. પરંતુ તે પછી તે ઘટીને લગભગ 20 ટકા થઈ ગયો છે.




આપણા દેશમાં દરરોજ લગભગ 5 અબજ બેરલ તેલનો વપરાશ થાય છે. જેમાંથી હાલમાં 1.5 મિલિયન બેરલ રશિયાથી આવે છે. ઘણા દેશો રશિયાથી દૂર છે છતાં ભારતને સસ્તા દરે તેલ વેચી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે રશિયાથી આયાતના જથ્થામાં ઘટાડો થવાનો અર્થ એ નથી કે રશિયા પાસેથી તેલની ખરીદી સમાપ્ત થઈ ગઈ છે. જ્યાં સુધી રશિયાએ ભારતીય તેલ કંપનીઓને રાહત દરે તેલ પૂરું પાડ્યું ત્યાં સુધી ભારતીય કંપનીઓએ તેનો લાભ લીધો. જે પણ દેશ ભારતને સસ્તામાં તેલ વેચશે, ભારત ત્યાંથી આયાત કરશે. ભારતની એક જ માંગ છે કે આયાત કોઈપણ મુશ્કેલી વિના પોષણક્ષમ દરે કરી શકાય.

# અયોધ્યાઃ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની સુરક્ષા માટે AIનો ઉપયોગ કરવામાં આવશે






■ સરકારે અયોધ્યામાં અત્યાધુનિક સુરક્ષા ઉપકરણો માટે 90 કરોડ ફાળવ્યાં

ગુજરાત | વંદન

અયોધ્યામાં 22 જાન્યુઆરીએ શ્રી રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન ફૂલ-પ્રૂફ સુરક્ષા કવચ બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરવામાં આવે તેમ છે. અને તે માટે મંદિર સત્તાવાળાઓ ઘણી કંપનીઓ સાથે વાતચીત ચાલી રહી છે. AI દ્વારા, અયોધ્યાના તમામ મુખ્ય સ્થળોની મુલાકાત લેનારા લોકો પર નજીકથી નજર રાખી શકાય છે. સૂત્રોનું કહેવું છે કે તેનો પાયલટ પ્રોજેક્ટ આઈબી, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ અને અન્ય સુરક્ષા એજન્સીઓના સંકલનમાં અયોધ્યામાં શરૂ કરવામાં આવશે..

આગામી દિવસોમાં અયોધ્યા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થવાની છે. આ જ કારણ છે કે સુરક્ષા વ્યવસ્થાના પડકારોને ધ્યાનમાં રાખીને AIની દિશામાં પણ પગલા લેવામાં આવી રહ્યા છે. જેથી પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ દરમિયાન અયોધ્યાના દરેક ભાગની દેખરેખ રાખવાની સાથે પોલીસ ડેટાબેઝમાં હાજર ગુનેગારો પર પણ નજર રાખી શકાય.

AI દ્વારા અયોધ્યા આવનાર તમામ લોકોની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકાશે. એવું પણ જોવામાં આવી રહ્યું છે કે એવી વ્યવસ્થા હોય કે જેના દ્વારા વારંવાર એક જગ્યાએ ફરતા વ્યક્તિની ઓળખ થઈ શકે. પોલીસ તેના વિશે એલર્ટ થઈ શકે છે. અને આ અંગે અત્યાધુનિક સુરક્ષા સાધનો ખરીદવામાં આવ્યા છે.

સરકારે અયોધ્યામાં અત્યાધુનિક સુરક્ષા ઉપકરણો માટે 90 કરોડ રૂપિયા આપી દીધા છે, જેમાંથી સ્કેનર, ડ્રોન અને અન્ય સાધનો ખરીદવામાં આવી રહ્યા છે. 22 જાન્યુઆરીએ અયોધ્યામાં સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે વધારાના IPS અધિકારીઓ પણ તૈનાત કરવામાં આવશે.

# સ્ટંટવુમન કેરી નવા વર્ષે હિટ એન્ડ રનનો ભોગ બની, હાડકાં ભાંગી ગયા

■ અભિનેત્રીના ચાહકો તેના સારા સ્વાસ્થ માટે પ્રાર્થના કરી રહ્યાં છે

ગુજરાત | વંદન

બ્લેક પેન્થર સ્ટાર અને સ્ટંટવુમન કેરી માટે નવા વર્ષની શરુઆત સારી રહી નથી. અભિનેત્રીઓના ચાહકો માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. નવા વર્ષ પર કેરી સાથે ગંભીર અકસ્માત થયો છે. આ વાતની જાણકારી કેરીની માતાએ સોશિયલ મડિયા પર ફોટો શેર કરીને આપી છે. અભિનેત્રીના ફોટો સામે આવ્યા બાદ સૌ કોઈ પરેશાન છે. તેની ગંભીર હાલત જોવા મળી રહી છે.

મળતી જાણકારી અનુસાર નવા વર્ષે 1 જાન્યુઆરી 2024ના રોજ કેરી સાથે અકસ્માત થયો હતો. આ હિટ એન્ડ રનનો મામલો કહેવામાં આવી રહ્યો છે. અકસ્માત બાદ અભિનેત્રીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. તેના શરીરમાં અનેક ફેક્ચર જોવા મળી રહ્યા છે દાંત અને હાડકાં તૂટી ગયા છે.

કેરીનો પરિવાર તેના ઈન્સ્ટાગ્રામ પર તેના સ્વાસ્થ્ય અપડેટ્સ આપી રહ્યો છે. અભિનેત્રીની માતા પેટ્રિશિયા લીએ પણ હોસ્પિટલમાંથી તેના ફોટો શેર કર્યા છે. અભિનેત્રીના ચાહકો તેના સ્વાસ્થ થવા પર પ્રાર્થના કરી રહ્યા છે.



ફોટોમાં જોઈ શકાય છે કે કેરી બર્નાન્સનો ચહેરો ખરાબ રીતે ઘાયલ છે અને તેના દાંતમાંથી લોહી નીકળે છે. બીજા ફોટોમાં અભિનેત્રી બેડ પર સૂતી જોવા મળે છે. તેના આખા હાથ પર ઈજાઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે.ફોટો શેર કરતાં અભિનેત્રીની માતા પેટ્રિશિયાએ લખ્યું, "તે હજુ પણ ખૂબ જ પીડામાં છે. કેરી પોતાના મિત્રો સાથે વોક કરી રહી હતી આ દરમિયાન એક કારે તેને ટક્કર મારી હતી. કેરી બર્નાસની સારવાર ચાલી રહી હતી પરંતુ તેની આ હાલત જોઈને એ સ્પષ્ટ છે કે, તે હજુ સ્વસ્થ થવામાં સમય લાગી શકે છે.

# દાન કરવાની છૂટ: ચૂંટણીઓ પહેલાં જ ચૂંટણી દાન માટે ચૂંટણી બોન્ડ્સ જારી

■ ભાજપ સહિત મુખ્ય પક્ષોને બોન્ડ્સ દ્વારા મળશે ફંડફાળો

ગુજરાત | વંદન

ઈલેક્ટોરલ બોન્ડ્સ 2 જાન્યુઆરીથી 11 જાન્યુઆરી દરમિયાન દેશની મુખ્ય સરકારી બેંક સ્ટેટ ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા જારી કરવામાં આવશે. દેશની રાજ્યોની રાજધાનીઓમાં SBIની 29 અધિકૃત શાખાઓને આ બોન્ડ જારી કરવા અને રિડીમ કરવા માટે અધિકૃત કરવામાં આવી છે. જેના સંદર્ભમાં નાણા મંત્રાલયે એક નિવેદન બહાર પાડ્યું છે.

નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, મંગળવારથી ચૂંટણી પક્ષો તમામ રાજ્યોની રાજધાનીઓમાં સ્થિત SBI બેંકની શાખાઓ દ્વારા ચૂંટણી બોન્ડ ખરીદી શકશે.

વર્ષ 2017માં નાણાકીય બિલમાં ચૂંટણી બોન્ડ રજૂ કરવામાં આવ્યા હતા. 29 જાન્યુઆરી 2018 ના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારત સરકારે ચૂંટણી બોન્ડ યોજનાને અધિકૃત કરી. જેમાં નવેમ્બર 2022માં સુધારો કરવામાં આવ્યો હતો. રાજકીય પક્ષો માટે ભંડોળ એકત્ર કરવાની પ્રક્રિયાને ભ્રષ્ટાચારથી દૂર રાખવા અને તેને પારદર્શક બનાવવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી.




આ એક પ્રકારની પ્રોમિસરી નોટ છે. જે દેશની જાહેર ક્ષેત્રની બેંક SBI પાસેથી ખરીદી શકાય છે. આ બેંક નોટ જેવી છે, જેને પછીથી રિડીમ કરી શકાય છે. કોઈપણ વ્યક્તિ અથવા કંપની તેને ખરીદી શકે છે અને તેને પોતાની મનપસંદ પાર્ટીને દાન કરી શકે છે. તેથી તેને દાનનો એક પ્રકાર માનવામાં આવે છે. આને ડિજિટલ સ્વરૂપે અથવા ચેક દ્વારા પણ ખરીદી શકાય છે.

આ શરતોનું પાલન કરવાનું રહેશે. જેમ કે, ચૂંટણી બોન્ડ માત્ર ભારતના નાગરિક અથવા ભારતીય કાયદા અનુસાર સ્થાપિત કંપની અથવા કોર્પોરેશન દ્વારા જ ખરીદી શકાય છે.એક વ્યક્તિ અથવા જૂથ પણ તેને ખરીદી શકે છે. જ્યારે પણ આ બોન્ડ જારી કરવામાં આવે છે, તે 15 દિવસ માટે માન્ય હોય છે. તે પછી, ડિપોઝિટ પર ચૂંટણી પક્ષને કોઈ ચુકવણી કરવામાં આવશે નહીં. જે દિવસે બોન્ડ જમા થાય છે તે જ દિવસે રાજકીય પક્ષોના ખાતામાં નાણાં જમા થાય છે.







# યુએસમાં ભારતીય મૂળના પરિવારના મોતનું રહસ્ય ખુલ્યું- હત્યાની સાથે આત્મહત્યા..!

■ અમેરિકાના આલીશાન ઘરમાંથી મળી આવ્યા હતા 3 મૃતદેહ, રાકેશે પત્ની-પુત્રીને ગોળી મારી અને પછી..

ગુજરાત | વંદન

હરિયાણાના કરનાલના વરિષ્ઠ વકીલ તજેન્દ્ર પાલ બેદીના જમાઈ રાકેશ કમલ, પુત્રી ટીના અને પૌત્રી એરિયાનાનું અમેરિકામાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું છે. ત્રણેયના મૃતદેહ તેમના આલીશાન મકાનમાંથી મળી આવ્યા જેનાથી સમગ્ર અમેરિકા ચોંકી ઉઠ્યું હતું. ત્રણ દિવસ બાદ આખરે પરિવારજનોના મોતનો ભેદ ઉકેલાયો છે.

કમલ પરિવારના રાકેશ, ટીના અને આરિયાનાના મોતનો ભેદ ત્રણ દિવસ બાદ ઉકેલાયો છે. ગયા સપ્તાહમાં ગુરુવારે મોડી રાત્રે કમલ પરિવારના મૃતદેહો તેમના આલીશાન ઘરમાંથી મળી આવ્યા હતા. એક સંબંધીએ તેમના મૃતદેહ જોયા હતા. હવે નોર્ફોક ડિસ્ટ્રિક્ટ એટર્ની ઓફિસે કહ્યું છે કે રાકેશે પહેલા તેની પત્ની અને પુત્રીને ગોળી મારી અને પછી આત્મહત્યા કરી લીધી હતી.

તપાસકર્તાઓનું કહેવું છે કે પરિવારના સભ્યો પર હાથ ધરવામાં આવેલા શબપરીક્ષણના પ્રાથમિક પરિણામો બાદ હત્યા અને આત્મહત્યા બંને તરીકે કેસની તપાસ કરવામાં આવી હતી. અંતિમ ઓટોપ્સી રિપોર્ટમાં ઘણો સમય લાગશે. તેણે કહ્યું, 'કોઈ પણ પ્રકારની તોડફોડના કોઈ સંકેત નથી, અમે માનીએ છીએ કે તે કદાચ ઘરેલું ઘટના છે.' રાકેશ પાસે જે બંદૂક મળી હતી તેનું કોઈ લાયસન્સ નહોતું. તપાસકર્તાઓ હત્યાના હથિયારની તપાસ કરી રહ્યા છે. આ બંદૂક 40 કેલિબરની ગ્લોક 22 છે.

29 ડિસેમ્બર, 2023 ના રોજ, આ ભારતીય મૂળનો પરિવાર મેસેચ્યુસેટ્સના ડોવરમાં તેમની વૈભવી હવેલીમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક અહેવાલો કહે છે કે આ ઘરેલું હિંસાનો કેસ હતો. ડોવર પોલીસ સાંજે 7:24 કલાકે માહિતી મળ્યા બાદ ઘરે પહોંચી હતી. 911 પર પરિવારના એક સભ્યનો ફોન આવ્યો કે જેઓ કમલના ઘરે તેની ખબરઅંતર પૂછવા ગયા હતા. પરિવારના મૃતદેહને તેણે સૌથી પહેલા જોયો હતો. રાકેશ કમલની 18 વર્ષની પુત્રી એરિયાના મિડલબરી કોલેજમાં અભ્યાસ કરતી

# ચીનના ઈશારે માલદિવના રાષ્ટ્રપતિનો ભારત સામે આરોપ

■ જો ભારત સેના નહીં હટાવે તો માલદીવમાં લોકશાહી ખતરામાં આવી જશે- મોહમ્મદ મુઈઝુ

ગુજરાત | વંદન

મોહમ્મદ મુઈઝુ માલદીવના રાષ્ટ્રપતિ બનતાની સાથે જ પોતાનો રંગ દેખાડવા લાગ્યા છે અને તેમનો ચીન તરફનો ઝુકાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. પદ સંભાળતા પહેલા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ કહ્યું હતું કે માલદીવમાંથી ભારતીય સૈનિકોને હટાવી દેવામાં આવશે અને હવે તેઓ કહે છે કે જો ભારત સેના નહીં હટાવે તો માલદીવમાં લોકશાહી ખતરામાં આવી જશે. એક રીતે તેમણે ચીનના ઈશારે ભારતની સામે ગંભીર આરોપો મૂક્યા છે. જેથી કરીને ભારત પોતાના સૈનિકો માલદિવમાંથી પરત બોલાવી લે.

અત્રે એ યાદ અપાવીએ કે, લગભગ 77 ભારતીય સૈન્ય કર્મચારીઓ માલદીવમાં છે અને દેશના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધાના 24 કલાકથી ઓછા સમયમાં મોહમ્મદ મુઈઝુએ ભારત સરકારને માલદીવમાંથી ભારતીય સૈનિકોને 'પાછા' લેવાની ઔપચારિક વિનંતી કરી હતી.



ભારતના એક મિડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ કહ્યું હતું કે ભારત હિંદ મહાસાગર દ્વીપસમૂહમાંથી પોતાની સેના નહીં પાછી ખેંચે એનો અર્થ માલદીવના લોકોની 'લોકતાંત્રિક ઈચ્છા'ની અવગણના થશે અને દેશમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં હશે. તેમણે કોઈપણ કાયમી લશ્કરી હાજરીને નકારી કાઢી હતી. જો કે, પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ માલદીવના રાષ્ટ્રીય સંરક્ષણ દળની ઓપરેશનલ તૈયારીને વધારવાના પ્રયાસો સહિત ભારત સાથે સંરક્ષણ સહયોગને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે તે પરસ્પર આદર અને વિશ્વાસ પર આધારિત છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ જો કે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે માલદીવમાં ભારતીય સૈન્યની હાજરીનો મુદ્દો વાતચીત દ્વારા ઉકેલવામાં આવશે. તેમણે કહ્યું કે સંસદની મંજૂરી વિના માલદીવમાં વિદેશી સૈન્ય કર્મચારીઓની હાજરી બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે. તે જ સમયે, જ્યારે તેમના ચીન તરફના કથિત વલણ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે મુઈઝુએ કહ્યું કે તે માત્ર માલદીવ તરફી નીતિને અનુસરશે.

# તો કેન્દ્રના કર્મચારીઓનો લઘુત્તમ મૂળભૂત પગાર 18,000થી વધીને 26,000 થઈ શકે

■ સરકારી કર્મચારીઓની ફિટમેન્ટ ફેક્ટર વધારવાની માંગણીને સંતોષવામાં આવે તેવી શકયતા

ગુજરાત | વંદન

કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી, 2024 ના રોજ છઠ્ઠું બજેટ રજૂ કરશે. નિર્મલા સીતારમણ મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું બજેટ રજૂ કરશે. કારણ કે ત્યારબાદ દેશભરમાં લોકસભાની ચૂંટણી યોજાશે. આવા સંજોગોમાં સરકાર પોતાની વોટ બેંકને કેશ કરવા માટે અનેક જાહેરાતો કરી શકે છે.

કર્મચારીઓ પણ સરકાર માટે સૌથી મોટી વોટ બેંક તરીકે આવે છે. કામદારો લાંબા સમયથી લઘુત્તમ બેઝિક વેતન મર્યાદા વધારવાની માંગ કરી રહ્યા છે. તે અંગેની જાહેરાત આ સમયે બજેટમાં કરવામાં આવી શકે છે. સરકારી કર્મચારીઓ ફિટમેન્ટ ફેક્ટર વધારવાની માંગ કરી રહ્યા છે.નાણામંત્રી નિર્મલા સીતારમણ 2024માં વચગાળાનું બજેટ રજૂ કરશે. વચગાળાનું બજેટ ચૂંટણી વર્ષ દરમિયાન રજૂ કરવામાં આવે છે. ચૂંટણીનું વર્ષ હોવાથી સરકાર કર્મચારીઓના પગાર વધારા માટે ખાસ જાહેરાત કરે તેવી અપેક્ષા છે. મોદી સરકાર બજેટમાં ફિટમેન્ટ ફેક્ટર વધારી શકે છે.




સરકારી કર્મચારીઓનો પગાર ફિટમેન્ટના આધારે નક્કી કરવામાં આવે છે. મોદી સરકાર બજેટમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં વધારાની જાહેરાત કરી શકે છે. કર્મચારીઓનો લઘુત્તમ મૂળભૂત પગાર 18,000 રૂપિયાથી વધીને 26,000 રૂપિયા થઈ શકે છે.


હાલમાં ફિટમેન્ટ ફેક્ટર 2.57 ટકા છે. આનો અર્થ એ થયો કે ધારો કે કોઈ વ્યક્તિને 4200 ગ્રેડ પેમાં રૂ. 15,500નો મૂળ પગાર મળે છે, તો તેનો કુલ પગાર રૂ. 15,500×2.57 એટલે કે રૂ. 39,835 થશે. કર્મચારીઓ સરકાર પાસે ફિટમેન્ટ ફેક્ટર વધારીને 3.68 કરવાની માંગ કરી રહ્યા છે. આ વધારાથી લઘુત્તમ વેતન 18,000 રૂપિયાથી વધીને 26,000 રૂપિયા થશે. લગભગ 48 લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓને આનો ફાયદો થશે.

# ગણતંત્ર દિનની પરેડમાં ત્રણેય લશ્કરી દળોની મહિલા ટુકડી ભાગ લેશે...

ગુજરાત | વંદન

આ વર્ષે બીટીંગ રીટ્રીટ સંપૂર્ણપણે સ્વદેશી રહેશે. મળતી માહિતી મુજબ આ વર્ષે બીટીંગ રીટ્રીટમાં જે પણ ધૂન વગાડવામાં આવશે તે સંપૂર્ણપણે સ્વદેશી હશે. જે માટે ધૂન પણ પસંદ કરવામાં આવી છે. આ ઉપરાંત ગણતંત્ર દિવસની પરેડમાં પ્રથમ વખત નૌકાદળ, વાયુસેના અને નૌકાદળની મહિલા અગ્નિવીરોની સંયુક્ત ટુકડી હશે. જેનું નેતૃત્વ ત્રણેય દળોની મહિલા અધિકારીઓ કરશે. પ્રથમ વખત, ત્રિ-સેવા (આર્મી, નેવી, એરફોર્સ) ટુકડી પરેડમાં કૂચ કરશે.

વર્ષ ૨૦૨૨ માં બીટીંગ રીટ્રીટ સેરેમનીમાંથી 'એબિડ વિથ મી' ટ્યુનને પડતી મુકવામાં આવી હતી. ૧૯૫૦ થી, આ ધૂન દર વર્ષે બીટીંગ રીટ્રીટ સેરેમની દરમિયાન વગાડવામાં આવતી હતી. અગાઉ ૨૦૨૦માં પણ તેને હટાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ વિવાદ બાદ તેને ફરીથી સામેલ કરવામાં આવી હતી.



સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતે બીટિંગ રિટ્રીટમાં દરેક ધૂન સ્વદેશી હશે. જેમાં તાકાત વતન કી હમસે હે, કદમ કદમ બઢાએ જા, એ-મેરે વતન કે લોગો, ફૌલાદ કા જીગર, શંખનાદ, ભાગીરથી, જેવી ધૂનનો સમાવેશ થાય છે. બીટિંગ રીટ્રીટ એ સેનાનું બેરેકમાં પરત ફરવાનું પ્રતીક છે.

બીટીંગ રીટ્રીટ પહેલા ગણતંત્ર દિવસની ઉજવણીમાં પ્રથમ વખત ભારતીય સેના, વાયુસેના અને નૌકાદળની મહિલા અગ્નિવીરોની સંયુક્ત ટુકડી હશે. અત્યાર સુધી ટ્રાઈ સર્વિસ ટુકડી એટલે કે ત્રણેય સેનાઓની સંયુક્ત ટુકડીએ ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લીધો નથી. આ વર્ષે પ્રથમ વખત ત્રિ-સેવા ટુકડી હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેનું નેતૃત્વ ભારતીય સેનાની એક મહિલા અધિકારી કરશે. તેમની પાછળ આર્મીની મહિલા અગ્નિવીર, નેવીની મહિલા અગ્નિવીર અને એરફોર્સની મહિલા અગ્નિવીર ટુકડીની ત્રણ ટુકડીઓ સમાંતર કૂચ કરશે.

# લાઈબેરિયાના ધ્વજવાળા જહાજને ભારતીય નેવીએ રેસ્ક્યૂ કર્યું ...




■ સોમાલિયામાં 15 ભારતીયો સહિત જહાજ હાઈજેક કર્યું હતું

ગુજરાત | વંદન

સોમાલિયાના સમુદ્ર કિનારે એક એમવી લીલા નોરફોક (MV LILA NORFOLK) જહાજને હાઈજેક કરી લેવાયાના અહેવાલ મળી રહ્યા છે. આ જહાજ ગઈકાલે હાઈજેક થયું હતું. ભારતીય સૈન્ય આ મામલે સક્રિય થઈ ગઈ છે. અપહરણ કરાયેલા આ જહાજ પર લાઈબેરિયાનું ધ્વજ હતું.

માહિતી અનુસાર આ જહાજના ચાલકદળમાં 15 ભારતીય સભ્યો પણ સામેલ છે. ભારતીય નેવીના વિમાન આ જહાજ પર નજર રાખી રહ્યા છે અને ચાલક દળની સાથે કમ્યુનિકેટ કરી રહ્યા છે. આ ઘટના બાદથી ભારતીય નેવીનું યુદ્ધજહાજ આઈએનએસ ચેન્નઈ પણ સ્થિતિનો સામનો કરવા જહાજ તરફ આગળ વધી રહ્યું છે.

સોમાલિયા નજીક કોઈ જહાજના હાઈજેકની આ પ્રથમ ઘટના નથી. સોમાલિયામાં સમુદ્રી ચાંચિયાઓએ અરબ સાગરમાં માલ્ટાના જહાજ એમવી રુએનને હાઈજેક કરી લીધું હતું. આ ઘટનાની માહિતી મળતાં જ ભારતીય નેવી તરત જ એક્ટિવ થઈ હતી. ઉતાવળે નેવી તરફથી એક યુદ્ધ જહાજ અને સમુદ્રી પેટ્રોલિંગ વિમાન અરબ સાગર રવાના કરાયું હતું જેના બાદ ભારતીય નેવીએ આ જહાજને રેસ્ક્યૂ કર્યો હતો.

# કોંગ્રેસ-ડાબેરીઓની સરકારોએ મહિલાને યોગ્ય સન્માન આપ્યો નથી : મોદીનો દાવો

■ હું માનું છું કે દેશની મહિલા શક્તિ જ વિકસિત ભારતના સંકલ્પ સિદ્ધની સૌથી મોટી ગેરંટીઃ વડાપ્રધાન

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને ડાબેરીઓ પર પ્રહાર કરતા કહ્યું કે આ સરકારોએ મહિલાઓને યોગ્ય સન્માન આપ્યું નથી. કેરળના થ્રિસુરમાં એક મહિલા સંમેલનના વિશાળ સભાને સંબોધતા તેમણે કહ્યું કે, હું મહિલા શક્તિનો આભારી છું જેઓ મને આશીર્વાદ આપવા માટે આટલી મોટી સંખ્યામાં અહીં આવી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજકાલ દેશમાં મોદીની ગેરેન્ટીની વાતો થાય છે, પરંતુ હું માનું છું કે દેશની મહિલા શક્તિ જ વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવાની સૌથી મોટી ગેરંટી છે.

કમનસીબે, આઝાદી પછી કોંગ્રેસની સરકારો, એલડીએફ-યુડીએફની સરકારોએ મહિલા શક્તિને નબળી ગણાવી હતી. લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને અનામત આપતો કાયદો વર્ષો સુધી પેન્ડિંગ રહ્યો. પીએમ મોદીએ કહ્યું કે ભારત ગઠબંધન આપણા વિશ્વાસને ઠેસ પહોંચાડે છે. તેઓએ મંદિરો અને આપણા તહેવારોને લૂંટના માધ્યમમાં ફેરવી દીધા છે.



થ્રિસુર પુરમ સાથે જે પ્રકારનું રાજકારણ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું કે સબરીમાલામાં જે પ્રકારની અરાજકતા સર્જાઈ છે તેનાથી શ્રદ્ધાળુઓને ઘણી અસુવિધા થઈ છે. પીએમે આ માટે રાજ્ય સરકારને જવાબદાર ગણાવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ડાબેરીઓ અને કોંગ્રેસ લાંબા સમયથી કેરળમાં સત્તા અને વિપક્ષમાં હોવાનો ડોળ કરી રહ્યા છે. આ માત્ર નામના બે પક્ષો છે. કોંગ્રેસ અને ડાબેરીઓ પર નિશાન સાધતા પીએમએ કહ્યું કે કેરળમાં ભ્રષ્ટાચાર હોય, ગુનાખોરી હોય કે ભત્રીજાવાદ હોય, આ બંને પાર્ટીઓ સાથે મળીને બધું કરે છે. તેમણે કહ્યું કે હવે ઈન્ડી એલાયન્સ બનાવીને તેઓએ જાહેર કર્યું છે કે તેમની વિચારધારા અને નીતિઓમાં કોઈ ફરક નથી.

# રાજકુમાર હિરાણી, રણબીર કપૂર ફરી એકવાર સાથે કામ કરશે






બોલીવુડના સૌથી બહેતરીન નિર્દેશકોમાંના એક રાજકુમાર હિરાની અને એકટર રણબીરકપુર ફરી એકવાર સાથે કામ કરતા જોવા મળશે.એકબાજુ રણબીર ‘એનિમલ’ની સફળતાને ઉજવી રહ્યો છે તો રાજકુમાર હિરાણી શાહરૂખખાન સ્ટારર ‘ડંકી’ ફિલ્મને લઈને ચર્ચામાં છે.ઉલ્લેખનીય છે કે રણબીરકપુર અને હિરાની અગાઉ સંજયદતની બાયોપીક ‘સંજુ’માં સાથે કામ કરી ચૂકયા છે. એક ઈન્ટરવ્યુમાં હિરાણીએ જણાવ્યું હતું કે રણબીર ઘણો સારો એક્ટર છે. હાલ મારી પાસે કેટલીક સ્ક્રીપ્ટ છે. જેને લઈને મારી રણબીર સાથે વાત થઈ છે.જોકે હજુ કંઈ ફાઈનલ નથી. જો સારી સ્ક્રિપ્ટ ફાઈનલ થાય તો બન્ને બીજીવાર કોઈ ફિલ્મમાં સાથે કામ કરતા જોવા મળી શકે છે.



# નાના રોલને આટલા અપાર પ્રેમથી, હું તો રાત્રે ઉંઘી જ ન શકી: તૃપ્તિ ડમરી

અભિનેત્રી તૃપ્તિ ડિમરીએ તાજેતરમાં જ ફિલ્મ એનિમલમાં ઝોયાની ભૂમિકા વિશે ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે ફિલ્મમાં તેનો રોલ નાનો હોવાથી તેને આ પ્રકારના અપાર પ્રેમની અપેક્ષા નહોતી. તૃપ્તિએ કહ્યું, “હું પહેલા દિવસે ખૂબ જ નર્વસ હતી. મને ખબર હતી કે ફિલ્મ સારી રીતે કામ કરશે પરંતુ મને ઝોયા માટે આ પ્રકારના પ્રતિભાવની અપેક્ષા નહોતી. મેં વિચાર્યું, ‘તે એક નાનો રોલ છે અને ઠીક છે કે બાત આઇ ગઇ હો જાયેંગી .’ પણ મને આટલો બધો પ્રેમ મળવાની અપેક્ષા ન હતી કે મારી હાજરીની નોંધ લેવાશે, વાઉ, હું તો ઊંઘી જ ન શકી.

તેના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, તૃપ્તિ અનુરાગ બાસુ દ્વારા નિર્દેશિત આગામી આશિકી 3 માં કાર્તિક આર્યન સાથે અભિનય કરશે. જોકે, નિર્માતા દ્વારા તેની પુષ્ટિ કરવાની હજુ બાકી છે.

# અંકિતા અને વિક્કી જૈનના સંબંધોમાં પડી તિરાડ?



બોલીવૂડ એક્ટર સલમાન ખાનનો શો બિગ બોસ 17 હાલના દિવસોમાં સતત ચર્ચામાં છે. આ શોમાં ભાગ લેનારા સ્પર્ધક વચ્ચે લડાઈ-ઝઘડા જોવા મળી રહ્યા છે. આ શોમાં એક્ટ્રેસ અંકિતા લોખંડે પણ પતિ વિક્કી જૈન સાથે ભાગ લઈ રહી છે. આ શોમાં બંનેએ બહુ પ્રેમથી એન્ટ્રી લીધી હતી, પણ બીજા સપ્તાહ પછી અંકિતા અને વિક્કીની વચ્ચે બબાલ શરૂ થઈ ગઈ હતી. વે બંને જણ એકેમેકથી હેરાન-પરેશાન દેખાઈ રહ્યા છે. બંને વચ્ચે છૂટાછેડા સુધીની વાત થઈ ચૂકી છે. અંકિતા શો પછી વિક્કીથી અલગ થવાની હિન્ટ આપી ચૂકી છે. હવે નવા એપિસોડમાં અંકિતા પતિને બહુબધા લાફા મારે છે. અંકિતાની આ હરકત જોઈને સૌકોઈ હેરાન છે.એક્ટ્રેસે તો ત્યાં સુધી કહી દીધું છે કે તે વિક્કી જૈનને લઈને ઘરની બહાર નિર્ણય કરશે. એ સિવાય તેણે વિક્કી પર અન્ય યુવતીઓ પર નજર રાખવાનો પણ આરોપ મૂક્યો છે.

વાસ્તવમાં બિગ બોસના તાજા એપિસોડમાં ઈશા માલવીય ગાર્ડન એરિયામાં કાર્ટવીલ કરી રહી છે, ત્યારે અંકિતા કહે છે કે હું આ શોમાં આવતા પહેલાં દરરોજ 10 કિલોમીટર ચાલતી હતી. સામાન્ય રીતે હું આઠ કિમી બીચ પર ચાલતી હતી. જેથી એની પાછળ બેઠેલો વિક્કી અંકિતાની મજાક ઉડાડતાં કહે છે, અંકિતા ખોટું બોલી રહી છે. વિક્કીની આ હરકત પર અંકિતાને બહુ ગુસ્સો આવે છે અને તે પતિને જોર-જોરથી લાફાઓ ઝીંકી દે છે.તેના પરથી અટકળો વહેતી થઈ કે શું અંકિતા અને વિક્કી વચ્ચે તિરાડ પડી કે શું..?!

# જોન અબ્રાહમે મુંબઇના ખાર વિસ્તારમાં 75 કરોડનો આલિશાન બંગલો ખરીદ્યો

જોન અબ્રાહમે મુંબઈના ખાર પરામાં ૭૫.૦૭ કરોડ રૂપિયાનો બંગલો ખરીદ્યો છે. આ બંગલો ખાર લિંકિંગ રોડ પર આવેલો છે. બંગલાનું નામ ૩૭૨ નિર્મલ ભવન છે. જે ૭,૭૨૨ સ્કે. ફૂટમાં ફેલાયેલો છે.

જોન અબ્રાહમે ૨૭ ડિસેમ્બરના રોજ આ બંગલાની ડીલ ક્લોઝ કરી હતી. આ બંગલો સમુદ્રના કિનારે આવેલો છે. આ બંગલા માટે જોને ૪.૨૪ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ચુકવી છે.

જોન પાસે બાંદરામાં એક પેન્ટહાઉસ પણ છે જે સમુદ્રના કિનારે આવેલું છે. તેનું આ પેન્ટ ૪,૦૦૦ સ્કે.ફૂટમાં સમાયેલું છે. તેના આ પેન્ટહાઉસને ૨૦૧૬માં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ આર્કિટેક્ચરલ ડિઝાઇનતરફથી બેસ્ટ હોમ એવોર્ડ પણ મળ્યો હતો. જેને જોનના પિતા અને ભાઈએ ડિઝાઈન કર્યું હતું. જોનના આ એપાર્ટમેન્ટની કિંમત ૬૦ કરોડ રૂપિયા છે. આ ઉપરાંત જોન અબ્રાહમ પાસે અમેરિકામાં પણ એક આલિશાન ઘર છે. અમેરિકાના સૌથી વૈભવી અને મોંઘા લોસ એન્જલસમાં આ બંગલો આવેલો છે. જ્યાં જોનના પાડોશમાં જેફિર લોપેઝ,બ્રેડ પિટ અને બિયોંસે સહિત ઘણા હોલીવૂડ સ્ટાર્સ રહે છે. ઉપરાંત લંડનમાં પણ જોનની એક પ્રોપર્ટી છે. જે તેના પ્રોડકશન હાઉસનું ઓવરસીઝ હેડક્વાર્ટર છે. મુંબઇના ખાર વિસ્તારમાં જોનની એકઓફિસ આવેલી છે જેની કિંમત ૨૧ કરોડ રૂપિયા છે. આ જગ્યા જોને ૨૦૧૬માં ખરીદી હતી. તેની આ ઓફિસ તેના પિતા અને ભાઈ સંભાળે છે જ્યાંથી તેમનું આર્કિટેકનું કામકાજ ચાલે છે.

જોન અબ્રાહમ ફિલ્મો અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટથી તગડી કમાણી કરી લે છે. રિપોર્ટસના અનુસાર તેની એક ફિલ્મની કમાણી કરોડોમાં છે. સાલ ૨૦૨૩માંતે શાહરૂખ ખાન સાથે પઠાણમાં જોવા મળ્યો હતો, જેના માટે તેણે ૨૦ કરોડ રૂપિયા મહેનતાણું લીધું હતું.



# ખો ગયે.. માં સારા અભિનય બદલ નિર્માતાએ અનન્યાના કર્યા ભરપૂર વખાણ



અનન્યા પાંડે તેની તાજેતરની રીલિઝ થયેલી નેટફ્લિક્સ ફિલ્મ ‘ખો ગયે હમ કહાં’માં તેના અભિનયને કારણે ચર્ચામાં છે. તેણે સિદ્ધાંત ચતુર્વેદી અને આદર્શ ગૌરવ સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી. પ્રખ્યાત ફિલ્મ નિર્માતા સુજોય ઘોષે એક નવી ટ્વિટમાં ‘ખો ગયે હમ કહાં’માં અનન્યાના અભિનયની પ્રશંસા કરી. અનન્ય પાંડેએએ તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર તેના પર પ્રતિક્રિયા આપી.

‘કહાની’ અને ‘જાને જાન’ના દિગ્દર્શક સુજોય ઘોષે અનન્યા પાંડેના ઝોયા અખ્તર સમર્થિત ‘ખો ગયે હમ કહાં’માં તેના અભિનયની પ્રશંસા કરી હતી . સુજોયે X પર લખ્યું, “ખો ગયે (sic)માં અનન્યા પાંડે ખૂબ સારી છે.”

અનન્યાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર સુજોયની ટ્વીટનો સ્ક્રીનશોટ શેર કર્યો અને ચાર ફોલ્ડ હેન્ડ ઈમોજીસ સાથે તમામ કેપ્સમાં “સર (sic)” શબ્દ લખ્યો.

‘ખો ગયે હમ કહાં’ વિશે જોઈએ તો,’ ખો ગયે હમ કહાં ‘ અનન્યા, સિદ્ધાંત અને આદર્શ દ્વારા ભજવવામાં આવેલ ત્રણ યુવાન મિત્રોના જૂથ વિશે છે, જેઓ ડિજિટલ વિશ્વ અને સોશિયલ મીડિયાના યુગમાં તેમના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને સંતુલિત કરવા અને અર્થપૂર્ણ બોન્ડ્સ બનાવવા માટે સંઘર્ષ કરે છે.

# હું અમિતાભ બચ્ચન આ સીઝન માટે, આ મંચ પરથી આખરી વાર....’ અને એમની આંખો અશ્રુભીની થઇ ગઇ...

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન દ્વારા સંચાલિત ‘કૌન બનેગા કરોડપતિ’ (કેબીસી) ટીવી શોની 15મી આવૃત્તિનું સમાપન થઈ ગયું છે. કેબીસીની 15મી સીઝનનો આખરી એપિસોડ ગઈ 29 ડિસેમ્બરે થયો. સૂત્ર-સંચાલક અમિતાભ શોમાંથી વિદાય લેવાની જાહેરાત કરતાં ભાવૂક થઈ ગયા હતા.

એમણે કહ્યું હતું, ‘દેવી અને સજ્જનો... હવે હું જાઉં છું. આવતીકાલથી આ મંચ શણગાર સજશે નહીં. હું અમિતાભ બચ્ચન આ સીઝન માટે, આ મંચ પરથી આખરી વાર કહું છું - શુભ રાત્રી.’ અને એ બોલીને એમની આંખોમાં આંસુ આવી ગયા હતા.

અમિતાભ સંચાલિત ‘કૌન બનેગા કરોડપતિ’ શો ટીવી દર્શકોમાં ખૂબ જ લોકપ્રિય થયો છે. આ શોમાં સ્પર્ધકોને એમની બુદ્ધિપ્રતિભાના જોરે લાખો-કરોડો રૂપિયા ઈનામમાં જીતવાની તક મળતી હતી. કેબીસી-15 શો 2023ની 15 એપ્રિલથી શરૂ થયો હતો. 29 ડિસેમ્બરે એનો આખરી શો પ્રસારિત કરાયો હતો. ‘કૌન બનેગા કરોડપતિ’ શોનો આરંભ 2000ની સાલમાં થયો હતો. અમિતાભ ત્યારથી એનું સંચાલન કરતા આવ્યા છે. માત્ર એક જ વાર, 2007ના વર્ષમાં શાહરૂખ ખાને તે શોનું સંચાલન કર્યું હતું.



# થલાપતિ વિજય આગામી ફિલ્મમાં ડબલ રોલ નિભાવતો જોવા મળશે



થલાપતિ વિજય આગામી ફિલ્મમાં બેવડી ભૂમિકામાં જોવા મળવાનો છે. તેની આ ફિલ્મનું પ્રથમ લુક રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં બે થલાપતિ વિજય જોવા મળે છે.

રિપોર્ટસના અનુસાર, આ ફિલ્મ ટાઈમ ટ્રાવેલ પર આધારિત હોવાનું કહેવાય છે. જેમાં થલાપતિ વિજયનો એક રોલ ૧૯ વરસના યુવકનો અને બીજો વૃધ્યનો છે. ગયા વરસે થલાપતિ વિજય પોતાની બોડીના ૩ડી સ્કૈન માટે લોસ એન્જલસ પણ ગયો હતો.

અત્યાર સુધી આ ફિલ્મ થલાપતિ ૬૮ તરીકે ઓળખાતી હતી. હવે ફિલ્મસર્જકે આ ફિલ્મનું શિર્ષક ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમની ઘોષણા કરી છે. સાથેસાથે ફિલ્મનું ફર્સ્ટ લુક પણ જાહેર કર્યું છે. જેમાં બે થલાપતિ વિજય જોવા મળે છે. બન્ને થલાપતિ વિજય વરદીમાં છે. જેમાં એક લુકમાં તે વૃદ્ધ અને બીજામાં યુવાન લુક જોવા મળે છે.

ધ ગ્રેસ્ટસ્ટ ઓફ આલ ટાઈમ ફિલ્મનું દિગ્દર્શન વેંકટ પ્રભુનું છે. તેની થલાપતિ વિજય સાથે પ્રથમ ફિલ્મ છે.

**આરબ અમીરાતના પ્રિન્સ બનશે મોંઘેરા મહેમાન, PM મોદી તેમની સાથે કરશે રોડ શો**



### રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમના કરશે દર્શન

# અમદાવાદના આંગણે મહાનુભાવનું આગમન થશે, યોજાશે ભવ્ય રોડ શો

ગુજરાત | વંદન

અમદાવાદના આંગણે વધુ એક મહાનુભાવનું આગમન થઈ રહ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જીન પિંગ અને અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મહેમાનગતિ માણી ગયા છે. હવે વધુ એક દેશના રાષ્ટ્રપતિ અમદાવાદમાં આગમન થવાનું છે જેના પગલે કહી શકાય કે જેમ ટ્રમ્પ વખતે નમસ્તે ટ્રમ્પ યોજાયુ એમ આવાજ એક ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ થઈ રહી છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી UAEના પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે રોડ શો કરશે. UAEના રાષ્ટ્રપતિ વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા ભારતની મુલાકાતે છે. તેઓ 9 જાન્યુઆરીએ ગુજરાતના અમદાવાદ પહોંચશે. પીએમ મોદીના UAEના રાષ્ટ્રપતિ સાથે ઘણા સારા સંબંધો છે. UAE ના રાષ્ટ્રપતિ MBZ તરીકે ઓળખાય છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10 જાન્યુઆરીથી શરૂ થનારી ત્રણ દિવસીય વાઈબ્રન્ટ સમિટ માટે ગુજરાત સરકાર દ્વારા અભૂતપૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે.

પીએમ નરેન્દ્ર મોદી UAEના રાષ્ટ્રપતિ સાથે અમદાવાદ એરપોર્ટથી સાબરમતી આશ્રમ સુધી રોડ શો કરશે. વડાપ્રધાન પણ 9 જાન્યુઆરીએ અમદાવાદ આવવાના છે. UAE રાષ્ટ્રપતિને આવકારવાની સાથે સાથે વડાપ્રધાન મોદી તેમને રોડ શો દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સાબરમતી આશ્રમ લઈ જશે. UAEના પ્રમુખ પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન તે રાજ્યના વડાઓમાં સામેલ છે. જેઓ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લઈ રહ્યા છે. આ સમિટ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10 થી 12 જાન્યુઆરી સુધી ચાલશે. ગુજરાત સરકારના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ રોડ શો સાબરમતી આશ્રમ ખાતે પૂર્ણ થશે. UAEના રાષ્ટ્રપતિને માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ આવકારશે.

ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2003માં શરૂ કર્યો હતો. PMએ સમિટના 20 વર્ષ પૂરા થવા પર સમિટ ઑફ સક્સેસ પ્રોગ્રામમાં ભાગ

...અનુસંધાન પેજ નં. 6 પર

## એક અનોખું પોલીસ સ્ટેશન, જ્યાં છે લાઇબ્રેરી અને ચિલ્ડ્રન રૂમ..!!!



■ નાગરિકોની સેવા અને સુરક્ષામાં મદદરૂપ બનતા પોલીસ સ્ટેશનોમાં વધુ એક પોલીસ સ્ટેશનનો ઉમેરો

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ દ્વારા નિર્મિત શહેરકોટડા પોલીસ સ્ટેશન તેમજ શહેરકોટડા પોલીસ સ્ટેશનના અદ્યતન બિલ્ડિંગનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ પોલીસ સ્ટેશનના લોકાર્પણ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કહ્યું કે, અમદાવાદ શહેરના નાગરિકોની સેવા અને સુરક્ષામાં મદદરૂપ બનતા શહેરના પોલીસ સ્ટેશનોમાં વધુ એક શહેરકોટડા પોલીસ સ્ટેશનનો ઉમેરો થયો છે. સરસપુર વિસ્તારમાં આવેલું આ શહેરકોટડા પોલીસ સ્ટેશન અદ્યતન સુવિધાઓથી સજ્જ છે.

તેમણે વધુમાં કહ્યું કે, આ પોલીસ સ્ટેશનની જરૂરિયાત એટલા માટે પણ વધી જાય છે કે જ્યારે ભગવાન જગન્નાથની રથયાત્રા દરમિયાન ભગવાનના રથ ત્રણથી ચાર-કલાક કોઈ વિસ્તારમાં રહેતા હોય તો એ સરસપુરનો વિસ્તાર છે ત્યારે આ વિસ્તારમાં પોલીસ સ્ટેશનની ઘણા સમયથી માગ હતી એ માગને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પૂર્ણ કરી છે અને આ વિસ્તારના નાગરિકોની સેવા અને સુરક્ષા માટે શહેરકોટડા પોલીસ સ્ટેશનના રૂપમાં એક ભેટ આપી છે.

આ પોલીસ સ્ટેશનને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. આ પોલીસ સ્ટેશનમાં લાઈબ્રેરી, ચિલ્ડ્રન રૂમ, વેઈટિંગ રૂમ તેમજ એક કોમન હોલની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી કરીને પોલીસના જવાનો તેમજ રથયાત્રા દરમિયાન ડ્યુટી ઉપર ફરજ બજાવતા જવાનોને અહી વિશ્રામ કરી શકે. આમ, તમામ પ્રકારની વ્યવસ્થા આ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે.

આ અવસરે પોલીસના જવાનોને સંબોધતા ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જ્યારે કોઈપણ પોલીસ સ્ટેશનમાં એક વડીલ પોલીસની મદદ લેવા આવે ત્યારે જો એ વડીલને બેસાડીને ફક્ત એક પાણીનો ગ્લાસ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવે તોપણ એ વડીલને ઘણી હૂંફ મળી રહે છે અને પોલીસ પ્રત્યેનો દૃષ્ટિકોણ પણ બદલાઈ જતો હોય છે. એટલું જ નહિ પોલીસના જવાનોએ સામાન્ય નાગરિક સાથે કેવી રીતે સંબંધો કેળવવા અને હ્યુમન ઈન્ટેલિજન્સનો કેવી રીતે ઉપયોગ કરવો, તેનું માર્ગદર્શન પણ પોતાના ઉપરી અધિકારીઓ પાસેથી સતત મેળવવું જોઈએ.

## ગેરકાયદે દબાણ દુર કરનાર કોર્પોરેશન પોલીસનું દબાણ દૂર કરવામાં નિષ્ફળ : વિપક્ષનો આરોપ

■ પોલીસ સ્ટેશન દુર ન કરાતા હવે ૧૧૮૦ આવાસ હંસપુરા ખાતે બનાવાશે




ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિકોલમાં આર્થિક નબળા વર્ગના લાભાર્થીઓ માટે ૧૧૮૦ આવાસ બનાવવા મ્યુનિ.તંત્રે મંજુરી આપી હતી.આ પ્લોટમાં પોલીસ સ્ટેશન બનાવાયેલુ છે.પોલીસ સ્ટેશન દુર ના કરતા અંતે નિકોલમાં બનાવવાના ૧૧૮૦ આવાસ હંસપુરા ખાતે બનાવવા સ્ટેન્ડિંગ કમિટિએ દરખાસ્ત મંજુર કરી છે.શહેરમાં ગેરકાયદે દબાણ દુર કરતુ મ્યુનિસિપલ તંત્ર પોલીસ પાસેથી પ્લોટનો કબજો લઈ ના શકયુ હોવાનો વિપક્ષે આક્ષેપ કર્યો છે.

પૂર્વઝોનના નિકોલ વોર્ડમાં ટી.પી. સ્કીમ નંબર-૧૧૯ના ફાયનલ પ્લોટ નંબર-૧૭૦માં નિકોલ પોલીસ સ્ટેશનવાળા પ્લોટમાં ૧૩ ઓકટોબર-૨૦૨૨ના સ્ટેન્ડિંગ કમિટી ઠરાવથી આર્થિક નબળા વર્ગના લાભાર્થીઓ માટે ૧૧૮૦ આવાસ બનાવવા કોન્ટ્રાકટર ભાવના પ્રોપર્ટી ડેવલપર્સને ૧૬ ડિસેમ્બર-૨૦૨૨થી વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો.પરંતુ આ પ્લોટમાં નિકોલ પોલીસ સ્ટેશન હોવાથી પાર્ટભાગનુ પઝેશન ના મળવાથી આવાસ બનાવવાનુ આયોજન ખોરંભે પડયુ હતુ.દરખાસ્ત મુજબ, મ્યુનિસિપલ કમિશનરે ૨૪ નવેમ્બર-૨૦૨૩ની રિવ્યુ મિટીંગમાં અન્ય પ્લોટમાં આવાસ યોજના હેઠળના આવાસ બનાવવા સુચના આપી હતી.વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે,શહેરમાં ગેરકાયદે દબાણ દુર કરતુ મ્યુનિસિપલ તંત્ર પોલીસ પાસેથી પ્લોટનો કબજો લેવામાં નિષ્ફળ નિવડયુ હોવાનો આક્ષેપ કર્યો છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને પોલીસ વિભાગ લોકોની સલામતી અને સુરક્ષાને લગતી ફરજ બજાવે છે.તેમને અન્યત્ર વિકલ્પ ના મળતા મ્યુનિ.તંત્રે આ આવાસ

...અનુસંધાન પેજ નં. 6 પર

### એરપોર્ટ પર એક દિવસમાં 400 ફ્લાઈટોની અવરજવરનો પણ રેકોર્ડ નોંધાશે

# અમદાવાદ એરપોર્ટ પર VIPઓના 150થી વધુ જેટનું આગમન થશે

■ ડોમેસ્ટિક પેસેન્જરોને 3 કલાક પહેલા પહોંચવા સૂચના અપાઈ



ગુજરાત | વંદન

ગાંધીનગરમાં 10-12 જાન્યુઆરી દરમિયાન યોજાનારી 'ગેટવે ટુ ધ ફ્યુચર' થીમ પર 10મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ચાર દેશના રાષ્ટ્ર પ્રમુખ, 18 દેશના ગવર્નર-મંત્રીઓ 14 દેશના 1 લાખ પ્રતિનિધીઓ હાજરી આપશે. પીએમ મોદી 10મી જાન્યુઆરીએ ગાંધીનગરમાં કાર્યક્રમને ખુલ્લો મુકશે. અમદાવાદ એરપોર્ટ પર દેશ વિદેશના ઉદ્યોગપતિઓ સહિતના વીવીઆઈપી મહાનુભવો લકઝુરિયઝ જેટ વિમાનો લઈને આવશે.

ત્રણ દિવસ દરમિયાન અમદાવાદ એરપોર્ટ પર દેશ વિદેશના 150થી વધુ ચાર્ટર્ડ ફ્લાઈટોની અવરજવરથી વ્યસ્ત રહેશે. હાલમાં ચાર્ટર્ડ વિમાનોના પાર્કિંગ માટે ઈન્કવાયરીઓ પણ શરૂ થઈ ગઈ છે. હાલમાં ચેક રિપબ્લિકના વડા પ્રધાન પેટર ફિયાલા સાથે 33 લોકોનું ડેલિગેશન તેમના એરફોર્સના વિમાનમાં નવમીએ બપોરે 4.00 વાગે આવી પહોંચશે. જ્યારે સાઉદી અરેબિયાના રોકાણ મંત્રી ખાલિદ એ. અલ-ફલિહ 10મીએ સવારે 9.35 કલાકે આવી પહોંચશે. જ્યારે પૂણેની ઈમર્સન કંપનીના સીઈઓ સુરેન્દ્ર લાલ કરસનભાઈ સહિત ચાર પ્રતિનિધીઓ આવશે. સમિટને લઈ એરપોર્ટ પર એક દિવસમાં શેડયુલ-નોન શેડયુલની 400 ફ્લાઈટોની અવરજવરનો પણ રેકોર્ડ નોંધાશે.

વાયબ્રન્ટના ત્રણ દિવસ દરમિયાન એરપોર્ટ પર વીઆઈપીઓનો ધમધમાટ રહેશે. રિલાયન્સ, અદાણી, મહિન્દ્રા , એમઆરએફ, એલ એન્ડ ટી સહિતના ટોચના ઉદ્યોગપતિઓ હાજર રહેશે. ડોમેસ્ટિક ફ્લાઈટોની સાથે ચાર્ટર્ડ વિમાનોની આવનજાવનથી એર ટ્રાફિક સર્જાશે, ઘણાય મહાનુભાવોને એરપોર્ટ પર ઉતારી નજીકના એરપોર્ટ પર લઈ જવાશે. લેવા મુકવા આવતા ચાર્ટર્ડ વિમાનો માટે એક કલાકનો સમય આપવામાં આવશે.

જે દેશો ભાગીદાર તરીકે જોડાવા માટે સંમત થયા છે. તેમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ચેક રિપબ્લિક, ઈજિપ્ત, એસ્ટોનિયા, ફિનલેન્ડ, જર્મની, ઈન્ડોનેશિયા, જાપાન, કેન્યા, મલેશિયા, માલ્ટા, મોરોક્કો, મોઝામ્બિક, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, પોલેન્ડ, કોરિયા રિપબ્લિક, રવાન્ડા, સિંગાપોર, તાંઝાનિયા, થાઈલેન્ડ, યુએઈ, યુનાઈટેડ કિંગડમ, ઉરુગ્વે, ઘાના અને વિયેતનામનો સમાવેશ થાય છે. આ દેશોના પ્રતિનિધિઓ ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં મુંબઈ, દિલ્હી થઈને ડોમેસ્ટિક ફ્લાઈટમાં અમદાવાદ આવશે. દેશની જુદી જુદી કંપનીઓના પ્રતિનિધીઓ ડોમેસ્ટિક ફ્લાઈટોમાં આવશે.

એરપોર્ટ પર 43 વિમાનોના પાર્કિંગની વ્યવસ્થા ઉપલબ્ધ છે. ત્રણ દિવસ ડોમેસ્ટિક ફ્લાઈટોની સાથે ચાર્ટર્ડની મુવમેન્ટથી

...અનુસંધાન પેજ નં. 6 પર

## ભાજપના અસંતુષ્ટ ધારાસભ્ય કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતા

■ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સાથે મુલાકાત



ગુજરાત | વંદન

શક્તિસિંહ ગોહિલ સાથેની મુલાકાત બાદ ભાજપના પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે કહ્યુ કે હું ભાજપ કે કોંગ્રેસ સાથે નહીં જોડાઉ. લોકસભા ચૂંટણી લડવાને લઈને પણ તેમણે નિવેદન આપ્યુ કે હાલના સાંસદને ટિકિટ આપશે તો ચોક્કસ લડીશ સૂત્રોએ જણાવ્યું કે મધુ શ્રીવાસ્ત ચુટણીઓ જાહેર થતાં કોંગ્રસ માં જોડાઈ જાય તેવી શક્યતા છે.

વડોદરાના વાઘોડિયાથી પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંગ ગોહિલ સાથે મુલાકાત કરી હતી. તે બંને વચ્ચે અડધી કલાક સુધી મિટીંગ ચાલી હતી. જો કે આ મુલાકાતને લઈને ભાજપમાંથી રાજીનામુ આપી ચુકેલા મધુ શ્રીવાસ્તવ કોંગ્રેસમાં જોડાય તેવી અટકળો તેજ થઈ છે. જો કે મુલાકાત બાદ મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે હું અને શક્તિસિંહ જૂના મિત્રો છીએ. કોંગ્રેસમાં જોડાવાની અટકળો પર મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે હું કોંગ્રેસ કે ભાજપમાં નહીં જોડાઉ

લોકસભા ચૂંટણી માટે ટિકિટ મળશે તો લડશે તે સવાલના જવાબમાં મધુ શ્રીવાસ્તવે જણાવ્યુ કે હાલના જે સાંસદ છે તેમને ટિકિટ મળશે તો ચોક્કસથી તેમના વિરુદ્ધમાં પ્રચાર કરીશ. જો કે તેમણે ચૂંટણી લડવા અંગે કોઈ સ્પષ્ટતા ન કરી અને જણાવ્યુ કે હું ચૂંટણી લડુ કે નહીં તે આગામી સમયમાં ખબર પડશે.

## ગુજરાતમાં પણ હવે ₹450માં મળશે રાંધણ ગેસનો બાટલો

■ BPL કાર્ડ ધારકો અને ઉજ્જવલાના લાભાર્થીઓને મળશે ફાયદો



ગુજરાત | વંદન

નવા વર્ષ પહેલા ગેસ સિલિન્ડરને લઈને સારા સમાચાર આવ્યા છે. તાજેતરમાં જ રાજસ્થાન સરકારે ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરીને રાજ્યના નાગરિકોને મોટી ભેટ આપી હતી. ત્યારે હવે ગુજરાત પણ રાજસ્થાનના પગલે ચાલશે. ગુજરાતમાં પણ 450 રૂપિયામાં ગેસનું સિલિન્ડર મળશે. આ અંગે બજેટમાં જાહેરાત થાય તેવી શક્યતા છે. બીપીએલ કાર્ડ ધારકો અને ઉજ્જવલાના લાભાર્થીઓને તેનો ફાયદો મળશે.

ગુજરાતના નાગરિકો માટે નવા વર્ષ મોટા ખુશખબર આવી રહ્યાં છે. ગુજરાતના બીપીએલ રેશન કાર્ડધારકોને 450 રૂપિયામાં ગેસ સિલિન્ડર મળતુ થઈ જશે. આગામી ફેબ્રુઆરી મહિનામા રજૂ થઈ રહેલા બજેટમાં આ જાહેરાત કરી દેવાશે. હાલ ગુજરાતમાં રાંધણ ગેસનો બોટલ 925 રૂપિયાની આસપાસ મળી રહ્યો છે.

જો ગુજરાતમાં 450 રૂપિયાના ભાવે ગેસ સિલિન્ડર મળશે તો મોંઘવારીમાં મોટી રાહત થશે. હાલ નાગરિકો ચારેતરફથી મોંઘવારીમાં ભીંસાઈ રહ્યાં છે. ગુજરાત સરકારે અનેકવાર ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડવાના વાયદા આપ્યા છે, પરંતુ જનતાને તેની કોઈ રાહત મળતી નથી. મોંઘવારીથી ગુજરાતની જનતા ત્રસ્ત થઈ ગઈ છે. આ મામલે વિપક્ષો પણ સરકારની ટીકા કરી રહ્યાં છે. ત્યારે આગામી સંભવત બજેટમાં નાણામંત્રી ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડાની મોટી જાહેરાત કરે તેવી શક્યતા છે. આ જાહેરાતથી ગુજરાતના 35 લાખથી વધુ પરિવારોને મોટી રાહત મળશે. આવા પરિવારોના ખાતામાં ગેસ સબસીડી સીધી જમા થઈ શકશે. દર મહિને તેઓને 450 રૂપિયામાં એક ગેસ સિલિન્ડર મળશે.

450 રૂપિયામાં સિલિન્ડર વેચવાને કારણે રાજ્ય સરકાર પર 626 કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. નોંધનીય છે કે અગાઉની અશોક ગેહલોત સરકારે એપ્રિલ 2023માં ઉજ્જવલા યોજના હેઠળ 500 રૂપિયામાં ગેસ સિલિન્ડર આપવાનું શરૂ કર્યું હતું.

રાજસ્થાન સરકારે લોકોને મોટી રાહત આપી છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ ઉજ્જવલા-બીપીએલ ગેસ કનેક્શન ધારકોને માત્ર 450 રૂપિયામાં રસોઈ ગેસ સિલિન્ડર આપવાની જાહેરાત કરી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ કહ્યુ કે 1 જાન્યુઆરીથી ગેસ સિલિન્ડર સસ્તો થઈ જશે. તેમણે કહ્યું કે મહિલાઓને

...અનુસંધાન પેજ નં. 6 પર

## આંગડિયા પેઢીમાં ધોળા દિવસે બંદૂકની અણીએ 88 લાખની લૂંટ

■ લૂંટની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ



ગુજરાત | વંદન

મહિધરપુરા વિસ્તારમાં આવેલી આંગડિયા પેઢીમાંથી લાખોની કિંમતના હીરા લઈ નીકળેલા વેપારીને મોપેડ પર આવેલા બે શખ્સોએ બંદૂકની નોક પર બંધક બનાવી રૂપિયા 88 લાખની લૂંટ ચલાવી બે લૂંટારુઓ ફરાર થઈ જતા સુરત પોલીસ દોડતી થઈ છે. સુરતના મહિધરપુરા વિસ્તારમાં ધોળા દિવસે બનેલી લાખોની લૂંટની ઘટનાના પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઊભા થયા છે.

ઘટના બનતાની સાથે સુરત ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એસઓજી અને મહિધરપુરા પોલીસ દ્વારા ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરવામાં આવી છે. જોકે લૂંટની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં લૂંટારૂઓનું પગેરું મેળવવાની દિશામાં પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી છે.

સુરતના મહિધરપુરા પોલીસ મથકના સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર, મહિધરપુરા ભવાની વડ

...અનુસંધાન પેજ નં. 6 પર

## પીજી મેડિકલ માટે નવા નિયમો જાહેર, દેશભરમાં હવે એક સમાન સ્ટાઇપેન્ડ

ગુજરાત | વંદન



નેશનલ મેડિકલ કમિશન (એનએમસી)એ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન રેગ્યુલેશન્સ-2023 જાહેર કર્યું છે, જે અનુસાર તમામ વિદ્યાર્થીઓને એક સમાન સ્ટાઈપેન્ડ અપાશે. અગાઉ અલગ અલગ રાજ્યોમાં કોલેજોમાં વિદ્યાર્થીઓના સ્ટાઈપેન્ડમાં અલગ અલગ નિયમો હતા. ઉપરાંત આ રેગ્યુલેશન્સ અંતર્ગત વિદ્યાર્થીઓને બેઝિક કાર્ડિએક લાઈફ સપોર્ટ અને એડવાન્સ કાર્ડિએક સપોર્ટની સ્કિલ પણ શીખવાની રહેશે. આ બંને સર્ટિફિકેટ કોર્સ વિના વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. વિદ્યાર્થીઓને હોસ્ટેલની

...અનુસંધાન પેજ નં. 6 પર

## સવા કરોડના ખર્ચે શહેરના બ્રિજ, રસ્તા, ઈમારતો રોશનીથી ઝળહળતા જોવા મળશે

■ જી.એમ.ડી.સી.ખાતે બુકફેર ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાશે

ગુજરાત | વંદન



૬ જાન્યુઆરીથી ૨૬ જાન્યુઆરી-૨૩ સુધી અમદાવાદના તમામ બ્રિજ,રસ્તા અને ઈમારતો રોશનીથી ઝળહળતા જોવા મળશે.૬ જાન્યુઆરીથી અમદાવાદ બુકફેરનો આરંભ થશે.૯ જાન્યુઆરીએ વડાપ્રધાનનો રોડ શો યોજાવાનો હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્ર તરફથી તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામા આવી રહયો છે. ૨૬ જાન્યુઆરી સુધી અમદાવાદને ઝળહળતુ રાખવા પાછળ મ્યુનિ.તંત્ર તરફથી રુપિયા ૧.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

જી.એમ.ડી.સી.ખાતે નવમા બુકફેરને રાજયના મુખ્યમંત્રીએ સવારે ૯ કલાકે ખુલ્લો મૂક્યો હતો. બપોરના ૧૨થી રાત્રિના ૧૦ કલાક સુધી આ બુકફેરમાં કોઈપણ વ્યકિત વિનામૂલ્યે પ્રવેશ મેળવી શકશે.આ

...અનુસંધાન પેજ નં. 6 પર

# શહેરીજનોને રખડતાં ઢોરમાંથી માંડ રાહત મળી ત્યાં હવે કૂતરાઓનો ત્રાસ

■ ડિસેમ્બર-૨૦૨૩માં ૧૦૫ ફરિયાદ નોંધાઈ

ગુજરાત | વંદન

શહેરીજનોને રોજબરોજના જીવનમાં કનડતી સમસ્યાઓમાં ટ્રાફિક, બિસમાર રોડ, રખડતાં ઢોર આ ત્રણ મુખ્ય બાબતનો સમાવેશ થાય છે, જે પૈકી અમદાવાદીઓ કમસે કમ રખડતાં ઢોરની રંજાડના મામલે હવે મહદ્અંશે હાશકારો અનુભવી રહ્યા છે, કેમ કે મ્યુનિસિપલ તંત્રને માત્ર ચાર મહિનામાં રખડતાં ઢોરના ત્રાસથી નાગરિકોને રાહત અપાવવાના મામલે સફળતા સાંપડી છે. પરંતુ હજુ રખડતાં કૂતરાનો ત્રાસ ઘટ્યો નથી.

એક સમય એવો હતો કે અમદાવાદમાં ઠેર ઠેર રખડતાં ઢોર જોવા મળતાં હતાં. શહેરના રોડ કહો, ફૂટપાથ કહો, ડિવાઈડર કહો, સર્કલ હોય કે શાકમાર્કેટ કે પછી કચરાના ન્યૂસન્સ સ્પોટ એમ અત્ર-તત્ર-સર્વત્ર રખડતાં ઢોરના ટોળાં જોવા મળતાં હતાં. ચોમાસાના દિવસોમાં તો ઠેર ઠેર રખડતાં ઢોરના જામેલા અડ્ડાથી એએમટીએસ કે બીઆરટીએસ બસ હંકારવાનું પણ મુશ્કેલીજનક બનતું હતું. બીઆરટીએસ કોરિડોરમાં રખડતાં ઢોર ઘુસી જતાં હતા.

આ બધાં કારણોસર ખાસ કરીને ટુ વ્હીલરચાલકો, વૃદ્ધો અને ગૃહિણીઓ વારંવાર આફતમાં મુકાતાં હતાં. અવારનવાર રખડતાં ઢોરની અડફેટે આવીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાના કિસ્સા પણ નોંધાતા હતા. અમુક સમયે તો કરુણ મૃત્યુ પણ નીપજતાં હતાં.



ગત તા.૧ સપ્ટેમ્બર, ૨૦૨૩થી મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસને શહેરમાં નવી પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલિસીની કડકાઈથી અમલવારી શરૂ કરાવી છે. આ અમલવારીના કારણે તંત્રે રખડતાં ઢોરને ઝબ્બે કરી તેને ઢોરવાડાના હવાલે કરવાની કામગીરીને સૌથી વધુ મહત્વ આપ્યું છે.

મ્યુનિસિપલ ઢોર ત્રાસ અંકુશ વિભાગમાં અન્ય વિભાગના સ્ટાફની ફાળવણી કરીને પણ શહેરને ઢોર રંજાડમુક્ત બનાવાઈ રહ્યું છે, જેમાં મ્યુનિસિપલ સત્તાવાળાઓને આંખે ઉડીને વળગે તેવી સફળતા સાંપડી છે.

## 2023માં ગુમ થયેલા 126 બાળકોનું પરિવાર સાથે પોલીસે કરાવ્યું સુખદ મિલન

■ પાંડેસરા વિસ્તારમાંથી ગુમ થયેલા 0 થી 17 વર્ષના 126 બાળકોને પોલીસે શોધી કાઢ્યા




ગુજરાત | વંદન

સુરતમાં પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઔધોગિક એકમો આવેલા છે જ્યાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા તેમજ અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે લોકો આવી વસવાટ કરતા હોય છે. ઘણા પરિવારમાં માતા-પિતા બંને કામ પર જતા હોય છે..

શહેરમાં પાંડેસરા પોલીસની સરાહનીય કામગીરી સામે આવી છે. પાંડેસરા પોલીસ મથક વિસ્તારમાંથી વર્ષ દરમ્યાન ગુમ થયેલા 0 થી 17 વર્ષના કુલ્લે 126 બાળકોને પોલીસે શોધી કાઢ્યા છે. બાળકો ગુમ થવાની ફરિયાદ મળતા જ પોલીસ દ્વારા તવરીત પગલા લેવામાં આવે છે અને પોલીસની અલગ અલગ ટીમો બાળકોને શોધવા માટે કામે લાગી જાય છે, ત્યારે વર્ષ 2023માં પાંડેસરા પોલીસ દ્વારા ગુમ થયેલા 126 બાળકોને શોધી તેઓનું મિલન પરિવાર સાથે કરાવ્યું છે.

સુરતમાં પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઔધોગિક એકમો આવેલા છે જ્યાં ઉત્તર

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009